RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 140 Dt. 13-12-2025 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# સાંઢવાયામાં ૬૦ ગૌ-માતાના મોત

## ૯૦ ગાય સારવાર હેઠળ, વેટરનરી તબીબોની પ્રાર્થના કે ગાયમાતા બચી જાય પણ મોટાભાગની ગાયની ગંભીર ગણાવાતી હાલત

રાજકોટ, તા.૧૨

કોટડા સાંગાણીના સાંઢવાયા ગામે એક અત્યંત કરુણાજનક ઘટના બહાર આવી છે. ગામની ગૌશાળામાં ૬૦ ગાયોના ટપોટપ મોત થવા લાગતા જીવદયા પ્રેમીઓમાં અરેરાટી જન્મી છે. તો બીજીબાજુ પશુપાલન-વેટરનરી તબીબોને ઘટનાની જાણ થતા જ કોટડા સાંગાણી તાલુકાના લાગતા વળગતા વળગતા વેટરનરી તબીબોનો કાફલો સાંઢવાયા ગામે પહોંચી ગયો છે. તમામ ગાયને જરૂરી દવા, ઈન્જેક્શન આપીને હાલત સુધારવા તનતોડ પ્રયાસ થતા હોવાનું વેટરનરી તબીબોએ ''રાજકોટ મિરર''સાથેની વાતચીત દરમિયાન જણાવ્યું હતું. પશુ ચિકિત્સકોની પ્રાથમિક તપાસમાં વિગતો બહાર આવી છે કે ગુરુવારે ગૌશાળાની તમામ ગાયને ખોળ ખવડાવવામાં આવ્યા બાદ ફૂડ પોઈઝનિંગથી આવી કરુણાન્તિકા સર્જાય હોવાનું વેટરનરી તબીબોનું કહેવું છે.

પ્રાપ્ત વિગતો મુજબ કોટડા સાંગાણીના સાંઢવાયા ગામે ગૌશાળામાં અઢીસો જેટલી ગાયનો રોજિંદો નિભાવ થઈ રહ્યો છે અહીં સેવા ભાવીઓ અને ગૌશાળા ના સંચાલકો દ્વારા ગઈકાલે ગૌશાળાની તમામ ગાયને ખોળ ખવડાવવામાં આવ્યો હતો દરમિયાન આજે સવારથી જ અનેક ગાય તરફડિયા મારવા લાગતા અને આ બારાને કોટડા સાંગાણી તાલુકા કક્ષાએ લાગતા વળગતા વેટરનીટી ડોક્ટરોને જાણ કરવામાં આવતા ૨૦



જેટલા તબીબોને ટીમ સાંઢવાયા ગામે દોડી ગઈ હતી જાણકારોનું કહેવું છે કે તબીબોને ટીમ ગૌશાળામાં પહોંચી ત્યાં સુધીમાં અઢીસો ગાયમાંથી દોઢસો જેટલી ગાયને ફૂડ પોલીસનીંગની અસર જોવા મળી હતી અને તેમાંથી ૬૦ ગાયના ટપોટપ મોત થયા હતા. તમામ મૃત ગાયોના પોસ્ટમોર્ટમ કરાયા ઉપરાંત ખવડાવવામાં આવેલ ખોલ તેમજ ખાધેલા ખોળના સેમ્પલ લઈને લેબોરેટરી તેમજ એફએસએલને મોકલી દેવાયા છે.

વેટરનરી તબીબોએ એવી પણ કરુણ વાત વ્યક્ત કરી હતી કે સામાન્ય રીતે માણસને જયારે ફૂડ પોઈઝનીંગ થાય ત્યારે ઉલટી કરાવીને ઝેરી દવા વ્યક્તિના શરીરમાંથી સારવાર દરમિયાન તબીબો બહાર કાઢી લેતા હોય છે પણ આતો પશુ છે, એટલે તે પ્રક્રિયા અશક્ય છે. એટલુજ નહિ હાલ જે ગાયોની સ્થિતિ ગંભીર ગણાવાઈ રહી છે તેવી ગાયોને જીવાડવાની અથાગ કોશિષ કરવામાં આવી રહી છે. હવે તો ઈશ્વર જ ગાયમાતાને બચાવી શકે તેવો વસવસો વ્યક્ત કર્યો હતો. આ બાબતે એટલેકે ગાયોના ટપોટપ મોત પાછળ જે પણ કારણ હોય પણ સાંઢવાયા ગામની ગૌશાળામાં એકસાથે ૬૦જેટલી ગાયના મોત થતા સમગ્ર તાલુકા પંથકના ગૌ ભક્તો અને જીવદયાપ્રેમીમાં અરેરાટી ફેલાઈ છે.

અત્રે એ પણ નોંધનીય છે કે તબીબોનું કહેવું છે કે હાલ ખોળના તેમજ પીએમ દરમિયાન મૃત ગાયના જરૂરી સેમ્પલ લઈને પ્રુથકરણ માટેની વિધિ ચાલી રહી છે. ગાયને અપાયેલા ખોળમાં કોઈ એવું ઝેરી તત્વ છે કે બીજું કોઈ કારણ છે ? તે માટે તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. ગૌશાળાના સંચાલકોએ કેટલા સમય પહેલા ખોળ લીધો હતો ? કે કોઈ સેવાભાવીઓ કેટલા સમય પહેલા ગૌશાળાને ખોળનું દાન કરી ગયા હતા ? વગેરે મુદ્દે તપાસ શરૂ કરવામાં આવી છે. આ ઘટના માનવ પ્રેરિત છે કે અકસ્માત કે કુદરતી ઘટના છે ? તે અંગેના પાસા પણ તપાસવામાં આવી રહ્યા છે. હાલ સાંઢવાયા ગામની ગૌશાળાની ગાયના ટપોટપ મોતના મામલે સમગ્ર કોટડા સાંગાણી તાલુકા પંથક તેમજ રાજકોટ જિલ્લાના જીવદયા પ્રેમીઓમાં અરેરાટી સાથે ટોક ઓફ ધી રાજકોટ જિલ્લા બની ગયો છે. સાથોસાથે આ ઘટનામાં સત્ય બહાર લાવવાની પણ માગણી થઈ રહી છે.

### લોકસભામાં નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ હવાઈ ભાડા પર આપ્યું નિવેદન જરૂર લાગે ત્યારે પ્રાઈસ કેપ થઈ શકે

# હવાઈ ભાડામાં વર્ષ માટે અંકુશ લગાવવો અશક્ય

નવીદિલ્હી, તા. ૧૨

લોકસભામાં ખાનગી સભ્યના ઠરાવ દરમિયાન નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ હવાઈ ભાડા પર મહત્વપૂર્ણ નિવેદન આપ્યું. તેમણે જણાવ્યું હતું કે સરકાર આખા વર્ષ માટે હવાઈ ભાડા પર મર્યાદા લગાવી શકતી નથી. તહેવારોની મોસમ દરમિયાન માંગ વધે છે, જેના કારણે ભાડામાં વધારો થાય છે. ''અમે એરલાઈન્સને વ્યસ્ત તહેવારોની મોસમ દરમિયાન તેમની ક્ષમતા વધારવા માટે કહીએ છીએ,'' તેમણે કહ્યું. ''જ્યારે જરૂર પડે ત્યારે અમે ભાડા પર પણ મર્યાદા લગાવીએ છીએ. અમે મહા કુંભ મેળા, પુલવામા હુમલો અને ઈન્ડિગો કટોકટી દરમિયાન અમારી સત્તાનો ઉપયોગ કર્યો હતો.'' મંત્રી રામ મોહન નાયડુએ જણાવ્યું હતું કે ભાડા સે લેઝર યોજના હેઠળ, દેશભરના ૨૫ રૂટ પર હવાઈ ભાડા નિશ્ચિત છે અને તેમાં વધારો કરી શકાતો નથી. હકીકતમાં, શફી પરમ્બિલે ખાનગી સભ્યનું બિલ રજૂ કર્યું હતું. ચર્ચા પછી, મંત્રી રામ મોહન નાયડુએ જવાબ આપતા કહ્યું કે બિલ હવાઈ ભાડાને નિયંત્રિત કરવાનો પ્રયાસ કરે છે. જોકે, શફી પરમ્બિલે



તેને પાછું ખેંચી લીધું.

આ દરમિયાન, રાજયસભામાં શૂન્ય કલાક દરમિયાન, સભ્યોએ ઈન્ડિગો કટોકટીનો મુદ્દો ઉઠાવ્યો. આમ આદમી પાર્ટીના સાંસદ વિક્રમજીત સિંહ સાહનીએ જણાવ્યું હતું કે નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (DGCA) એ જાન્યુઆરીમાં ફ્લાઈટ સલામતી પર એક પરિપત્ર બહાર પાડ્યો હતો, જેમાં પાઈલટ નિયમોની રૂપરેખા આપવામાં આવી હતી. આ નિયમો આંતરરાષ્ટ્રીય સલામતી ધોરણો અનુસાર હતા. પહેલો તબક્કો જુલાઈમાં અમલમાં આવ્યો. બીજો તબક્કો તાજેતરમાં લાગુ કરવામાં આવ્યો, અને બધાએ તેના પરિણામો જોયા. ૬૫ ટકા હવાઈ ટ્રાફિક બે એરલાઈન્સ દ્વારા સંચાલિત થાય છે. આરોપો લગાવ્યા વિના, એ જોવું જોઈએ કે આ દરેકની જવાબદારી છે. જ્યારે બેંકો, પાવર પ્લાન્ટ્સ વગેરે ગડ્અ અથવા ગઈક્ઝનો સામનો કરે છે, ત્યારે સરકાર તેમનું પુનર્ગઠન કરે છે, પરંતુ એરલાઈન્સ સાથે આવું થયું નથી. એરલાઈન્સની સમસ્યાઓ ગમે તે હોય, જાહેર સલામતી સાથે ચેડા ન કરવા જોઈએ.

નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ લોકસભામાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે સરકાર વર્ષભર હવાઈ ભાડાને મર્યાદિત કરી શકતી નથી. તહેવારો દરમિયાન માંગ વધવાથી ભાડામાં વધારો થાય છે. જો કે, સરકાર ખાસ સંજોગોમાં ભાડાને મર્યાદિત કરે છે. તેમણે લોકસભામાં રજૂ કરાયેલા ખાનગી સભ્ય બિલ પર ચર્ચાના જવાબમાં આ ટિપ્પણીઓ કરી હતી.

# વીમા કંપનીઓમાં ૧૦૦% વિદેશી રોકાણને મંજૂરી

## વીમા ક્ષેત્રમાં વધુ મૂડી લાવવા, સ્પર્ધા વધારવા અને ગ્રાહક સેવાને મજબૂત બનાવવાનો લક્ષ્ય

નવીદિલ્હી, તા. ૧૨

શુક્રવારે કેન્દ્રીય મંત્રીમંડળે ૧૦૦% વિદેશી સીધા રોકાણ (FDI) ને મંજૂરી આપી, અથવા એમ કહી શકાય કે, વીમા કંપનીઓમાં સંપૂર્ણ વિદેશી માલિકીની મંજૂરી આપી, જે વીમા નિયમોમાં મોટો ફેરફાર છે. આ નિર્ણયનો હેતુ વીમા ક્ષેત્રમાં વધુ મૂડી લાવવા, સ્પર્ધા વધારવા અને ગ્રાહક સેવાને મજબૂત બનાવવાનો છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે FDI મંજૂરીથી વીમા ક્ષેત્રમાં નોંધપાત્ર ફેરફારો થઈ શકે છે. વીમા કાયદા (સુધારા) બિલ, ૨૦૨૫, સંસદના વર્તમાન શિયાળુ સત્રમાં રજૂ થવાની અપેક્ષા છે. તેને લોકસભાના બુલેટિનમાં ચર્ચા માટે સૂચિબદ્ધ કરવામાં આવ્યું છે. આ બિલ પહેલાં, નાણામંત્રી નિર્મલા સીતારમણે નાણાકીય ક્ષેત્રમાં વ્યાપક સુધારાના ભાગ રૂપે વિદેશી રોકાણ મર્યાદા ૭૪% થી વધારીને ૧૦૦% કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.

આજની તારીખમાં, ભારતના વીમા ઉદ્યોગને વિદેશી સીધા રોકાણમાં આશરે ₹૮૨,૦૦૦ કરોડ પ્રાપ્ત થયા છે. આ



નવા નિયમ સાથે, સરકાર વૈશ્વિક સ્તરે નવી મૂડી આકર્ષવાની આશા રાખે છે, જે કંપનીઓને વિસ્તરણ કરવા, નવા ઉત્પાદનો બનાવવા અને સારી સેવાઓ પ્રદાન કરવા માટે વધુ તકો પૂરી પાડશે. આદિત્ય બિરલા સન લાઈફ ઈન્શ્યોરન્સના એમડી અને સીઈઓ કમલેશ રાવના મતે, આ ક્ષેત્રને ૧૦૦% FDI માટે ખુલ્લું મૂકવું એ ચોક્કસપણે એક સ્વાગત અને પ્રગતિશીલ પગલું હશે. વિદેશી ભાગીદારીમાં વધારો કરવાથી નવી વિચારસરણી, વૈશ્વિક ઉત્પાદન નવીનતા, ડિજિટલ ક્ષમતાઓ અને નવા સેવા મોડેલો લાવી શકાય છે, જેનાથી છેલ્લા માઈલના ગ્રાહક અનુભવમાં સુધારો થઈ શકે છે.

નાણા મંત્રાલયે વીમા ક્ષેત્રને આધુનિક બનાવવા માટે ઘણા મુખ્ય ફેરફારો પ્રસ્તાવિત કર્યા છે. આમાં વિદેશી સીધા રોકાણ (FDI) મર્યાદાને ૧૦૦% સુધી વધારવી, નવી કંપનીઓને બજારમાં પ્રવેશવામાં મદદ કરવા માટે ચૂકવેલ મૂડીની આવશ્યકતાઓ ઘટાડવી અને એક વ્યાપક લાઈસન્સિંગ સિસ્ટમ બનાવવી શામેલ છે જેથી વીમા કંપનીઓ એક છત્ર હેઠળ બહુવિધ ઉત્પાદનો ઓફર કરી શકે. સરકાર LIC બોર્ડને વધુ કાર્યકારી સત્તાઓ આપવાની પણ યોજના ધરાવે છે, ખાસ કરીને નવી શાખાઓ ખોલવા અને સ્ટાફની ભરતી કરવા જેવા ક્ષેત્રોમાં. વધુમાં, ૧૯૩૮ ના વીમા કાયદા અને ૧૯૯૯ ના IRDAI કાયદામાં સુધારાનો વ્યાપક સુધારા પેકેજને ટેકો આપવા માટે પ્રસ્તાવિત કરવામાં આવ્યો છે. સરકાર જણાવે છે કે આ ફેરફારો પોલિસીધારકોને વધુ સારી સુરક્ષા પૂરી પાડવા અને બજારમાં વધુ કંપનીઓને આકર્ષવા માટે છે. આનાથી વધુ સારા ઉત્પાદનો, ઝડપી દાવાઓનું સમાધાન અને સુધારેલ ગ્રાહક સેવા સક્ષમ બનશે. સ્પર્ધામાં વધારો થવાથી રોજગારીમાં વધારો થવાની અને વીમા ક્ષેત્રમાં સુધારો થવાની અપેક્ષા છે.

### કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કરી જાહેરાત

# વસ્તી ગણતરી ડિજિટલ : ૧૧૦૦૦ કરોડની ફાળવણી

## ૨૦૨૭માં થશે જનગણના : બે તબક્કામાં થશે ગણતરી : એપ્રિલથી સપ્ટેમ્બર દરમિયાન ઘર ગણતરી

નવીદિલ્હી, તા. ૧૨

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે શુક્રવારે જાહેરાત કરી હતી કે ૨૦૨૭ ની વસ્તી ગણતરી બે તબક્કામાં હાથ ધરવામાં આવશે, જેમાં ઘર ગણતરી અને વસ્તી ગણતરીનો સમાવેશ થાય છે. વૈષ્ણવે સમજાવ્યું કે આ દેશની પ્રથમ ડિજિટલ વસ્તી ગણતરી હશે. ૨૦૨૭ ની વસ્તી ગણતરી પ્રથમ ડિજિટલ વસ્તી ગણતરી હશે. વસ્તી ગણતરીની ડિજિટલ ડિઝાઈન ડેટા સુરક્ષાને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરવામાં આવી છે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું, ''તે બે તબક્કામાં હાથ ધરવામાં આવશેઃ તબક્કો ૧ઃ એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન ઘર યાદી અને ઘર ગણતરી. તબક્કો ૨ઃ ફેબ્રુઆરી ૨૦૨૭ માં વસ્તી ગણતરી.''ડિજિટલ વસ્તી ગણતરી માટે સરકારે ૧૧,૦૦૦ કરોડ ખર્ચને મંજૂર કર્યો.

વસ્તી ગણતરી એ વિશ્વની સૌથી મોટી વહીવટી અને આંકડાકીય કવાયત છે. સરકારી નોંધ મુજબ, ભારતની વસ્તી ગણતરી બે તબક્કામાં હાથ ધરવામાં આવશેઃ ઘર યાદી અને ઘર ગણતરી - એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૬ વસ્તી ગણતરી (PE) - ફેબ્રુઆરી ૨૦૨૭. ઞઝ લદ્દાખ અને UT જમ્મુ અને કાશ્મીરના બરફથી ઢંકાયેલા બિન-સમકાલીન વિસ્તારો, તેમજ હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ રાજ્યો માટે, PE સપ્ટેમ્બર ૨૦૨૬ માં હાથ ધરવામાં આવશે. આશરે ૩ મિલિયન ક્ષેત્ર કાર્યકરો રાષ્ટ્રીય મહત્વની આ વિશાળ કવાયત હાથ ધરશે. ડેટા સંગ્રહ માટે મોબાઈલ એપ્લિકેશન અને દેખરેખ માટે કેન્દ્રીય પોર્ટલનો ઉપયોગ ઉચ્ચ-ગુણવત્તાવાળા ડેટાને સુનિશ્ચિત કરશે. ડેટા પ્રસારણ સુવ્યવસ્થિત અને વપરાશકર્તા-મૈત્રીપૂર્ણ હશે, જેનાથી નીતિ-નિર્માણ પરિમાણો પરના તમામ પ્રશ્નો એક બટનના ક્લિક પર ઍક્સેસ કરી શકાશે. સેવા તરીકેની વસ્તી ગણતરી (CaaS) મંત્રાલયોને સ્વચ્છ, મશીન-વાંચી શકાય તેવા અને કાર્યક્ષમ ફોર્મેટમાં ડેટા પ્રદાન કરશે.

વસ્તી ગણતરી પ્રક્રિયામાં દરેક ઘરની મુલાકાત લેવાનો અને ઘર યાદી, ઘર ગણતરી અને વસ્તી ગણતરી માટે વિવિધ પ્રશ્નાવલીઓ પૂર્ણ કરવાનો સમાવેશ થાય છે. આ દેશની સમગ્ર વસ્તીને આવરી લેશે. ગણતરીકારો, સામાન્ય રીતે રાજ્ય સરકારો દ્વારા નિયુક્ત સરકારી શિક્ષકો, તેમની નિયમિત ફરજો ઉપરાંત વસ્તી ગણતરી ક્ષેત્ર કાર્ય કરશે. રાજ્ય/જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ઉપ-જિલ્લા, જિલ્લા અને રાજ્ય સ્તરે અન્ય વસ્તી ગણતરી કાર્યકરોની નિમણૂક પણ કરવામાં આવશે.




### વસ્તી ગણતરી ૨૦૨૭ માટે કઈ નવી પહેલ કરવામાં આવી છે?

- દેશમાં પ્રથમ ડિજિટલ વસ્તી ગણતરી. Android અને શઘજ બંને સંસ્કરણો માટે ઉપલબ્ધ મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ કરીને ડેટા એકત્રિત કરવામાં આવશે.
- વાસ્તવિક સમયમાં સમગ્ર વસ્તી ગણતરી પ્રક્રિયાનું સંચાલન અને દેખરેખ રાખવા માટે વસ્તી ગણતરી વ્યવસ્થાપન અને દેખરેખ સિસ્ટમ (CMMS) નામનું એક સમર્પિત પોર્ટલ બનાવવામાં આવ્યું છે.
- વસ્તી ગણતરી ૨૦૨૭ માટે બીજી નવીનતા HLB ક્રિએટર વેબ મેપ એપ્લિકેશન છે, જેનો ઉપયોગ ચાર્જ અધિકારીઓ દ્વારા કરવામાં આવશે. જનતાને સ્વ-ગણતરી કરવાનો વિકલ્પ આપવામાં આવશે. આ વિશાળ ડિજિટલ કામગીરી માટે પૂરતી સુરક્ષા સુવિધાઓ લાગુ કરવામાં આવી છે.
- વસ્તી ગણતરી ૨૦૨૭ માં જાગૃતિ, સમાવિષ્ટ ભાગીદારી, છેલ્લા માઈલ જોડાણ અને ક્ષેત્ર કામગીરી માટે સમર્થન માટે દેશભરમાં એક કેન્દ્રિત અને વ્યાપક પ્રચાર અભિયાનનો સમાવેશ થશે.
- સચોટ, અધિકૃત અને સમયસર માહિતી શેર કરવા પર ભાર મૂકવામાં આવશે, જેથી જનતા સુધી સહયોગી અને અસરકારક પહોંચ સુનિશ્ચિત થાય.
- રાજકીય બાબતોની કેબિનેટ સમિતિએ 30 એપ્રિલ, ૨૦૨૫ ના રોજ તેની બેઠકમાં, આગામી વસ્તી ગણતરી ૨૦૨૭ માં જાતિ ગણતરીનો સમાવેશ કરવાનો નિર્ણય લીધો.
- આપણા દેશમાં વિશાળ સામાજિક અને વસ્તી વિષયક વિવિધતા અને તેની સાથે સંકળાયેલા પડકારોને ધ્યાનમાં રાખીને, વસ્તી ગણતરી ૨૦૨૭ ના બીજા તબક્કામાં, એટલે કે, વસ્તી ગણતરી (PE) માં જાતિ ડેટા ઈલેક્ટ્રોનિક રીતે પણ એકત્રિત કરવામાં આવશે.
- વસ્તી ગણતરી કામગીરીના ડેટા સંગ્રહ, દેખરેખ અને દેખરેખ માટે ગણતરીકારો, સુપરવાઈઝર, માસ્ટર ટ્રેનર્સ, ચાર્જ અધિકારીઓ અને આચાર્યો/જિલ્લા વસ્તી ગણતરી અધિકારીઓ સહિત આશરે ૩ મિલિયન ક્ષેત્ર કાર્યકરોને તૈનાત કરવામાં આવશે.
- તમામ વસ્તી ગણતરી કાર્યકરોને તેમના કાર્ય માટે યોગ્ય મહેનતાણું ચૂકવવામાં આવશે, કારણ કે તેઓ તેમની નિયમિત ફરજો ઉપરાંત આ કાર્ય કરે છે.

# AI ઈમ્પેક્ટ કોન્ફરન્સનો પ્રારંભ

## જન સુખાકારીમાં વૃદ્ધિ પારદર્શીતા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ મહત્વનું પરબળ : સરકારે મલ્ટીનેશનલ કંપનીઓ સાથે કર્યા સમજૂતી કરાર




રાજકોટ, તા. ૧૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યવ્યાપી ગુજરાત યુનિફાઈડ ડિજિટલ સ્ટેક ઓપરેશનલાઈઝ કરીને ડિજિટલ ગવર્નન્સ વધુ સ્માર્ટ, ઝડપી અને સિટિઝન સેન્ટ્રીક બનાવવાની નેમ વ્યક્ત કરી છે. આના પરિણામે નાગરિકોને તમામ સેવાઓ એક જ પ્લેટફોર્મ પરથી સરળતાથી મળવા સાથે વિભાગો વચ્ચેનું ડેટા શેરીંગ ઝડપી બનવાથી યોજનાઓના આઉટ કમનું રીયલ ટાઈમ એનાલિસિસ પણ થઈ શકશે એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રી ગાંધીનગરમાં મહાત્મા મંદિરમાં યોજાઇ રહેલી રિજીયોનલ એ.આઈ. ઈમ્પેક્ટ કોન્ફરન્સનો પ્રારંભ કરાવતા સંબોધન કરી રહ્યા હતા. તેમણે કોન્ફરન્સ અંતર્ગત આયોજિત એ.આઈ. એક્સપીરિયન્સ ઝોનનું ઉદ્દઘાટન કરીને વિવિધ સ્ટાર્ટઅપ સ્ટોલ્સની મુલાકાત લીધી હતી. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયા આ સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા. આ કોન્ફરન્સનું આયોજન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતમાં ૨૦૨૬ના ફેબ્રુઆરીમાં યોજાનારી એ.આઈ. ઈમ્પેક્ટ સમિટના પૂર્વાર્ધ રૂપે પ્રિ-વેન્ટ તરીકે રાજ્ય સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ અને કેન્દ્ર સરકારના આઈ.ટી. મંત્રાલયના ઉપક્રમે કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ અવસરે ગુજરાત એ.આઈ. સ્ટેક લોન્ચ કર્યુ હતું. આ એ.આઈ. સ્ટેક લોંચીંગ થવાથી સરકારી વિભાગોમાં પ્લગ-એન્ડ-પ્લે એ.આઈ. અપનાવવા માટે ૬ મુખ્ય એ.આઈ. ટૂલ્સકૃષિ એ.આઈ., યોજનાની પાત્રતા ચકાસણી, પ્રોક્યોરમેન્ટ ચેટબોટ, ગ્રીવન્સ ક્લાસિફાયર, ડોક્યુમેન્ટ એક્સટ્રેક્ટર અને ચેટ મેનેજમેન્ટ ટૂલ થી ગવર્નન્સ વધુ ઝડપી, ચોકસાઈયુક્ત અને નાગરિકલક્ષી બનશે. ગુજરાત ક્લાઉડ એડોપ્શન ગાઈડલાઈન્સ ૨૦૨૫ પણ મહાનુભાવોએ લોન્ચ કરી હતી. રાજ્યના ડિજિટલ ગવર્નન્સને વધુ સુરક્ષિત, સ્કેલેબલ અને એ.આઈ. રેડી બનાવવા માટે આ ગાઈડલાઈન્સ ૨૦૨૫ ઉપયોગી બનશે અને MeitY empanelled cloud services અને રાષ્ટ્રીય GPU compute નો ઉપયોગ સરળ બનશે.

ગુજરાત સરકાર GIFT City અને Henox દ્વારા રાજ્યમાં Cable Landing Station (CLS) સ્થાપવા માટે MoU કરવામાં આવ્યા હતા આના કારણે ગુજરાત વૈશ્વિક ડિજિટલ કનેક્ટિવિટી નું કેન્દ્ર બનશે અને ગ્રીન ડેટા ડેટા સેન્ટર્સને બળ પુરુ પાડશે. મુખ્યમંત્રીએ આ પ્રસંગે કહ્યું કે, વડાપ્રધાનની લીડરશીપમાં એ.આઈ. ફક્ત ટેકનોલોજીનું સાધન નહીં પરંતુ રાષ્ટ્રીય પ્રગતિનું મિશન બની ગયું છે. ગુજરાતે હંમેશા ટેકનોલોજી પ્રેરિત વિકાસમાં અગ્રેસરતા જાળવી છે. જન સુખાકારીમાં વૃદ્ધિ, પારદર્શિતા અને ફ્યુચર રેડી ગુજરાત માટે એ.આઈ. સક્ષમ સાધન છે તેમ પણ તેમણે ઉમેર્યુ હતું.

આ કોન્ફરન્સમાં એગ્રીકલ્ચર, હેલ્થ, ગવર્નન્સ, અર્બન-રૂરલ ટ્રાન્સફોર્મેશન અને ફિનટેક ઈન્કલુઝનના વિષયોમાં એ.આઈ.ના ઉપયોગનું થનારા મંથનથી વિકસિત ગુજરાત ૨૦૪૭ના વિઝનમાં એ.આઈ. ટ્રાન્સફોર્મેશનલ સ્ટ્રેંથ તરીકે ઉભરી આવશે અને વિકસિત ભારતના નિર્માણમાં પણ એ.આઈ.ની ભૂમિકા મહત્વપૂર્ણ બનશે એમ તેમણે જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ કહ્યું કે, વડાપ્રધાનની વિઝનરી લીડરશીપમાં દેશમાં ગયા એક દાયકામાં ખૂબ મોટા બદલાવો આવ્યા છે. નાનામાં નાના વ્યક્તિ સુધી ટેકનોલોજી પહોંચી છે અને ઈન્ડિયા એ.આઈ. મિશન શરૂ થયું છે. ગુજરાતે પણ આને સુસંગત રહીને એ.આઈ. ટાસ્કફોર્સની રચના કરી છે. તેમણે આ રિજનલ એ.આઈ. ઈમ્પેક્ટ કોન્ફરન્સમાં થનારું સામૂહિક મંથન એ.આઈ.ના ઉપયોગ દ્વારા આજના કામોથી આવતી કાલની ક્ષમતા માટેનો દ્રષ્ટિકોણ ટેકનોલોજીની મદદથી બદલવામાં ઉપયોગી બનશે એવી અપેક્ષા દર્શાવી હતી.

વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, સુશાસન માટે હાલના સમયમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ-અઈ સૌથી શક્તિશાળી ટૂલ્સ તરીકે પ્રસ્થાપિત થયું છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત AI ક્ષેત્રે અગ્રેસર રહ્યું છે. AIના માધ્યમથી ટેકનોલોજી, ડેટા સ્ટોરેજ, દૈનિક કાર્યમાં ઝડપ અને પારદર્શકતા આવી છે, જેના પરિણામે નાગરિકોને ઘર બેઠા સુવિધા આપવા સહિત વિવિધ સેવાઓમાં મોટો બદલાવ આવ્યો છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ભારત અઈ ટેકનોલોજીમાં નવી ઉંચાઈઓ સર કરી રહ્યું છે. જૂની અને નવી પેઢી રેડિયો, ઝટ, કમ્પ્યુટર અને હવે AI ટેકનોલોજી ક્ષેત્રે આવતા બદલાવના સાક્ષી બન્યા છે. ગુજરાતમાં આયોજિત આજની આ 'રીજનલ AI ઈમ્પેક્ટ કોન્ફરન્સ' ભવિષ્યમાં AI ક્ષેત્રે નવી ક્રાંતિ લાવશે, તેવો મંત્રીશ્રીએ આ પ્રસંગે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. કોન્ફરન્સ દરમિયાન અહ ફોર એગ્રીકલ્ચર, હેલ્થકેર, ગવર્નન્સ, અર્બન-રૂરલ ટ્રાન્સફોર્મેશન અને ફીન-ટેક જેવા પાંચ વિષયો પર રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો સાથે ચર્ચા કરવામાં આવશે તેમજ વર્ષ ૨૦૨૬માં યોજાનારી 'AI ઈમ્પેક્ટ સમિટ' માટે મૂલ્યવાન ભલામણો પણ કરવામાં આવશે. આ કાર્યક્રમાં અંતે ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લી.ના મેનેજિંગ ડિરેક્ટર શ્રી અરવિંદ વિજયને આભારવિધિ કરી હતી.

સામૂહિક જૂથ અકસ્માત વીમા યોજનાઃ સંકટ સામે સુરક્ષાનું કવચ

# વીમા યોજનામાં ૪.૧૨ કરોડ નાગરીકોનો સમાવેશ

## છેલ્લા પાંચ વર્ષમાં ૧૬ હજાર કરતાં વધુ લાભાર્થીઓના પરિવારજનોને અંદાજે રૂ. ૨૯૩ કરોડનું વીમા વળતર




રાજકોટ, તા. ૧૨

જીવનની અનિશ્ચિતતાઓ સામે ગુજરાત સરકારે સંવેદનશીલતા સાથે સામૂહિક જૂથ અકસ્માત વીમા યોજના દ્વારા રાજ્યના લાખો પરિવારોને મજબૂત ઢાલ પૂરી પાડી છે. આ યોજના થકી રાજ્ય સરકારે સાબિત કર્યું છે કે, સંકટની ઘડીમાં નાગરિકો એકલા નથી, પરંતુ સરકાર તેમની પડખે ઊભી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશથી રાજ્ય સરકાર દ્વારા સામૂહિક જૂથ અકસ્માત વીમા યોજના હેઠળ સંકટની ઘડીમાં પરિવારો માટે ઝડપથી વીમા કવચની ચૂકવણી કરવામાં આવી રહી છે. હાલમાં રાજ્યના ૪.૧૨ કરોડથી વધુ નાગરીકોનો આ યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે. છેલ્લા પાંચ વર્ષમાં ૧૬ હજાર કરતાં વધુ લાભાર્થીઓના અકસ્માત-મૃત્યુના કિસ્સામાં તેમના પરિવારજનોને અંદાજે રૂ. ૨૯૩ કરોડનું વીમા વળતર ચૂકવવામાં આવ્યું છે, જે જનતા પ્રત્યે સરકારની સંવેદનશીલતા દર્શાવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ રાજ્ય સરકારના વિવિધ વિભાગ દ્વારા તેના હસ્તકના ખાતાના વડાઓ મારફતે જુદી જુદી અકસ્માત વીમા યોજનાઓ અમલમાં મુકવામાં આવી હતી. આ યોજનાઓનો લાભ લાભાર્થીઓને વ્યાપક રીતે મળી શકે તેમજ યોજના હેઠળના લાભ બેવડાય નહિ તે હેતુથી જુદી જુદી જૂથ અકસ્માત યોજનાઓની યુનિફોર્મ પેટર્ન નકકી કરી રાજ્ય સરકારની વીમા નિયામકની કચેરી દ્વારા સંકલિત સામૂહિક જૂથ અકસ્માત વીમા યોજના અમલી બનાવાઈ હતી. આ યોજના હેઠળ પાત્રતા ધરાવતા લાભાર્થીને વીમા કવચ મળવાથી અકસ્માત-મૃત્યુ સામે તેમના પરિવારજનોને આર્થિક રક્ષણ મળી રહ્યું છે.

આ યોજના અંતર્ગત અમદાવાદ વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ૩૦થી વધુ મૃતકો સહિત ૪ મેડીકલના વિદ્યાર્થીઓના વારસદારોને ચુકવણું કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વડોદરા ખાતે હરણી દુર્ઘટના વખતે મૃત્યુ પામેલ ૧૨ બાળકોના વારસદારોને પણ ત્વરિત ચુકવણું કરાયું હતું. તાજેતરના વર્ષોમાં મોરબી દુર્ઘટના, રાજકોટ ગેમિંગ ઝોન દુર્ઘટના, તક્ષશીલા દુર્ઘટના વખતે પણ મૃતકોના પરિવારોને આ યોજના હેઠળ વીમા કવચ રકમની ચૂકવણી કરવામાં આવી હતી.

નાણા મંત્રી કનુભાઈ દેસાઈ અને રાજ્ય મંત્રી કમલેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા આ યોજના અંતર્ગત વિવિધ કુદરતી હોનારતો અને અન્ય અકસ્માતોના કિસ્સામાં ઝડપી કાર્યવાહી કરીને દાવાઓનું સત્વરે નિરાકરણ લાવવામાં આવ્યું છે.

આ યોજના માત્ર આર્થિક સુરક્ષાની ખાતરી નથી, પણ સરકારની સામાજિક સુરક્ષા પ્રત્યેની પ્રતિબદ્ધતાનું સ્પષ્ટ ઉદાહરણ છે. રાજ્ય સરકારની સામુહિક જુથ અકસ્માત વીમા યોજના હેઠળ ૧૪ મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોના લાખો લાભાર્થી ઓ અને તેમના પરિવારોને અકસ્માત વીમા કવચ પૂરું પાડવામાં આવી રહ્યું છે. જેમાં ખેડૂત પરિવારો, અસંગઠીત શ્રમિકો, પ્રાથમિક-માધ્યમિક શાળા, કોલેજ અને ITIના વિદ્યાર્થીઓ, પોલીસ કર્મચારીઓ, જેલ ગાર્ડસ, સફાઈ કામદારો, નિરાધાર વિધવાઓ, દિવ્યાંગો, હીરા ઉદ્યોગના કારીગરો તેમજ સાહસિક પ્રવૃત્તિમાં ભાગ લેતા યુવકોનો સમાવેશ થાય છે. આ ૧૪ ક્ષેત્રોમાં વિવિધ યોજનાઓ હેઠળ કુલ ૨ લાખથી ૧૫ લાખ સુધીનું વીમા કવચ મળે છે. આ વીમા કવચ સંકટની ઘડીમાં પરિવારો માટે મોટી રાહત સાબિત થઈ રહી છે. આમ, રાજ્ય સરકારે પારદર્શિતા અને ઝડપ સાથે નાગરિકોને સહાય આપીને સાબિત કર્યું છે કે જનતાનું હિત જ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે.

## સ્લોવાકિયાના વર્ક વિઝાના બહાને 'આર્મફલાય પ્રા.લી.'ના ડાયરેક્ટરોએ ૫૫ ગ્રાહકોની રકમ હડપ કરી

# ઈમિગ્રેશન કન્સલ્ટન્ટ સાથે ૨.૬૮ કરોડની ઠગાઈ

રાજકોટ તા. ૧૨

મસમોટી ફ્રોડની ઘટના પોલીસ ચોપડે ચડી છે. રાજકોટઃ સ્થિત એક ઈમિગ્રેશન કન્સલ્ટન્ટે ''આર્મફલાય પ્રા.લી.'' કંપનીના ડાયરેક્ટરો અને સંબંધિત વ્યક્તિઓ વિરુદ્ધ સ્લોવાકિયા (યુરોપ)ના વર્ક પરમિટ વિઝાના નામે કુલ રૂપિયા ૨,૬૮,૨૮,૪૮૦ની રકમની છેતરપિંડી કર્યાની પોલીસ ફરિયાદ નોંધાવી છે. મીતલ વિનયકુમાર સુરજીવાળા (ઉ.વ. ૩૮, ધંધોઃ વેપાર, રહે. શ્રીજી પાર્ક-૧, રાજકોટ) જેઓ રાજકોટમાં 'કે.એમ. ઈમીગ્રેશન કન્સલટ' નામે ઓફિસ ધરાવી સ્ટુડન્ટ, વિઝિટર, અને વર્ક વિઝા કન્સલ્ટન્સીનું કામ કરે છે, તેમણે આ ફરિયાદ નોંધાવી છે.

જેમાં આરોપી તરીકે મોહમ્મદ ઉર્વસ કર્ણાટક, જી. બેંગલુરૂ, બેંગલુરૂ, અબ્દુલ લતીફ નૈનથારમ વીટલ કેરલા, જી. તિરુવન્તપુરમ, કેરલા, સહાનાબાનુ નૈનથારમ વીટલ કેરલા, જી. તિરૂવન્તપુરમ, કેરલા, ઈમુલ સહાના કેરલા, જી. તિરૂવન્તપુરમ, કેરલા અને તપાસમાં ખુલે તે તમામના નામ અપાયા છે.

ફરિયાદી મીતલબહેન દ્વારા જાન્યુઆરી/૨૦૨૪ થી વર્ક પરમિટની કામગીરી શરૂ કરવામાં આવી હતી અને તેઓ સરકારમાન્ય લાયસન્સ ધરાવતી કંપનીઓના રેફરન્સ દ્વારા ગ્રાહકોને વિઝા અપાવવાનું કામ કરતા હતા. આ દરમિયાન, તેમનો સંપર્ક ''આર્મફલાય પ્રા.લી.'' કંપનીના ડાયરેક્ટર મોહમ્મદ ઉવૈશ સાથે થયો હતો, જેઓ વિવિધ રાજ્યોમાં ઈમિગ્રેશન કન્સલ્ટન્ટ તરીકે કામ કરતા હતા અને અગાઉ પણ તેમણે ફરિયાદીને કામ અપાવેલું હોવાથી વિશ્વાસનું વાતાવરણ હતું.

ફરિયાદની વિગતો મુજબ, તા. ૨૭/૦૪/૨૦૨૪ ના રોજ ''આર્મફલાય પ્રા.લી.'' ના એચ.આર. મેનેજર આયશાએ ઈ-મેઈલ દ્વારા સ્લોવાકિયા (યુરોપ)માં વેરહાઉસના કામ માટે ૧૦૦ ઉમેદવારોની જરૂરિયાત જણાવી હતી, જેમાં પ્રતિ ઉમેદવાર ૪,૨૦,૦૦૦ ફી અને ત્રણ મહિનામાં વિઝા અપાવી દેવાની વાત કરી હતી. આ વિશ્વાસના આધારે, મીતલબહેને તા. ૦૧/૦૫/૨૦૨૪ થી તા. ૨૭/૦૬/૨૦૨૪ દરમિયાન પોતાના કુલ ૬૦ ગ્રાહકોને સ્લોવાકિયા મોકલવાનું કામ ''આર્મફલાય પ્રા.લી.'' ને સોંપ્યું હતું. આ સમયગાળામાં, મોહમ્મદ ઉવૈશના કહેવા મુજબ, ફરિયાદીએ તેમના ગ્રાહકો પાસેથી બેંક મારફતે અને રોકડમાં




કે. એમ. ઈમીગ્રેશન કન્સલટ નામે કામ કરતા મીતલબેન વિનયકુમાર સુરજીવાળાની ફરિયાદઃ આર્થિક ગુના નિવારણ સેલ દ્વારા તપાસ

મેળવેલી કુલ ૧૯,૦૦,૦૦૦ની રકમ ટ્રાન્સફર કરી હતી. ઉમેદવારોના ઈન્ટરવ્યૂ બાદ ઓફર લેટરના પેટે વધુ ૫૯,૦૦,૦૦૦/- તા. ૦૨/૦૬/૨૦૨૪ થી તા. ૨૪/૦૭/૨૦૨૪ દરમિયાન ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. તે ઉપરાંત, મોહમ્મદ ઉવૈશ ફરિયાદીની ઓફિસે આવીને તા. ૨૦/૦૭/૨૦૨૪ ના રોજ રોકડા ૬૦,૦૦,૦૦૦ પણ લઈ ગયા હતા. બાદમાં, વર્ક કોન્ટ્રાક્ટ લેટર આપ્યા પછી તા. ૧૧/૦૮/૨૦૨૪ થી તા. ૧૩/૦૯/૨૦૨૪ દરમિયાન વધુ ૮૪,૦૦,૦૦૦/- બેંક મારફતે તેમજ તા. ૧૪/૦૯/૨૦૨૪ ના રોજ રોકડા ૨૫,૦૦,૦૦૦/- સહિત કુલ ૨,૪૭,૦૦,૦૦૦/- ટ્રાન્સફર કર્યા હતા. આ રકમ ''આર્મફલાય પ્રા.લી.'' ના વિવિધ બેંક ખાતાઓમાં તેમજ તેની અન્ય પેઢી ''અરામીન ફૂડ્સ પ્રા.લી.'' અને ડાયરેક્ટરો શહાનાબાનુ, મોહમ્મદ ઉવૈશ, અને ઈમુલા હસનાના ખાતાઓમાં ટ્રાન્સફર કરવામાં આવી હતી.

જોકે, નિર્ધારિત સમય પછી પણ વિઝા સબમિશનની તારીખ ન મળતા, ફરિયાદીએ કામ રદ કરવા ઈ-મેઈલ કર્યો હતો. ત્યારે આરોપીઓએ વિઝા સબમિશનની તારીખ મેળવવા માટે પ્રતિ ઉમેદવાર વધુ ૧,૩૦,૦૦૦/- ની માંગણી કરી, જેના પગલે ફરિયાદીએ તા. ૨૧/૦૨/૨૦૨૫ થી તા. ૦૬/૦૩/૨૦૨૫ સુધીમાં વધુ ૧૮,૦૦,૦૦૦/- મોકલાવ્યા હતા અને તા. ૧૧/૦૩/૨૦૨૫ ના રોજ બેંગ્લોર ખાતેની ઓફિસે રૂબરૂમાં વધુ ૩,૦૦,૦૦૦/- પણ આપ્યા હતા. આમ, બેંક મારફતે કુલ ૧,૮૦,૦૦,૦૦૦, રોકડા ૮૮,૦૦,૦૦૦ અને અન્ય ખર્ચ ૨૮,૪૮૦ મળી કુલ ૨,૬૮,૨૮,૪૮૦ જેટલી માતબર રકમ ચૂકવાઈ હતી.

તમામ રકમ ચૂકવવા છતાં, તા. ૦૨/૦૬/૨૦૨૫ ના રોજ ''આર્મફલાય પ્રા.લી.'' દ્વારા વિઝા સબમિશન કરાવી આપવામાં આવ્યું નહોતું અને સ્લોવાકિયાના તમામ વર્ક પરમિટ (વિઝા) કેન્સલ થવાની જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ આરોપીઓએ લિથુઆનિયા દેશમાં ૪૫ દિવસમાં ટીઆરસી કાર્ડ અથવા ૬૦ દિવસમાં રકમ પરત આપવાની બાંહેધરી આપી હતી. પરંતુ તે સમયમર્યાદા પણ પૂર્ણ થતા, તા. ૨૧/૦૬/૨૦૨૫ ના રોજ રશિયાના વર્ક પરમિટ વિઝા એક અઠવાડિયામાં કરી આપવાની વાત કરી, જેમાં ૯ ઉમેદવારો તૈયાર થયા હતા. જોકે, રશિયાના વિઝા મળી ગયા હોવા છતાં ત્યાં જવા માટેની કોઈ વ્યવસ્થા કરી આપવામાં આવી ન હતી અને વિઝાની છેલ્લી તારીખ પણ ૦૧/૧૦/૨૦૨૫ ના રોજ પૂર્ણ થઈ ગઈ હતી. વધુમાં, કંપનીએ ફરિયાદીની જાણ બહાર ઉમેદવારોનો સંપર્ક કરીને એર ટિકિટ આપવાના બહાને દિલ્હી બોલાવીને ખોટો વધારાનો ખર્ચ પણ કરાવ્યો હતો. આખરે, કુલ ૫૫ ઉમેદવારોના સ્લોવાકિયા (યુરોપ) દેશના વર્ક પરમિટ વિઝા ન કરી આપીને, ''આર્મફલાય પ્રા.લી.'' ના ડાયરેક્ટરો મોહમ્મદ ઉવૈશ, અબ્દુલ લતીફ નૈનથરામ વીટલ, શહાનાબાનુ નૈનથરામ વીટલ, ઈમુલ હશના, અને ''અરામીન ફૂડ પ્રા.લી.'' પેઢીએ મળીને ફરિયાદી અને તેમના ગ્રાહકો સાથે છેતરપિંડી કરી હોવાની ફરિયાદ રાજકોટ યુનિવર્સિટી પોલીસમાં નોંધાતા આર્થિક ગુના નિવારણ શાખાના વિરમભાઈ ધગલએ તપાસ હાથ ધરી છે.

# સૌરાષ્ટ્રમાં બ્લુ રેવોલ્યુશન સીવીડ ફાર્મિંગ આશીર્વાદ રૂપ

## રાજકોટ ખાતે આયોજિત વાઈબ્રન્ટ કોન્ફરન્સમાં સીવીડની ખેતી સર કરશે અનેક શિખરો

રાજકોટ, તા. ૧૧

ગુજરાત સરકારે કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તાર માટે વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC)ની બીજી આવૃત્તિની જાહેરાત કરી છે, જે ૧૦ થી ૧૨ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન રાજકોટમાં યોજાશે. આ કોન્ફરન્સની સાથે જ, ૧૦ થી ૧૩ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન તે જ સ્થળે વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન (VGRE) પણ યોજાશે, જે સમગ્ર કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તારના ઉદ્યોગો, MSMEs, સરકારી સંસ્થાઓ અને ઉદ્યોગસાહસિકો માટે એક ઉચ્ચ પ્લેટફોર્મ પ્રદાન કરશે. ઉલ્લેખનીય છે કે, કચ્છ અને સૌરાષ્ટ્રમાં યોજાનારી આગામી VGRC સીવીડ ફાર્મિંગ ક્ષેત્રે કચ્છની સિદ્ધિને પ્રદર્શિત કરશે. કચ્છના કિનારાથી લઈને દેવભૂમિ દ્વારકા નજીકની ઊંડી ખાડીઓ સુધીના અંદાજિત ૪૩૦ કિમી વિસ્તારમાં સી-વીડની ખેતી ઝડપથી વિકાસ પામતા ક્ષેત્રમાં પરિવર્તિત થઈ રહી છે. આ સી-વીડની ખેતી માછીમાર પરિવારોને આર્થિક રીતે સશક્ત બનાવવાની સાથે સાથે દેશની બ્લૂ ઈકોનોમીને મજબૂત બનાવી રહી છે.

સીવીડને મેરીકલ્ચર વિઝનના મુખ્ય સ્તંભ તરીકે માન્યતા આપીને ગુજરાત સરકારે વિકસિત ગુજરાત ફંડ હેઠળ અનેક સુધારાઓ અમલમાં મૂક્યા છે. આ પહેલ હેઠળ ખેતી સહાયથી લઈને પ્રોસેસિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધી એક સર્વગ્રાહી ઈકોસિસ્ટમ બનાવવામાં આવી છે. અત્યારસુધી રાફ્ટ યુનિટનો ખર્ચ ₹૩,૦૦૦ ની મર્યાદામાં આપવામાં આવતો હતો, તે વધારીને ₹૬,૦૦૦ કરવામાં આવ્યો છે. ટ્યુબ-નેટ યુનિટનો ખર્ચ ₹૮,૦૦૦ થી વધારીને ₹૨૫,૦૦૦ કરવામાં આવ્યો છે. આખા વર્ષ દરમિયાન સીવીડ બીજ ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે સીવીડ બેંક યુનિટ્સ માટે ₹૨ કરોડ આપવામાં આવશે, તેમજ મીઠાના અગર, કેરેજીનન, અલ્જીનેટ અને બાયો-ઉત્તેજકો કાઢવા માટે સીવીડ પ્રોસેસિંગ યુનિટ માટે ₹૫ કરોડ આપવામાં આવશે. કામધેનુ યુનિવર્સિટી હેઠળ ઓખા ખાતે સીવીડ સંશોધન અને ઉપયોગિતામાં શ્રેષ્ઠતા કેન્દ્ર માટે ₹૬ કરોડ ફાળવવામાં આવશે.



### શું છે સીવીડ અને તેની ઉપયોગિતા?

સીવીડ એક પ્રકારનો દરિયાઈ શેવાળ છે, જેનો ઉપયોગ સદીઓથી ખાદ્ય અને ઔષધીય હેતુઓ માટે થાય છે. સીવીડ વિટામિન્સ, ખનિજો (ખાસ કરીને આયોડિન), ફાઈબર અને એન્ટીઑકિસડન્ટોથી ભરપૂર હોય છે, જે આંતરડાના સ્વાસ્થ્યમાં સુધારો, હૃદયનું સ્વાસ્થ્ય, થાઈરોઈડ કાર્ય અને સંભવિત વજન વ્યવસ્થાપન જેવા ફાયદાઓ પ્રદાન કરે છે. સીવીડનો તેનો ઉપયોગ પોષક તત્વોથી ભરપૂર ખોરાક અને કાર્યાત્મક ઘટક તરીકે થાય છે, જે બળતરા વિરોધી, કેન્સર વિરોધી અને બ્લડ શુગરના નિયમન માટેના સંયોજનો પૂરા પાડે છે.

### સીવીડની ખેતી માટે દરિયાકાંઠાના સમુદાયોને વિશેષ તાલીમ

દરિયાઈ સીવીડની ખેતી દરિયાકાંઠાના સમુદાયો માટે જીવનરેખા સાબિત થઈ રહી છે. ચોમાસામાં માછીમારી-પ્રતિબંધિત સમયગાળા દરમિયાન સીવીડ ઉત્પાદનની પ્રવૃત્તિ આવક પ્રદાન કરે છે. ગુજરાતમાં સીવીડ ઉત્પાદન સતત વધી રહ્યું છે. સીવીડ ઉત્પાદનના આંકડાઓ પર નજર નાખીએ તો, વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન કચ્છમાં સી-વીડની ૧૪ ટન ખેતી કરવામાં આવી હતી. જેમાં મહિલા સ્વ-સહાય જૂથો સી-વીડની ખેતી અને તેની સૂકવણીમાંથી દર મહિને ૧૨,૦૦૦૧૮,૦૦૦ કમાય છે. આ ખેતી પર્યાવરણને અનૂકુળ કામ કરવા માંગતી પેઢીઓને આકર્ષે છે અને પરંપરાગત માછીમારી પર દબાણ ઘટાડે છે. વધુમાં, સીવીડની ખેતી માટે દરિયાકાંઠાના સમુદાયોને તાલીમ પણ આપવામાં આવે છે. અત્યારસુધીમાં કચ્છના ૧૭ ગામોમાં મોટી સંખ્યામાં લોકોને તાલીમ આપવામાં આવી છે. કચ્છ, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, જૂનાગઢ અને મોરબીમાં સમયાંતરે તાલીમ વર્ગો યોજાતા રહે છે. ઉલ્લેખનીય છે કે, સીવીડ ફાર્મિંગ એક સમયે ફક્ત થોડા દરિયાકાંઠાના સમુદાયો દ્વારા કરવામાં આવતી એક વિશિષ્ટ પ્રવૃત્તિ હતી તે આજે સરકાર-સમર્થિત, સંશોધન-સંચાલિત ચળવળ બની ગઈ છે. નવી નીતિઓ, તકનીકી નવીનતા અને GIS મેપિંગ સાથે, ગુજરાતમાં સીવીડની ખેતી અભૂતપૂર્વ વેગ મેળવી રહી છે.

# અટલ સરોવરમાં ૨૩ કિલો અખાદ્ય જથ્થો નાશ

## ૪૧ ધંધાર્થીને ત્યાં તપાસ : ૩૦ નમૂનાની ચકાસણી, લાઇસન્સ વગરના વિક્રેતાઓનો રાફડો

રાજકોટ, તા. ૧૨
રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા છેલ્લા ઘણા સમયથી અનેક સ્થળો ઉપર તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે જેમાં કોઈ પણ વિક્રેતાઓ અખાદ્ય ચીજ વસ્તુઓનું વેચાણ કરતા નથી તેની ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ ગઈકાલે અટલ સરોવરના બે ફૂટ સ્ટોલમાંથી ૨૩ કિલો વાસી જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. અન્ય વિસ્તારના વિક્રેતાઓ ઉપર પણ તપાસ કરવામાં આવી હતી ત્યારે હાલ રાજકોટમાં લાઈસન્સ વગર ખોરાકનું વિતરણ કરનાર વિક્રેતાઓનું પ્રમાણ દિન પ્રતિદિન વધી રહ્યું છે. જેના પર અંકુશ લાદવો ખૂબ જરૂરી છે.

રાજકોટમાં શિયાળાના પ્રારંભે ખોરાક અને પાણીજન્ય રોગચાળો વકરતો દેખાઇ રહ્યો છે. જેના પગલે મનપાની ફૂડ શાખાએ ખાણીપીણીના સ્થળોએ ચેકીંગ ડ્રાઇવ સઘન બનાવ્યાનું લાગી રહ્યું છે. સ્માર્ટ સીટી વિસ્તારમાં આવેલા અટલ સરોવરના બે ફુડ સ્ટોલમાંથી ૨૩ કિલો વાસી મોમોઝ, બ્રેડ, સાબુદાણા વડાનો નાશ કરવામાં આવ્યો છે.






તો અટલ સરોવરમાં ફૂડ લાયસન્સ લેવા હવે સૂચનાઓ અપાઇ રહી છે! જાણીતી હોટલ સહિતના સ્થળે પણ હાઈજેનિક સ્થિતિ અંગે ચેકીંગ કરવામાં આવ્યું છે. મહાનગરપાલિકાના ફૂડ વિભાગની ટીમે સેફટી વાન સાથે શહેરના અલગ-અલગ વિસ્તારમાં ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૪૧ ધંધાર્થીને ત્યાં ૩૦ નમુનાની ચકાસણી કરી ૧૫ને લાયસન્સ માટે સૂચના આપી હતી. પ્રથમ વખત એક સાથે અટલ સરોવર, પ્રદ્યુમન પાર્કની જુદી જુદી કેન્ટીન, ગાંધી મ્યુઝીયમની કેન્ટીનમાં ચેકીંગ કરાયું હતું.

અટલ સરોવર ફુડ કોર્ટમાં આવેલ કેન્ટીન ફિરંગી બર્ગર/શાશ્વત ફૂડસમાં તપાસ કરતા ૧૮ કિલો પડતર પડેલ (પેકિંગ પર ઉત્પાદકની વિગતો કે લેબલિંગ વગરના) ફ્રોઝન મોમોઝ મળી આવતા તેનો નાશ કરાયો હતો. જ્યારે અટલ સરોવરના જ કાઠિયાવાડી કસૂબો/કે.કે. એન્ટરપ્રાઇઝમાંથી વાસી એક્સપાયરી થયેલ બ્રેડ અને ફ્રોઝન સાબુદાણા વડા મળી આવતા આ પાંચ કિલો માલનો પણ નાશ કરાયો હતો.

જ્યારે અટલ સરોવરના જમ્બો સ્નેક્સ લાયસન્સ માટે સૂચના અપાઇ હતી. આ ઉપરાંત બોમ્બે સ્ટાઈલ ભેળ (રામ કૃષ્ણ આશ્રમ સામે) રાજકોટ અમેરિકન મકાઇ (આજીડેમ ચોકડી પાસે) ચામુંડા કોલ્ડ્રિંક્સ (આજીડેમ ચોકડી પાસે), ભેરૂનાથ પાણિપુરી(આજીડેમ ચોકડી પાસે) ગાયત્રી કોલ્ડ્રિંક્સ(આજીડેમ ચોકડી પાસે), રાજકોટ કોલ્ડ્રિંક્સ(આજીડેમ ચોકડી પાસે) , ચામુંડા સોડા સેન્ટર (આજીડેમ ચોકડી પાસે), શિવશક્તિ સોડા સેન્ટર (આજીડેમ ચોકડી પાસે), શિવ પાણીપૂરી (આજીડેમ ચોકડી પાસે), કરણ પાણિપુરી (આજીડેમ ચોકડી પાસે) , સાલોની પાણીપુરી (આજીડેમ ચોકડી પાસે), રામ અમેરિકન મકાઇ(આજીડેમ ચોકડી પાસે) ખાતે ચેકીંગ કરવામાં આવ્યું હતું અને લાયસન્સ માટે કુલ ૧૫ ધંધાર્થીને તાકીદ કરાઇ હતી.

જ્યારે રામકૃષ્ણ સામે આવેલ ઈશ્વર ઘૂઘરા, સંતોષ ભેળ, ઠક્કર લચ્છી, રાજ મંદિર ફાસ્ટફૂડ, શ્રી ચાઇનીઝ પંજાબી , વ્હી નરસિભાઈ , જેએમએસ જ્યુસ સ્નેક્સ, ભેરુનાથ ભેળ (આજીડેમ ચોકડી પાસે) પદ્યુમન પાર્કમાં આવેલ, રામનાથ કેન્ટીન, શ્રી રામ કેન્ટીન, તિરૂપતિ કેન્ટીન, ચામુંડા કેન્ટીનમાં તપાસ કરાઇ હતી. જવાહર રોડના ગાંધી મ્યુઝીયમમાં આવેલ ચરખા ઇટરીમાં ચેકીંગ કરાયું હતું. જ્યારે જવાહર રોડના જ હોટ એન્ડ મોર રેસ્ટોરેન્ટ, રાધે હોટલ, જોકર ગાંઠિયા, મોંજીનિસ કેક શોપ અને ભાભા હોટલમાં પણ ચકાસણી કરવામાં આવી હતી.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમા PHD એન્ટ્રેન્સ પરીક્ષા

## ૩૬ જગ્યાઓ માટે ૧૮૦ ઉમેદવારો : પરિણામ જાહેર




રાજકોટ, તા. ૧૨
છેલ્લા ઘણા સમયથી પીએચડી ની એન્ટ્રેન્સ પરીક્ષાને લઈ ઘણા ખરા પ્રશ્નો ઊભા થતા હતા ત્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા એક વર્ષ બાદ પીએચડી ની એન્ટ્રેન્સ પરીક્ષા ત્રણ સેશનમાં લીધી હતી અને આ પરીક્ષામાં ૧૮૦ ઉમેદવારો આવી પહોંચ્યા હતા પરીક્ષા પૂર્ણ થતા જ ઓનલાઇન રિઝલ્ટ પણ જાહેર કરી દેવામાં આવ્યું હતું. હાલ યુનિવર્સિટીનું શૈક્ષણિક સ્તર જે ગતિથી વિકાસ પામવું જોઈએ તે થતું નથી ભૂતકાળમાં યુનિવર્સિટી એ ગ્રેડમાં જોવા મળતી હતી જેનો ગ્રેડ હવે ઘટી ચુક્યો છે ત્યારે ગ્રેડમાં ઉન્નતી લાવવા માટે શૈક્ષણિક સ્તર યુનિવર્સિટીનું ઉચું આવે તે ખૂબ જરૂરી છે અને તેના માટે મહેનત પણ કરવામાં આવી રહી છે. મળતી માહિતી મુજબ પીએચડી ની પરીક્ષા કોમ્પ્યુટર બેઝ લેવાય હતી જેમાં ૧૦૦ માર્કના ત્રણ પેપર આપવામાં આવ્યા હતા. હાલ વિગતો મળી રહી છે તે મુજબ પીએચડી ના અભ્યાસક્રમની આશરે ૬૫ બેઠકો ખાલી છે જેની સામે ૧૮૦ ઉમેદવારો પરીક્ષા આપવા આવી પહોંચ્યા હતા.

આ પીએચડીની એન્ટ્રસ પરીક્ષામાં કોમ્પ્યુટર બેઈઝ ૧૦૦ ગુણનું પેપર લેવામાં આવેલ હતું. સવારના ૯થી ૧૧, ૧૨થી ૨, અને ૩થી ૫ એમ બે બે કલાકના કોમ્પ્યુટર બેઈઝ આ પેપર લેવામાં આવેલ હતા. અહીં એ ઉલ્લેખનીય છે કે યુનિ.માં પીએચડીના અભ્યાસક્રમની ૬૫ બેઠકો ખાલી છે. તેની સામે ૧૮૦ જેટલા ઉમેદવારો આ પરીક્ષામાં નોંધાયા હતા. ત્રણ સેશનમાં ૬૦-૬૦ ઉમેદવારો મળી કુલ ૧૮૦ ઉમેદવારોની આ પરીક્ષા લેવામાં આવી હતી.

જેના પેપર પુરા થતા જ વિદ્યાર્થીઓને ફટાફટ કોમ્પ્યુટર સ્ક્રીન પર તેમણે મેળવેલ ગુણ મળી ગયા હતા આમ આ પરીક્ષાનું પરિણામ પણ ફટાફટ જાહેર કરી દેવામાં આવેલ હતું. અહીં એ ઉલ્લેખનીય છે કે પીએચડીની આ એન્ટ્રસ માટે અગાઉ એનએસયુઆઈ સહિતના વિવિધ વિદ્યાર્થી સંગઠનો દ્વારા યુનિ.ના કુલપતિને રજૂઆતો કરવામાં આવી હતી. જાણકાર વર્તુળોને શિક્ષણ વિનોના જણાવ્યા અનુસાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી નું શૈક્ષણિક સ્તર સુધરે તે માટે અનેકવિધ પગલાં લેવા ખૂબ જરૂરી અને અનિવાર્ય છે ત્યારે શૈક્ષણિક સ્તર સુધરતાની સાથે જ યુનિવર્સિટી નું જે ગ્રેડ છે તેમાં પણ વધારો થશે.

# કામનું ભારણ ઘટાડવા મ્યુ. કમિશનરે કર્યા ફેરફાર

## મેનેજર કે.ડી વાઢેરને સોંપ્યો આસિસ્ટન્ટ કમિશનરનો ચાર્જ : ચાર મેનેજરો ની કામગીરીમાં ફેર બદલ

રાજકોટ, તા. ૧૨
મહાનગરપાલિકાના કમિશનર દ્વારા આસિસ્ટન્ટ કમિશનરોની કામગીરીમાં ફેરબદલ કરવામાં આવ્યા છે સાથોસાથ ચાર મેનેજરની કામગીરીમાં પણ ફેરફાર કરવામાં આવ્યા હોવાનું હાલ જણાવી રહ્યું છે જેથી કામનું જે ભારણ વધુ જોવા મળતું હતું તેમાંથી કર્મચારીઓ અધિકારીઓ મુક્ત થઈ શકે અને તેમના જે વિભાગો તેઓને હાલ નવા સોંપવામાં આવ્યા છે તેમાં તેઓ રસપૂર્વક કામ કરી શકે. છેલ્લા ઘણા સમયથી આ બાબતની અટકડો ચાલતી હતી પરંતુ ગઈકાલે મ્યુનિસિપલ કમિશનર દ્વારા જે આસિસ્ટન્ટ કમિશનરની કામગીરી અને મેનેજરોની જે કામગીરીમાં બદલાવ કર્યો છે તેનાથી ઘણી ખરી રાહત આવનારા દિવસોમાં મળશે.




મનપાના પ્રોજેકટ શાખાના મેનેજર કાશ્મીરાબેન ડી. વાઢેરને ઇન્ચાર્જ આસિસ્ટન્ટ કમિશનર તરીકે નિમણૂંક આપવામાં આવી છે. હવે ડે.કમિશનરના ચાર્જમાં રહેલા સમીર ધડુક હસ્તકની સેન્ટ્રલ ઝોન, ટેકસ, ચૂંટણી, આવાસ યોજના વહીવટીની કામગીરી તેઓને સોંપવામાં આવી છે. સેન્ટ્રલ ઝોનના ઇ.આસી. કમિશનર બી.એલ.કાથરોટીયાનો કાર્યબોજ હળવો કરતા શોપ શાખાની કામગીરી કે.ડી.વાઢેરને સોંપાઇ છે.

કોર્પો.ની ફાયર શાખાના મેનેજર આર.એમ.ગામેતીને હાલની કામગીરી ઉપરાંત પ્રોજેક્ટ શાખાના મેનેજર, આર.આર.સેલના મેનેજર મનીષ વોરાને સોલીડ વેસ્ટ શાખા અને નોડલ ઓફિસર આઈઈસીનું કામ સોંપાયુ છે. જ્યારે મેનેજર એન.એમ.વ્યાસને મેનેજર ટ્રાફિક ટ્રાન્સપોર્ટ એન્ડ પાર્કિંગ મેનેજમેન્ટ શાખા, આરઆર સેલ, આઈસીસીસીના નોડેલ ઓફિસર તરીકે મુકવામાં આવ્યા છે.

મહત્વની વાત એ છે કે હાલ મહાનગરપાલિકાના કર્મચારીઓ અને અધિકારીઓ ઉપર એકથી વધુ વિભાગોની જવાબદારી સોંપવામાં આવી છે જેના કારણે જે કામગીરી ઝડપભેર થવી જોઈએ તે થઈ શકતી નથી જેથી આવનારા સમયમાં કોઈ અન્ય ખરાબ સ્થિતિ ઊભી ન થાય અને કામનું ભારણ જળવાઈ રહે તે માટે હાલ તમામ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે જેના ભાગરૂપે જ ગઈકાલે મ્યુનિસિપલ કમિશનર દ્વારા ખાસ અધિકારીઓની કામગીરીમાં બદલાવ કર્યો છે.

# મતદાર સુધારણા અંગે ભાજપ કાર્યકરોને સંબોધતા રત્નાકરજી

## સૌરાષ્ટ્ર ઝોનની બેઠકમાં મતદાર સુધારણા અંગે ચર્ચા : પક્ષના કાર્યકરોને કામગીરીમાં સંપૂણ સાથ અને સહકાર આપવા અનુરોધ

રાજકોટ, તા. ૧૨
કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા હાલ મતદાર સુધારાણાની પ્રથમ તબક્કાની કામગીરીની સમય મર્યાદા વધારી છે ત્યારે હજુ કાલનો દિવસ અંતિમ છે. જે માટે આગામી તબક્કાની કામગીરીમાં બૂથ લેવલ અધિકારીઓની સાથે પક્ષના કાર્યકરો જોડાય અને કામગીરીમાં સહભાગી થાય તે માટે ગઇકાલે રાજકોટ ખાતે ભાજપના સંગઠન મહામંત્રી રત્નાકરજી આવી પહોંચ્યા હતા. જેમાં તમામ પક્ષના આગેવાનોને એસઆઇઆરની કામગીરી બાબતે અવગત કરવામાં આવ્યા હતા.



સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ, એ વાત સ્પષ્ટ થઇ રહી છે કે, મતદાર સુધારણના કામગીરીના કારણે સ્થાનિક સ્વરાજની ચૂંટણી પાછી ઠેલાશે. ત્યારે આ સંભાવનાને ધ્યાનમાં રાખી ભાજપ તેની નવી ટીમ જાહેર કરવામાં કોઇ ઉતાવળ નહીં કરે તે વાતમાં પણ કોઇ શંકાને સ્થાન નથી. બીજી તરફ ભાજપ દ્વારા તમામ શહેર અને જિલ્લાના અધ્યક્ષોના નામ જાહેર કરી દેવામાં આવ્યા છે. પરંતુ, સંગઠનના અન્ય હોદ્દેદારો નામ જાહેર કરવામાં આવ્યા નથી. ત્યારે ગઇકાલે સૌરાષ્ટ્ર ઝોનની બેઠકમાં સંગઠનના હોદ્દેદારોની નિમણૂક માટે સૂચના આપવામાં આવી હોવાનું પણ જણાવ્યું છે. પરંતુ, ગઇકાલની ખાસ બેઠકમાં રત્નાકરજી દ્વારા મતદાર સુધારણા કામગીરીમાં પક્ષના કાર્યકરો દ્વારા જે રીતે મદદ કરવામાં આવી હતી અને આવનારી કામગીરીમાં પણ બુથ લેવલ અધિકારીઓને સહભાગી થવા માટે અનુરોધ કરવામાં આવ્યો હતો.

મળતી માહિતી મુજબ, ચૂંટણી પંચ દ્વારા મુદતમાં વધારો કરવામાં આવતા હવે મતદાર સુધારણાનો બીજો તબક્કો શરૂ થવની પ્રબળ સંભાવનાઓ વ્યક્ત થઇ રહી છે. જેના માટે ભાજપ દ્વારા ખાસ આયોજન કરવામાં આવ્યું છે. અંતમાં એ વાત ઉપર પણ ચર્ચા ચાલી રહી છે કે, હાલ વોર્ડમાંથી આવતા લોકોને જ કોર્પોરેટરની ચૂંટણી લડાવવામાં આવે. અત્યાર સુધી આયાતી ઉમેદવારો ઉપર મદાર રાખવામાં આવતો હતો. પરંતુ, કદાચ એવી પણ હાલ શક્યતા સેવાઇ રહી છે કે, કોર્પોરેશનની ચૂંટણીમાં જે આગેવાનો ચૂંટણી લડવા માંગતા હશે તેઓ એ જ વોર્ડના હોવા જોઇએ જેથી આયાતી ઉમેદવારનો સળગતો પ્રશ્ન હતો તેનું તેનું નિવારણ આવી શકે.

# ઢાંઢણી-અણીયારામાં ગેરકાયદે બાંધકામ તોડી પડાયા

## ૫૦ લાખની જમીન ખુલ્લી : ૧૫૦ વારમાં ઊભા કરેલ મકાન અને ત્રણ ઝુંપડા બુલડોઝરે તોડ્યા

રાજકોટ, તા. ૧૨
રાજ્ય સરકાર દ્વારા ગુજરાતને દબાણ મુક્ત બનાવવા માટેનો જે નિર્ધાર કર્યો છે તે દિશામાં હાલ તંત્ર આગળ વધી રહ્યું છે મળતી માહિતી મુજબ હાલ દરેક જિલ્લા કલેક્ટરોને તથા સ્થાનિક પ્રશાસન એટલે કે મહાનગરપાલિકા હોય કે શહેરી વિકાસ સત્તા મંડળ હોય તે તમામને સુચિત અને આદેશ કરવામાં આવ્યો છે કે તેમના હદ વિસ્તારમાં આવતા જે પણ દબાણ હોય તેને તાકીદે દૂર કરવામાં આવે. જે વાતની ગંભીરતાને ધ્યાને લઇ રાજકોટ શહેરમાં ખાસ આ પ્રકારની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે મળતી માહિતી મુજબ મહાનગરપાલિકા પણ ડિમોલિશન કરી રહ્યું છે તો સામે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પણ હાલ તમામ જરૂરી પગલાંઓ લેવામાં આવી રહ્યા છે અને ડિમોલિશન હાથ ધરાઈ રહ્યા છે.

મળતી માહિતી મુજબ ભાવનગર રોડ પર આવેલા ઢાંઢણી અને અણીયારા ગામ ખાતે મહેસુલ વિભાગે ઓપરેશન ડિમોલીશન હાથ ધરી રૂા.૫૦ લાખની જમીન પર ખડકાયેલા દબાણોની સાફસુફી કરી હતી. આ અંગે કલેકટર કચેરીના સુત્રોએ જણાવ્યું હતું કે રાજકોટના ભાવનગર રોડ પર આવેલ ઢાંઢણી અને અણીયારામાં સરકારી જમીન પર ખડકાયેલા દબાણોને તોડી પાડવા માટે અગાઉ મહેસુલ વિભાગ દ્વારા નોટીસ દબાણકારોને ફટકારવામાં આવી હતી. જેમાં દબાણો દૂર કરવા માટેની છેલ્લી મુદ્દત આપવામાં આવી હતી.

પરંતુ આ મુદત દરમ્યાન દબાણકારોએ ખડકેલા દબાણ નહીં હટાવાતા અંતે રેવન્યુ વિભાગના અધિકારીઓએ ઢાંઢણી અને અણીયારામાં પોલીસ કાફલા સાથે દોડી જઈ સરકારી જમીનો પર અનઅધિકૃત રીતે ખડકાયેલા આ દબાણો હટાવ્યા હતા. જેમાં ૧૫૦ વારમાં ખડકાયેલ મકાન અને ત્રણ ઝુંપડા બુલડોઝરની તોડી પાડવામાં આવેલ હતા. આ દબાણ હટાવ કામગીરી નાયબ મામલતદાર ભૂમી લાવડીયા તથા તેમના સાથે કર્મચારીઓ દ્વારા કરવામાં આવી હતી. હાલ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા એક નહીં અને દબાણો દૂર કરવા માટેની કામગીરી શરૂ કરી દીધી છે ત્યારે જરૂરી એ છે કે આ બાબતે ગંભીરતાપૂર્વક વિચાર કરવામાં આવે અને ખાસ તો એ સ્પષ્ટતા કરાઈ છે કે મામલતદાર અને પ્રાંત અધિકારીઓ દ્વારા તેમના વિસ્તારની યાદી તૈયાર કરી જે પણ દબાણો થયેલા હોય તેને તાકીદે દૂર કરાય.

આ તમામ કામગીરી અંગે રાજ્ય સરકાર સતત દેખરેખ રાખી રહી છે અને જરૂરી સૂચનો પણ આપવામાં આવી રહ્યા છે. હજુ પણ જિલ્લામાં અનેકવિધ દબાણો થયેલા છે જેને દૂર કરવા માટેની તજવીજ કલેકટર કચેરી દ્વારા હાથ ધરવામાં આવેલી છે. ખાસ મામલતદારોને સૂચિત કરવામાં આવ્યા છે કે તેમના દ્વારા આ કામગીરી ઝડપભેર કરવામાં આવે. હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ સરકાર દબાણ મુક્ત ગુજરાતની ખેવના કરે છે પરંતુ સમયાંતરે જે રીતે દબાણો સામે આવી રહ્યા છે તેનો મતલબ સ્પષ્ટ છે કે અગાઉ અધિકારીઓ દ્વારા આ બાબતે કોઈ ધ્યાન દેવામાં આવ્યું નથી.



રાજકોટ મિરર
તંત્રીની કલમે

# સુરક્ષાનું મોત

## નવૃત પોલીસ અધિકારી અને SRP જવાનના આપઘાત સામાન્ય ન ગણાય



રાજકોટ શહેરમાં બે દિવસમાં બે આપઘાતના બનાવો બન્યા. આ ઘટનાઓ સામાન્ય નથી. એક નિવૃત્ત પોલીસ અધિકારીએ આત્મહત્યા કરી. બીજા બનાવમાં SRP જવાનનું મૃત્યુ થયું. સુરક્ષા વ્યવસ્થા સાથે જોડાયેલા લોકોનો આપઘાત ગંભીર બાબત છે. SRP જવાને તો પોલીસ કમિશનર કચેરીના ગેઈટ પર જ જીવન ટૂંકાવ્યું.

પોલીસ અને SRPની નોકરી ખૂબ અઘરી હોય છે. આ નોકરીમાં સતત તણાવ રહે છે. તેમને કાયમ કાયદો અને વ્યવસ્થા જાળવવી પડે છે. લાંબા સમય સુધી ડ્યુટી કરવી પડે છે. રજાઓ પણ પૂરતી મળતી નથી. ક્યારેક કડક નિર્ણય લેવા પડે છે. તેનાથી માનસિક દબાણ વધે છે. તેઓ પોતાના પરિવારને પણ પૂરતો સમય આપી શકતા નથી. આ તમામ પરિબળો તેમના માનસિક સ્વાસ્થ્યને અસર કરે છે.

સુરક્ષાની જવાબદારી સંભાળતા લોકોનું માનસિક સ્વાસ્થ્ય સારું હોવું જરૂરી છે. સમાજની સુરક્ષાનો ભાર તેમના ખભા પર છે. જો તેઓ પોતે જ માનસિક તણાવમાં હશે, તો તેમનું કામ કેવી રીતે સારી રીતે કરી શકશે? આ ઘટનાઓ સૂચવે છે કે સિસ્ટમમાં કંઈક ખામી છે.

પોલીસ અને SRP જવાનો માટે ખાસ વ્યવસ્થા થવી જોઈએ. તેમને નિયમિત કાઉન્સેલિંગ મળવું જોઈએ. તેમના કામના કલાકો નક્કી થવા જોઈએ. પરિવાર સાથે સમય ગાળવા પૂરતી રજાઓ મળવી જોઈએ. નોકરીના સ્થળે તેમનું વાતાવરણ ચિંતામુક્ત હોવું જોઈએ. સુરક્ષા કરનારા પ્રસન્ન અને ચિંતામુક્ત રહે તેવી વ્યવસ્થા જરૂરી છે. સરકારે આ બાબતને ગંભીરતાથી લેવી જોઈએ. આત્મહત્યાના મૂળ કારણો શોધીને તેને દૂર કરવાના પગલાં લેવા જોઈએ.

સતત ગુન્હાખોરોની વચ્ચે રહેવું પણ સરળ નથી.પોલીસ-SRP વગેરે અંગે સમાજમાં પણ પારાવાર નારાજગી જ જોવા મળતી હોય છે.મીડિયા મોટાભાગે પોલીસ પ્રત્યે નકારાત્મક રિપોર્ટિંગ કરતા રહે છે.પોલીસતંતિરમાં પણ હપ્તાખોરીની વ્યાપક બદી જોવા મળે છે.અધ્યાપક જેવાની તુલનાએ પોલીસ તંત્રમાં પગાર કેટલાં હોય છે? સતત જોખમ,નિરંતર સમય , સખત તનાવ છતાં સામાન્ય પગાર..લાગતું નથી કે હવે નવેસરથી વિચારણા કરવાનો સમય આવી ગયો છે? સુરક્ષા તંત્ર જ સુરક્ષિત ન હોય તે યેગ્ય બાબત નથી જ.

આ બાબતે ગંભીરતા જરુરી છે.તનાવ અને સતત અનિયમિતતાના કારણે પોલીસ નોકરી દરમિયાન રોગી બની જાય છે, આ કારણે નિવૃતિમાં પણ મોટાભાગે સરળ જીવન મળતું નથી.સુરક્ષા તંત્રની સુરક્ષા-પ્રસન્નતાનો વિચાર કરવો અનિવાર્ય છે.



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# કોવિડથી 1596 ડોકટરોના મોત, 475 ને વળતર

## માહિતી અધિકાર દ્વારા જાહેર કરાયેલા ડેટા વધુ ચિંતાજનક, માત્ર ૨૧ ટકાને જ લાભ

નવીદિલ્હી, તા. ૧૨
કોવિડ-૧૯ મહામારી ભારતની સૌથી મોટી આરોગ્ય કટોકટીમાંની એક રહી છે. આ એવો સમય હતો જ્યારે દેશમાં દરેક વ્યક્તિએ આરોગ્ય સંભાળ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. હોસ્પિટલના પલંગની અછત, ઓક્સિજન કટોકટી અને ચેપગ્રસ્ત દર્દીઓની સંખ્યામાં વધારો વચ્ચે, ફ્રન્ટલાઈન પર રહેલા લોકોમાં ડોકટરો, નર્સો, પેરામેડિક્સ અને અન્ય આરોગ્ય સંભાળ કાર્યકરો હતા. આ લડાઈમાં હજારો આરોગ્ય સંભાળ કાર્યકરોએ પોતાનો જીવ જોખમમાં મૂક્યો, અને ઘણાએ પોતાના જીવ પણ ગુમાવ્યા. પરંતુ રોગચાળો પસાર થયા પછી, એક મોટો પ્રશ્ન ઉભો થયોઃ શું પોતાના જીવનનું બલિદાન આપનારા ડોકટરોના પરિવારોને ખરેખર વચન મુજબ સન્માન અને સુરક્ષા મળી?

સુપ્રીમ કોર્ટે ગુરુવારે આ મુદ્દા પર એક સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો, જેમાં કહેવામાં આવ્યું કે કોવિડ-૧૯ મહામારી દરમિયાન ફરજ બજાવતા મૃત્યુ પામેલા તમામ ડોકટરોના પરિવારોને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ ₹૫૦ લાખનો વીમો પૂરો પાડવો જોઈએ. બેન્ચે જણાવ્યું હતું કે રોગચાળા દરમિયાન સરકાર દ્વારા ડોકટરોની સેવાઓ ઔપચારિક રીતે માંગવામાં આવી હતી, અને તેથી, આ મહત્વપૂર્ણ મુદ્દા પર સરકારી અને ખાનગી ડોકટરો વચ્ચે કોઈ



ભેદભાવ ન હોવો જોઈએ. માર્ચ ૨૦૨૦ માં, કેન્દ્ર સરકારે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ પેકેજ (PMGKP) હેઠળ આરોગ્ય સંભાળ કામદારો માટે ₹૫૦ લાખના વીમા કવચની જાહેરાત કરી. તેનો ઉદ્દેશ સ્પષ્ટ હતોઃ કોવિડ-૧૯ ની સારવાર કરતી વખતે ચેપનો ભોગ બનેલા ડોકટરો અને આરોગ્ય સંભાળ કામદારોના પરિવારોને નાણાકીય સુરક્ષા પૂરી પાડવાનો.

આ યોજના ફક્ત સરકારી હોસ્પિટલો સુધી મર્યાદિત ન હતી; તેમાં સમુદાય-આધારિત આરોગ્ય સંભાળ કામદારો અને ખાનગી ક્ષેત્રના આરોગ્ય વ્યાવસાયિકોનો પણ સમાવેશ થતો હતો. તે સમયે, સરકારે સંદેશ આપ્યો હતો કે રાષ્ટ્ર રોગચાળા દરમિયાન સેવા આપતા ડોકટરો, સરકારી હોય કે ખાનગી, સાથે ઉભો છે. યોજનાની જાહેરાત પછી પણ, જમીન પર ઘણી અસ્પષ્ટતાઓ ઉભી થઈ. સૌથી મહત્વપૂર્ણ પ્રશ્ન એ હતો કે શું ખાનગી હોસ્પિટલો અને ક્લિનિક્સમાં કામ કરતા ડોકટરો આ વીમા હેઠળ આવરી લેવામાં આવશે. ઘણા કિસ્સાઓમાં, વીમા કંપનીઓ અને વહીવટીતંત્રે દલીલ કરી હતી કે જો ડોકટરો સરકારી આદેશ હેઠળ અથવા સૂચિત COVID હોસ્પિટલમાં ફરજ પર ન હોય, તો તેમને યોજનાના લાભો પૂરા પાડી શકાતા નથી. આ મૂંઝવણને કારણે, સેંકડો પરિવારો વર્ષો સુધી વળતર માટે ભટકતા રહ્યા.

આ ચાલી રહેલા વિવાદ વચ્ચે, માહિતી અધિકાર દ્વારા જાહેર કરાયેલા ડેટા વધુ ચિંતાજનક ચિત્ર રજૂ કરે છે. કન્નુરના નેત્ર ચિકિત્સક ડો. કેવી. બાબુ દ્વારા દાખલ કરાયેલા RTI મુજબ, ઓક્ટોબર ૨૦૨૩ સુધીમાં ફક્ત ૪૭૫ ડોક્ટરોના પરિવારોને વળતર આપવામાં આવ્યું હતું. જોકે, ઈન્ડિયન મેડિકલ એસોસિએશન અનુસાર, પ્રથમ અને બીજા તબક્કા દરમિયાન કુલ ૧,૫૯૬ ડોક્ટરોના મૃત્યુ થયા હતા. પરિણામે, ફક્ત ૨૧ ટકા ડોક્ટરોના પરિવારોને વીમા રકમ મળી હતી.

# લોકો સુધી પહોંચવા ટેકનોલોજીનો કરો ઉપયોગ

## વડાપ્રધાન મોદીએ NDA સાંસદોને કરી તાકીદ



નવીદિલ્હી, તા. ૧૨
વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શિયાળુ સત્ર દરમિયાન ઉત્તર પ્રદેશના NDA સાંસદો સાથે મુલાકાત કરી હતી. આ પહેલા, તેમણે ૧૧ ડિસેમ્બરે સંસદમાં બિહાર NDA સાંસદો સાથે મુલાકાત કરી હતી. બેઠક દરમિયાન, ડ્ઢખ મોદીએ સાંસદોને લોકો સુધી પહોંચવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવાની સલાહ આપી હતી. તેમણે કહ્યું, ''કાર્યકર્તાઓ તમારી પાછળ ઉભા છે, ફક્ત તમારું કામ કરો.'' બેઠક પછી, વડા પ્રધાને સાંસદોને લોકો સુધી પહોંચવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવાની સલાહ આપી. તેમણે સાંસદોને સોશિયલ મીડિયા પર વધુ સક્રિય રહેવા અને જનસમર્થન મજબૂત કરવાની સલાહ આપી. તેમણે સાંસદોને સાંસદો સાથે ઉભા રહેવા માટે પણ વિનંતી કરી, ''કાર્યકર્તાઓ તમારી પાછળ ઉભા છે, ફક્ત તમારું કામ કરો.'' કોંગ્રેસ પાર્ટીનું ઉદાહરણ આપતા તેમણે કહ્યું, ''કોંગ્રેસ પાર્ટી ફક્ત વચનો આપે છે અને પછી ચૂંટણી નજીક આવતાની સાથે કામ કરવાનો ડોળ કરવાનું શરૂ કરે છે. તેનાથી વિપરીત, અમે સતત કામ કરીએ છીએ, પરંતુ અમારી યોજનાઓ અને સિદ્ધિઓનો પૂરતો પ્રચાર થતો નથી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૧ ડિસેમ્બરે ગઉઅના તમામ સાંસદોને રાત્રિભોજન માટે આમંત્રણ આપ્યું હતું. આ રાત્રિભોજન નરેન્દ્ર મોદીએ તેમના સત્તાવાર નિવાસસ્થાન, ૭, લોક કલ્યાણ માર્ગ ખાતે યોજ્યું હતું. આ સમયગાળા દરમિયાન, ડ્ઢખ મોદીએ સાંસદો સાથે મુલાકાત કરી. તેમણે સોશિયલ મીડિયા પર એમ પણ વ્યક્ત કર્યું કે NDA સાંસદોને રાત્રિભોજન માટે આમંત્રણ આપવું એ ખૂબ જ સુખદ અનુભવ હતો. NDA પરિવાર સુશાસન, રાષ્ટ્રીય વિકાસ અને પ્રાદેશિક આકાંક્ષાઓ પ્રત્યેની સહિયારી પ્રતિબદ્ધતાનું પ્રતીક છે. ૯ ડિસેમ્બરે, સંસદ ભવનમાં NDA સંસદીય પક્ષની એક બેઠક યોજાઈ હતી, જેમાં PM મોદી પણ હાજર રહ્યા હતા. આ બેઠક દરમિયાન, બધા સાંસદોએ PM મોદીનું સન્માન કર્યું હતું. તેમણે સાંસદોને કહ્યું કે ભારત ''રિફોર્મ એક્સપ્રેસ'' તબક્કામાં સંપૂર્ણપણે પ્રવેશી ગયું છે, જે ઝડપી અને નાગરિક-કેન્દ્રિત શાસન પરિવર્તન લાવશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શિયાળુ સત્ર દરમિયાન ઉત્તર પ્રદેશ અને બિહારના ગઉઅ સાંસદો સાથે મુલાકાત કરી હતી. તેમણે સાંસદોને ટેકનોલોજી અને સોશિયલ મીડિયા દ્વારા જનતા સાથે જોડાવા, જાહેર સમર્થન મજબૂત કરવા અને તેમની યોજનાઓનો વ્યાપકપણે પ્રચાર કરવાની સલાહ આપી હતી.

## કેબિનેટ બેઠકમાં નિર્ણયને મંજૂરી : ગ્રામીણ ગરીબો માટે દર વર્ષે ૧૨૫ દિવસ કામ સુનિશ્ચિત કરશે

# મનરેગાનું નવું નામ પૂજ્ય બાપુ ગ્રામીણ રોજગાર ગેરંટી

નવીદિલ્હી, તા. ૧૨.
કેન્દ્રની મોદી સરકાર મનરેગા યોજનાનું નામ બદલીને રજૂ કરશે. શુક્રવારે મળેલી કેબિનેટ બેઠકમાં આ નિર્ણયને મંજૂરી આપવામાં આવી હતી. સરકાર મનરેગાનું નામ બદલીને પૂજ્ય બાપુ ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના રાખશે, જે ગ્રામીણ ગરીબો માટે દર વર્ષે ૧૨૫ દિવસ કામ સુનિશ્ચિત કરશે. સરકાર આ યોજના માટે ₹૧.૫૧ લાખ કરોડ ફાળવશે. મનરેગા યોજના ૨૦૦૫ માં તત્કાલીન મનમોહન સિંહ સરકારે શરૂ કરી હતી. શરૂઆતમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ નામ આપવામાં આવ્યું હતું, પરંતુ બાદમાં તેનું નામ બદલીને મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ (મનરેગા) રાખવામાં આવ્યું. આ યોજના એક ભારતીય શ્રમ કાયદો અને સામાજિક સુરક્ષા માપદંડ છે જેનો ઉદ્દેશ્ય ''કામ કરવાનો અધિકાર'' ની ખાતરી આપવાનો છે. ૨૦૦૫ થી, ૧૫૪ મિલિયન લોકો આ યોજના હેઠળ સક્રિય રીતે કામ કરી રહ્યા છે.

કેબિનેટની બેઠકમાં પરમાણુ ઉર્જા બિલને પણ મંજૂરી મળી શકે છે. આ બિલને શાંતિ બિલ ૨૦૨૫ નામ આપવામાં આવી શકે છે. આ પરમાણુ ઉર્જા ક્ષેત્રમાં નવી નીતિગત રોકાણ અને ટેકનોલોજી પ્રમોશનનો માર્ગ મોકળો કરી શકે છે. મનરેગા યોજના હેઠળ, લોકોને વાર્ષિક ૧૦૦ દિવસની




રોજગારી પૂરી પાડવામાં આવે છે. આ કાર્યક્રમ દેશના ગ્રામીણ પરિવારોને આર્થિક સ્થિરતા અને આજીવિકા પૂરી પાડતી સૌથી મોટી સરકારી ફ્લેગશિપ યોજનાઓમાંની એક છે. આ સમગ્ર યોજના ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા સંચાલિત છે. હવે, યોજનાનું નામ બદલવાની તૈયારીઓ ચાલી રહી છે. એવું માનવામાં આવે છે કે આ નિર્ણયને કેબિનેટ બેઠકમાં મંજૂરી મળી શકે છે. મનરેગાને નરેગા તરીકે પણ ઓળખવામાં આવે છે.

પૂજ્ય બાપુ ગ્રામીણ રોજગાર ગેરંટી બિલ ૨૦૨૫: મનરેગાનું નામ બદલવાના પ્રસ્તાવને કેબિનેટ બેઠકમાં મંજૂરી આપવામાં આવી છે. સરકારનો દાવો છે કે આ યોજનાને એક નવી ઓળખ આપશે. વિકાસિત ભારત શિક્ષા અધિષ્ઠાન બિલ ૨૦૨૫: શિક્ષણ ક્ષેત્રમાં મોટા સુધારાઓ સમાવિષ્ટ આ બિલને પણ મંજૂરી મળે તેવી શક્યતા છે. તેનો ધ્યેય શિક્ષણ પ્રણાલીને વિકસિત ભારતના વિઝન સાથે જોડવાનો છે. કેન્દ્રમાં મોદી સરકાર મનરેગા યોજનાનું નામ બદલશે. શુક્રવારે મંત્રીમંડળની બેઠકમાં આ નિર્ણયને મંજૂરી આપવામાં આવી હતી. સરકાર મનરેગાનું નામ બદલીને પૂજ્ય બાપુ ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના રાખશે, જે ગ્રામીણ ગરીબો માટે દર વર્ષે ૧૨૫ દિવસનું કામ સુનિશ્ચિત કરશે.

# લોકસભામાં ગાજ્યો પ્રદુષણનો મુદ્દો

## વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ સરકાર પર સાધ્યું નિશાન, કહ્યું નક્કર માસ્ટર પ્લાન બનાવવો જરૂરી

નવીદિલ્હી, તા. ૧૨
શુક્રવારે સંસદમાં દિલ્હી-એનસીઆર સહિત દેશભરના અનેક મોટા શહેરોમાં પ્રદૂષણનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે આપણા મોટાભાગના મુખ્ય શહેરો ઝેરી હવાના આવરણ હેઠળ જીવી રહ્યા છે. બાળકો અને વૃદ્ધો પીડાઈ રહ્યા છે. વાયુ પ્રદૂષણ દરેકને નુકસાન પહોંચાડી રહ્યું છે. તેમણે સરકારને વાયુ પ્રદૂષણનો સામનો કરવા માટે એક યોજના વિકસાવવા વિનંતી કરતા કહ્યું, ''આપણે બધા સાથે મળીને કામ કરવા તૈયાર છીએ.'' સરકારે એમ પણ કહ્યું કે તે ઉકેલ શોધવા માટે તૈયાર છે. લોકસભામાં બોલતા, કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ જીવલેણ વાયુ પ્રદૂષણ અંગે કહ્યું, ''આપણા મોટાભાગના મુખ્ય શહેરો ઝેરી હવાના આવરણ હેઠળ જીવી રહ્યા છે. લાખો બાળકો ફેફસાના રોગથી પીડાઈ રહ્યા છે. તેમનું ભવિષ્ય બરબાદ થઈ રહ્યું છે. લોકોને કેન્સર થઈ રહ્યું છે. વૃદ્ધોને શ્વાસ લેવામાં ગંભીર તકલીફ પડી રહી છે.

તેમણે વધુમાં કહ્યું, ''આ એક રસપ્રદ મુદ્દો છે કારણ કે મને વિશ્વાસ છે કે આ મુદ્દા પર કેન્દ્ર સરકાર અને અમારી વચ્ચે સંપૂર્ણ સંમતિ થશે. આ કોઈ અભિપ્રાયનો વિષય નથી. આ ગૃહમાં દરેક વ્યક્તિ સંમત થશે કે વાયુ પ્રદૂષણ, જે આપણા લોકોને નુકસાન પહોંચાડી રહ્યું છે, તે એવી વસ્તુ છે જેના પર આપણે બધા સાથે



મળીને કામ કરવા માંગીએ છીએ.'' પ્રદૂષણ પર ધ્યાન આપવાની જરૂર છે. વાયુ પ્રદૂષણને સંબોધવા માટે ચોક્કસ યોજનાની જરૂરિયાત વિશે બોલતા, રાહુલ ગાંધીએ કહ્યું, ''હવે એ જરૂરી છે કે સરકાર આપણા શહેરોમાં વાયુ પ્રદૂષણને સંબોધવા માટે એક યોજના વિકસાવશે. અમે આવી યોજના વિકસાવવા માટે સરકાર સાથે કામ કરવા તૈયાર છીએ. આજકાલ, એવા ઘણા મુદ્દાઓ નથી કે જેના પર સરકાર અને સમગ્ર વિપક્ષ સંમત થઈ શકે.

પ્રિયંકા ગાંધી વાડ્રાએ વાયુ પ્રદૂષણ અંગે એમ પણ કહ્યું હતું કે, ''દરેક વ્યક્તિ સંમત છે કે વાયુ પ્રદૂષણ પર ચર્ચા થવી જોઈએ, ફક્ત ચર્ચા જ નહીં, પરંતુ નક્કર પરિણામો પણ આવવા જોઈએ. દર વર્ષે પ્રદૂષણનું સ્તર વધી રહ્યું છે. મને લાગે છે કે સરકારે સંસદમાં આ મુદ્દા પર ચર્ચા કરવી જોઈએ. આપણે પ્રયાસ કરવો જોઈએ કે તેને એવી ચર્ચા ન બનાવવામાં આવે જ્યાં આપણે તમને અને તમે અમને ગાળો આપો. મને લાગે છે કે આપણે આને એવી ચર્ચા બનાવવી જોઈએ જેમાં આપણે બધા ભાગ લઈએ, દેશને બતાવીએ કે આ મૂળભૂત મુદ્દા પર પરસ્પર સંમતિ છે અને શ્રેષ્ઠ દિમાગ તેને ઉકેલવા માટે રોકાયેલા રહેશે. મને લાગે છે કે જો આપણે આ અંગે વિગતવાર ચર્ચા કરીએ તો સારું રહેશે, અને પછી વડા પ્રધાન દરેક શહેર માટે એક ચોક્કસ યોજના વિકસાવશે જેથી, જ્યારે આપણે આગામી ૫ કે ૧૦ વર્ષમાં સમસ્યાનો ઉકેલ લાવી શકીશું નહીં, તો પણ આપણે તેનો ઉકેલ કેવી રીતે શોધી શકીશું અને આપણા લોકોનું જીવન સરળ બનાવીશું?

### રાજકોટ પોલીસ કમિશનર કચેરીના ગેઈટ નંબર-૩ ખાતે ફરજ દરમિયાન એવુ તે શું બન્યું કે જવાનને મોત મેળવવું પડ્યું? પરિવારજનો પણ જાણતાં નથી કારણ

# ચાલુ ફરજે SRP જવાને રાઈફલ ફોડી જીવ દીધો

## મુળ કચ્છ રાપર પંથકના વતની પચાસ વર્ષના જીલુભા રાઠોડ છએક મહિનાથી રાજકોટ ફરજ બજાવતાં હતાં અને પત્નિ સાથે ઘંટેશ્વર કેમ્પ ક્વાર્ટરમાં રહેતાં હતાં






રાજકોટ, તા. ૧૨

ફોર્સમાં ફરજ દરમિયાન ઘણીવાર જવાનો થાકી થતાં હોય છે કે પછી અલગ અલગ કારણોસર ન ભરવાના પગલા ભરી લેતાં હોય છે. ઘણા એવા પણ હોય છે જે પોલીસ કે સૈન્યની ફરજમાંથી નિવૃત થયા પછી પણ આ પ્રકારના પગલા ભરવા તરફ વળી જતાં હોય છે. રાજકોટ શહેરમાં સતત બે દિવસમાં બે આવી ઘટના બની ગઇ છે જે પોલીસબેડાને ચોંકાવી ગઇ છે. શહેરના જામનગર રોડ પર પુનીતનગરમાં રહેતાં અને અગાઉ શહેર પોલીસ કમિશનર કચેરીમાં કન્ટ્રોલ રૂમમાં ફરજ બજાવી ચુકેલા નિવૃત એએસઆઇએ પરવાનાવાળી રિવોલ્વરથી આપઘાત કર્યાના બીજા જ દિવસે પોલીસ કમિશનર કચેરી ખાતે જ ફરજ બજાવતાં એસઆરપી જવાને સર્વિસ રાઇફલથી છાતીમાં ભડાકો કરી જીવ આપી દીધો છે.

શહેર પોલીસ કમિશનર કચેરીના ગેઇટ નંબર-૩ ઉપર રાતે સાડા ત્રણ વાગ્યે ચાલુ ફરજે એવુ તો શું બન્યું? એવા તે કયા કારણો ઉભા થયા કે એસઆરપી જવાનને પોતાનો જીવ આપવો પડ્યો? આ સવાલો સર્વત્ર ચર્ચાઇ રહ્યા છે. પણ આના જવાબ આત્મહત્યા કરનારા એસઆરપીમેનના પરિવારજનો પાસે પણ હાલ પુરતા નથી. આ ઘટનાનું કારણ જાણવા સહિતની વિગતો મેળવવા પોલીસ કામે લાગી છે. વિગતો જોઇએ તો પોલીસ કમિશનર કચેરીના ગેઇટ પર નાઇટ ડ્યુટીમાં ફરજ બજાવી રહેલા એસઆરપીમેને વહેલી પરોઢ સાડા ત્રણેક વાગ્યે ઓનડ્યુટી હતાં ત્યારે પોતાની સર્વિસ રાયફલથી છાતીમાં ગોળી ધરબી આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઇ છે.

મુળ કચ્છના રાપર પંથકના વતની એસઆરપીમેન હાલ ધર્મપત્નિ સાથે રાજકોટ રહી ફરજ બજાવતાં હતાં. ઘંટેશ્વર કેમ્પ ક્વાર્ટરમાં રહેતાં એસઆરપી ગ્રુપ-૧૩ સી કંપનીના કોન્સ્ટેબલ ગજુભા જીલુભા રાઠોડ કે જમમી ઉમર પચાસ વર્ષની હતી તેઓની નોકરી રાજકોટ શહેર પોલીસ કમિશનર કચેરી ખાતે હોઇ ગઇકાલે તેમની નાઇટ ડ્યુટી હોવાથી તે સમયસર નોકરી પર હાજર થઇ ગયા હતાં. આ પછી રાતે સાડા ત્રણ કલાકે પોલીસ કમિશનર કચેરીના મુખ્ય પ્રવેશદ્વાર કે જે ગેઇટ નં. ૩ તરીકે ઓળખાય છે ત્યાં ફાયરીંગનો અવાજ થયો હતો. આથી કર્મચારીઓ દોડી ગયા હતાં. તપાસ થતાં ફરજ પર રહેલા એસઆરપી જવાન ગજુભા રાઠોડે સર્વિસ રાયફલથી પોતાની છાતીમા ભડાકો કરી લીધાનું જણાતાં સૌ ચોંકી ગયા હતાં. તુરત જ ગજુભાને લોહી નીતરતી હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

પરંતુ અહિ વહેલી સવારે પાંચ અને પચાસ કલાકે તબિબે તેમને નિષ્પ્રાણ જાહેર કરતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. બનાવની જાણ થતાં મૃતકના પરિવારજનો રાજકોટ, કચ્છથી હોસ્પિટલે પહોંચ્યા હતાં. એસઆરપી ગ્રુપના કમાન્ડન્ટ ભરતસિંહ ઝાલા સહિતના પણ હોસ્પિટલે પહોંચી ગયા હતાં. હોસ્પિટલ ચોકીના અમૃતભાઇ મકવાણા, યુવરાજસિંહ પરમાર, રવિભાઇ, ધર્મેન્દ્રભાઇ, શક્તિસિંહે જાણ કરતાં પ્ર.નગર પીઆઇ વી. આર. વસાવાની રાહબરીમાં પીએસઆઇ રાણીંગા, જયંતિભાઇ સહિતે હોસ્પિટલે પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી. પોલીસે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવવા તજવીજ કરી મૃતકની કચેરીના વડા, મૃતકના સગા સંબંધી, સાથી કર્મચારીઓ પાસેથી વિગતો મેળવવા પ્રયાસ કર્યો હતો. જો કે પ્રાથમિક તબક્કે કોઇ કારણ જાણી શકાયું નહોતું.

વધુ માહિતી અનુસાર આત્મહત્યા કરી લેનારા ગજુભા જીલુભા રાઠોડ મુળ કચ્છના રાપર તાબેના મોડા ગામના વતની હતાં. તે પોતાના પત્નિ સાથે ઘંટેશ્વર કેમ્પ ક્વાર્ટરમાં રહેતાં હતાં. સંતાનમાં બે દિકરી છે. તેમના ભાઇઓ સહિતના પરિવારજનો વતન કચ્છમાં રહે છે. જીલુભા જે કંપનીમાં ફરજ બજાવતાં હતાં તે સી-કંપની રાજકોટમાં છ મહિનાથી મુકાઇ છે. સગાના કહેવા મુજબ જીલુભાને આત્મહત્યા કરવી પડે તેવું કોઇ કારણ હાલ અમારી નજર સામે નથી. તેમણે આ પગલુ શા માટે ભર્યુ તેની અમને પણ ખબર નથી. અંતિમવિધી બાદ પોલીસ પરિવારજનો, સાથી કર્મચારીઓ સહિતના નિવેદન નોંધી આપઘાતનું કારણ જાણવા તપાસ કરશે. આ ઘટનાએ પોલીસબેડા, એસઆરપી ગ્રુપ એસઆરપી કેમ્પમાં ગમગીની ફેલાવી દીધી છે. ગૃહકલેશ, નોકરીનું ટેન્શન કે પછી અન્ય કોઇ બાબતો આ જવાનને આપઘાત તરફ દોરી ગઇ? તેની તપાસ હવે પછી થશે.

ઉલ્લેખનીય છે કે રાજકોટ શહેરમાં જામનગર રોડ પર પુનિતનગરમાં રહેતાં પોલીસ કન્ટ્રોલ રૂમના નિવૃત આસી સબ ઇન્સ. નિરંજનભાઇ આર. જાનીએ પરમ દિવસે રાતે પોતાના ઘરે પરવાનાવાળી રિવોલ્વરથી લમણે ગોળી ધરબી આપઘાત કરી લીધાની ઘટના તાજી જ છે ત્યાં વધુ એક કિસ્સામાં એસઆરપી જવાને ફાયરીંગ કરી મોત મેળવ્યું હતું. જોગાનુંજોગ આ બંને કિસ્સામાં પોલીસ કમિશનર કચેરી ક્યાંક ને ક્યાંક એક બીજા સાથે સંકળાયેલી રહી હતી. નિવૃત એએસઆઇ પણ આ કચેરીનમાં બેસતા કન્ટ્રોલ રૂમમાં ફરજ બજાવી ચુક્યા હતાં. તો એસઆરપી મેનની પણ અહિ જ નોકરી હતી ત્યારે ચાલુ ફરજે આ પગલુ ભર્યુ હતું. આ વાતે પોલીસબેડામાં ચર્ચા જગાવી છે.

# ફ્રોડથી નાણા મેળવતી ટોળકીના એજન્ટ સહીત ૭ સામે ગુનો, ૪ ઝબ્બે

## સુરતના મુસ્તકીમ અમીન માલાણી, તાઝીમ અમીન માલાણી અને જેતપુરના ગૌરવ ભટ્ટને શોધતી પોલીસ



રાજકોટ, તા.૧૨

ભોળા લોકોને સોશિયલ મીડીયાના માધ્યમથી છેતરી, ભોળવીને નાણા પડાવતી ટોળકીનો પોલીસે પર્દાફાશ કર્યો છે. સાત શખ્શોની ઠગટોળકીમાંથી જેતપુર પોલીસે ૪ને દ્બોચી, ૧.૭૫ લાખનો મુદ્દામાલ કબજે કરી બે સુરતના અને એક જેતપુરના મળી ત્રણેયની શોધખોળ આદરી છે. પકડાયેલા શખ્શોમાં અજીમ ઇકબાલ સોલંકી (રહે. કરશન મુળજી શેરી, ફુલવાડી રોડ, જેતપુર), મીત જગદિશ ગુજરાતી, (રહે. ડોક્ટર ભીખાજીની શેરી, ફુલવાડી ઢોરો, જેતપુર) ફેજાન ફારૂક વાડીવાલા, (રહે. ચક્કી વાળી શેરીમાં, લાદી રોડ, જેતપુર,) તેમજ હર્ષ સુનીલ પરમાર, (રહે. લોહાણા શેરી, મોટા ચોક, જેતપુર, ચોક, જેતપુરનો સમાવેશ થાય છે.

જેતપુર સીટી પોલીસે ભારત સરકારના (Indian Cyber Crime Coordination Center) નવી દિલ્હી તરફથી મ્યુલ બેંક એકાઉન્ટ ની માહિતી મળી હતી. જે અન્વયે રાજકોટ રેન્જના પોલીસ મહાનીરીક્ષક અશોકકુમાર યાદવ, રાજકોટ ગ્રામ્ય જીલ્લાના પોલીસ અધિક્ષક વિજય સિંહ ગુર્જર,જેતપુર ડીવીઝનના મદદનીશ પોલીસ અધિક્ષક સીમરન ભારદ્વાજએ સાયબર ક્રાઇમના બનતા ગુનાઓમાં વપરાતા મ્યુલ એકાઉન્ટનો'' ઉપયોગ કરી સાયબર ફ્રોડ આચરતા ગુનેગારો તેમજ બેંક એકાઉન્ટ શોધનાર એજન્ટો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા સુચના આપી હતી.

જે અંગે પીઆઇ એ.ડી.પરમાર, રાજકોટ રેન્જ સાઇબર સેલ તેમજ રાજકોટ ગ્રામ્ય સાયબર સેલના સીધા માર્ગદર્શન હેઠળ મ્યુલ બેંક એકાઉન્ટ હોલ્ડરોની તાત્કાલીક પ્રાથમીક તપાસ કરવા માટે પોલીસ સ્ટેશનની અલગ અલગ ટીમો બનાવવામાં આવી હતી. જેમાં મ્યુલ બેંક એકાઉન્ટ હોલ્ડરોની "SAMANVAYA" પોર્ટલ તથા "NCCRP પોર્ટલ તળે સાયબર ફ્રોડના ભોગ બનનાર વ્યકિતઓના બેન્ક ટ્રાન્ઝેકશનોની પ્રાથમીક તપાસ કરતા આરોપીઓએ પોતાના આર્થીક ફાયદા સારૂ, એજન્ટોની સાથે પુર્વ આયોજીત ગુનાહિત કાવતરૂ રચી, મિલાપીપણું કરી, સાયબર ફ્રોડથી મેળવેલા રૂપીયા ૧૪,૩૦,૦૦૦/- ચેકથી વિડ્રો કરી, કેશ મેળવી, સાયબર ફ્રોડના નાણા સગેવગે કરનાર શખ્સો વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા મુજબનો ગુનો દાખલ કરી, તાત્કાલીક ચાર ભેજાબાજને પકડી જેતપુર સીટી પોલીસ ટીમે કાયદેસરની કાર્યવાહી કરી છે.

આરોપીઓ સાયબર ફોર્ડથી મેળવેલા નાણાઓ પોતાના આર્થીક ફાયદો મેળવવા માટે એજન્ટો શોધી, એજન્ટો દ્વારા સબ એજન્ટો શોધી, અલગ અલગ બેંક એકાઉન્ટ હોલ્ડરો શોધી તેને નજીવી લાલચ આપી, એકાઉન્ટ હોલ્ડરના ખાતામાં પૈસા ટ્રાન્સફર કરી, ચેકથી તેમજ ATM દ્વારા કેસ વિડ્રો કરી, આંગડીયા મારફતે પૈસા મેળવવાની મોડસ ઓપરેન્ડી ધરાવતા હોવાનું પોલીસે જણાવ્યું હતું.

પકડાયેલા ચારેય ભેજાબાજ શખ્સોએ તેમની ટોળકીમાં જેતપુરના ગૌરવ ભટ્ટ, મુસ્તકીમ અમીન માલાણી, મુળ રહે, જેતપુર, હાલ રહે. સુરત. તેમજ તાઝીમ અમીન માલાણી, મુળ રહે. જેતપુર, હાલ રહે, સુરત એમ ત્રણેયની સંડોવણી હોવાનું કબુલતા પોલીસે ત્રણેયની શોધખોળ આદરી છે. ચારેય ઠગ પાસેથી પોલીસે ૧.૭૫ લાખના મોબાઈલ સહિતનો મુદ્દામાલ કબજે કર્યો છે. જ્યારે જેતપુર સીટી પો.સ્ટે.ના પીઆઈ એ.ડી.પરમાર, રાજકોટ રેન્જ સાઈબર સેલના પીઆઈ જે.વાય. ચૌહાણ, રાજકોટ ગ્રામ્ય સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનના પીએસઆઈ એમ.એન.રાઠોડ, પો. સબ ઇન્સ. જી.બી.જાડેજા, એ.એસ. આઈ. રવજીભાઈ હાપલીયા, ભાવેશભાઈ ચાવડા, મિલનસિંહ ડોડીયા, પો.હેડ કોન્સ. સાગરભાઈ મકવાણા, રાણાભાઈ વકાતર, પો.કોન્સ. વિરેન્દ્રસિંહ રાઠોડ, શક્તિસિંહ ઝાલા, અમીતભાઈ સીધ્ધપરા, ભગીરથસિંહ જાડેજા, પ્રદિપભાઇ આગરીયા, મચ્છાભાઇ ચીરોડીયા તેમજ આઇ.ટી. એક્સપર્ટ ચેતન્યભાઇ સેન્જલીયા સાહિતનો સ્ટાફ રોકાયો હતો.

### પ્રજાજોગ સંદેશ

જાહેર જનતાને જેતપુર સીટી પોલીસ દ્વારા અપીલ કરાઈ છે કે, નજીવી લાલચમાં કોઇ વ્યક્તિના વિશ્વાસમાં આવી પોતાનું બેંક એકાઉન્ટ, ચેક બુક, અઝખ કે સીમ કાર્ડ અન્ય કોઇ વ્યક્તિઓને આપી, કોઇ વ્યક્તિ તમારા બેંક એકાઉન્ટમાં પૈસા જમા કરે કે કરાવે તો વિડ્રો કરી આપવા નહીં. તે ફ્રોડથી મેળવેલ નાણા હોય શકે છે. તો આવા લોકો વિશ્વાસનો દુરઉપયોગ કરી, સાયબર ફ્રોડ આચરતા હોય છે. જો કોઇ વ્યક્તિ પોતાનું બેંક એકાઉન્ટ, ચેક બુક, અઝખ, સીમ કાર્ડ અન્ય કોઇ વ્યક્તિને વાપરવા કે ઉપયોગ કરવા માટે આપશે તો તેઓની વિરૂધ્ધ પણ કાર્યવાહી કરવામાં આવશે. ઉપરોક્ત ગુનામાં જણાવેલ આરોપીઓએ અન્ય કોઇ વ્યક્તિની સાથે સાયબર ફ્રોડ આચરેલ હોય તો, તુરંત જ જેતપુર સીટી પોલીસનો સંપર્ક કરવા તાકીદ કરી છે.

### એકત્રીસમી ડિસેમ્બર આવુ-આવુ છે ત્યારે બૂટલેગરો-સપ્લાયરો થયા સક્રિય

# બે દરોડામાં એક કરોડ જેટલો વિદેશી દારૂ ઝડપાઇ ગયો

## મોરબી-માળીયા રોડ ટીંબડીના ગોડાઉનમાંથી એકાણુ લાખનો અને શાપર તેમજ કાંગશીયાળીમાંથી પણ જથ્થો ઝડપી લેવામાં સફળતા




રાજકોટ, તા.૧૨

આગામી એકત્રીસમી ડીસેમ્બર આવી રહી હોઇ નાના મોટા નવા જુના બૂટલેગરો સક્રિય થઇ ગયા છે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં દારૂનીરેલમછેલ માટે બૂટલેગરો તૈયાર થઇ ગયા છે, તૈયાર થઇ રહ્યા છે. આ વચ્ચે અલગ અલગ પોલીસ દ્વારા અત્યારથી જ સક્રિય બની જઇ આવી હેરાફેરી ડામવા પ્રયાસ શરૂ થઇ ગયા છે. જેના ભાગ રૂપે લાખોનો જથ્થો ઝડપી લેવામાં અલગ અલગ પોલીસ સફળ થઇ છે. મોરબી માળીયા નેશનલ હાઇવે પર ટીંબડી ગામની સીમમાં એક કોમ્પ્લેક્સના પાર્કિંગમાં આવેલ ગોડાઉનમાંથી પોલીસે અધધધ એકાણુ લાખનો દારૂ ઝડપી લીધો છે. તો બીજી તરફ શાપર વેરાવળ પોલીસે સાડા ચૌદ લાખનો દારૂ પકડી લીધો હતો.

વિગતો પર નજર કરીએ તો અગામી એકત્રીસમી ડિસેમ્બર અંતર્ગત અત્યારથી જ નાના મોટા નવા જુના બૂટલેગરો માલનો સ્ટોક રાખવા તૈયારીમાં પડી ગયા છે. દરમિયાન મોરબી મળીયા પંથકમાં મોટા પ્રમાણમાં વિદેશી દારૂ - બિયરનો જથ્થો ટીંબડીની સીમના ગોડાઉનમાં ઉતારવામાં આવ્યો હોવાનું અને અહીંથી દારૂનું વેચાણ થતું હોવાની બાતમીને આધારે મોરબી તાલુકા પોલીસે દરોડો પાડી વિદેશી દારૂની ૯૫૧૬ બોટલ, બિયરમાં ૩૦૦૦ ટીન અને એક બોલેરો સહિત કુલ રૂ.૯૪,૭૭,૪૮૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આ દારૂ કોણે મંગાવ્યો, કોણે મોકલ્યો, કોણે ઉતાર્યો? તેની તપાસ શરૂ થઇ છે.

વધુ માહિતી અનુસાર મોરબી તાલુકા પોલીસની સર્વેલન્સ ટીમને બાતમી મળી હતી કે, માળીયા મિયાણા નેશનલ હાઇવે પર ટીંબડી ગામની સીમમાં આવેલ ગણેશ કોમ્પલેક્ષમાં પાર્કિંગના આવેલ ગોડાઉનમાં આરોપી તેજસ મનુભાઈ વહેરા રહે. ધરમપુર, મોરબી વાળો દારૂનો જથ્થો છુપાવી વેચાણ કરી રહ્યો છે. ઉક્ત બાતમીને આધારે પોલીસે દરોડો પાડતા ગોડાઉનમાંથી અલગ અલગ બ્રાન્ડની ૯૫૧૬ બોટલ કિંમત રૂ. ૮૫,૪૫,૨૦૦ તેમજ બિયરના ૩૦૦૦ ટીન કિંમત રૂ.૬,૩૨,૨૮૦ અને રૂ.૩ લાખની કિંમતની જીજે-૧૩-ડબ્લ્યુ-૨૮૭૮ નંબરની બોલેરો ગાડી સહિત કુલ રૂપિયા ૯૪,૭૭,૪૮૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જો કે, દરોડા દરમિયાન આરોપી તેજસ મનુભાઈ વહેરા હાજર નહિ મળી આવતા તાલુકા પોલીસે આરોપીને ફરાર દર્શાવી પ્રોહીબિશન એકટ મુજબ કાર્યવાહી કરી હતી.

બીજી તરફ બીજા દરોડાની વિગતો પર નજર કરીએ તો શાપર-વેરાવળ પોલીસે કાંગશીયાળી ગામની સીમમાં વિદેશી દારૂ ભરેલી બે કાર પકડી પાડી ૧૪.૫૬ લાખનો મુદ્દામાલ કબ્જે કરી બંન્ને કાર ચાલકની શોધખોળ હાથધરી હતી. રાજકોટ ગ્રામ્ય જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરએ દારૂ તથા જુગારની બદી નેસ્ત નાબુદ કરવા સુચના કરેલ હોય જેના અનુસંધાને નાથબ પોલીસ અધિક્ષક ગોડલ કે.જી.ઝાલાના માર્ગદર્શન હેઠળ શાપરના પો.ઇન્સ આર. બી. રાણાના માર્ગદર્શનમાં કોન્સ. રાજદીપસિંહ જાડેજાને મળેલ હકીકત આધારે સ્ટાફના માણસોએ કાગશીયાળી ગામની સીમ આવેલ આસ્થાગ્રીન સીટી સોસાયટીના પાકિંગ્ગમાં રાખેલ કાર નંબર જી.જે.૦૧ આર.ડી.૮૭૭૬માંથી ભારતીય બનાવટના અલગ-અલગ બ્રાન્ડની ઇગ્લીશ દારૂની ૧૮૦ એમએલના કાચની શીલબંધ બોટલ નંગ ૯૧૨ કી.રૂ.૧,૮૨,૪૦૦ તથા ૧૮૦ના એમ.એલની કાચની શીલબંધ બોટલ નંગ-૪૮૦ કી.રૂ.૯૬,૦૦૦ અને સ્કોર્પીયો કાર રજીનં. જીજે-૩- એનકે. ૮૭૭૬ કી.રૂ ૧૦,૦૦૦૦૦ મળી કુલ કિ.રૂ. ૧૨,૭૮,૪૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

આ ઉપરાંત શાપર-વેરાવળ પોલીસે કાંગશીયાળી ગામની સીમ આવેલ આસ્થાગ્રીન સીટી સોસાયટીના પાર્કીંગમાં રાખેલ પોલો ટીડી.આઇ. કાર રજી.નં. જીજે-૦૧-આરડી ૮૩૮૪ વાળીમાંથી ભારતીય બનાવટના ઇંગ્લીશ દારૂની બોટલો ૧૮૦ એમ.એલ.ના બોટલો નંગ-૩૯૨ કી.રૂ.૭૮,૪૦૦ તથા પોલો ટી. ડી.આઇ. કાર રજી.નં. જી.જે.૦૧ આર. ડી.૮૩૮૪ કી.રૂ.૧૦૦૦૦૦ મળી કુલ મુદામાલ કિ.રૂ. ૧,૭૮,૪૦૦ લાખનો મુદામાલ કબ્જે કરી ચાલકની શોધખોળ હાથધરી છે. આ કામગીરી શાપર વેરાવળ પો.સ્ટે.ના પો.હેડ કોન્સ. દિનેશભાઈ ખાટરીયા, જગશીભાઇ ઝાલા, પો. કોન્સ લગધીરસીંહ જાડેજા, અલ્પેશભાઇ ડામસીયા , રાજદીપસીંહ જાડેજા તથા વિમલભાઇ વેકરીયા તથા મનસુખભાઇ ચૌહાણ સહિતની ટીમે કરી હતી. આમ દારૂના સપ્લાયરો, બૂટલેગરો પર અત્યારથી પોલીસ ગાળીયો કસી રહી છે.

### બીજાને છેતરીને માલદાર થવા મથતાં હોય તે ગમે તેમ કરી ગજવા ભરી લે

# નફાની લાલચ દઈ લગાવ્યો પોણા ત્રણ કરોડનો ચૂનો

## વેપારીએ રોકાણ કર્યુ અને મિત્રો પાસે પણ રોકાણ કરાવડાવ્યું: ગઠીયો બધાના નાણા ખાઈ ગયો

રાજકોટ, તા. ૧૨

ગઠીયાગીરી, ઠગાઇ, છેતરપીંડી નામ અલગ પણ બધાનો હેતુ એક જ હોય ગામને બૂચ મારી ગજવા ભરવાનો. ઠગાઇના વધુ બે નવા કિસ્સા સામે આવ્યા છે. જેમાં એક બનાવમાં વેપારી અને તેના મિત્રોને ગોલ્ડ, ડાયમંડના વેપારમાં ફાયદો કરાવી દેવાની લાલચ આપી બે કરોડ એંસી લાખનો ચુનો લગાવી દેવાયો હતો. આ મામલે પોલીસે એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી

પ્રથમ ઘટના પર નજર કરીએ તો સુરતના સુશેન રિંગ રોડ પરના સાંઈબાબાના મંદિરે ભંડારામાં મળેલા ગઠિયાએ તરસાલીના વેપારી અને તેમના મિત્રોને ગોલ્ડ અને ડાયમંડના વેપારની લાલચ આપીને રૂા.૨.૮૦ કરોડની ઠગાઈ કરી હતી. આ અંગે મકરપુરા પોલીસ મથકમાં છેતરપિંડીનો ગુનો દાખલ થયો હતો. તરસાલી-સુશેન રિંગ રોડ પર આવેલા હીરાબાગ ડુપ્લેક્ષમાં રહેતા ૫૬ વર્ષિય સંજયકુમાર મહેતા નેક્સોડ મીડિયા પ્રા.લી નામની કંપની ધરાવે છે. સંજયભાઈના જણાવ્યા અનુસાર સુશેન સર્કલ પાસે નિત્યાનંદ કોમ્પ્લેક્ષ પાસે સાંઈબાબાના મંદિર ખાતે યોજવામાં આવેલા ભંડારામાં તેઓ સેવામાં ગયા હતાં. આ દરમિયાન તેમનો પરિચય હરીશભાઈ જાધવ સાથે થયો હરીશભાઈ લુબ્રીકન્ટ ઓઈલનો વેપાર કરતા હતાં.

ત્યારબાદ સંજયકુમારં મુંબઈ ગયા હતાં. જ્યાં રીયલ એસ્ટેટનો વ્યવસાય કરતા મિત્ર અતુલ શાહના મારફતે યુકેના સિટીઝન તેમજ હાલ મુંબઈ રહેતા અને સી.એ દીપેશ મનસુખ ડોડિયા સાથે ઓળખાણ થઈ હતી. દિપેશ ડોડિયાનો પરીચય હરીશ જાધવ સાથે થયો હતો. હરીશ જાધવ વર્ષ ૨૦૨૪માં સંજયભાઈના ઘરે આવીને જણાવ્યું હતું કે, તેઓ સાઉથ આફ્રિકાથી ગોલ્ડ મંગાવી વેપાર કરે છે. જેથી હરીશ જાધવના કહેવાથી દિપેશ ડોડિયા તેમજ હરીશ જાધવે ભાગીદારીમાં ગોલ્ડ તેમજ ડાયમંડનો વેપાર કરવાનું નક્કી કર્યું હતું. ત્યાર બાદ ત્રણેયે મુંબઈ જઈને એપ્પલ ઈન્ટરનેશનલ ઈન કોર્પોરેશન નામની ભાગીદારી પેઢી બનાવી હતી. આ પેઢીમાં




સંજયકુમાર ૭૦ ટકા, દિપેશ ડોડિયા ૧૫ ટકા અને હરીશ જાધવ ૧૫ ટકાના નફાના ભાગીદાર હતાં, આ ટ્રેડનો અનુભવ હરીશ જાધવ ધરાવતા હતા જેથી તેઓ જ તમામ વહીવટ કરતા હતાં.

આ ધંધામાં રોકાણ કરવા દિપેશ ડોડિયાએ પ્રથમ રૂા.૭૦ લાખ રોકડા એપ્રિલ ૨૦૨૪માં સંજયકુમારને આપ્યાં હતાં. જે રૂપિયા તરસાલીના કોટક મહિન્દ્રા બેંકના ખાતામાં ભર્યાં હતાં. હરીશ જાધવને કુલ રૂા.૫૫ લાખ રૂપિયા ગોલ્ડ અને ડાયમંડમાં રોકાણ કરવા આપ્યાં હતાં. હરીશ જાધવને ૧ કરોડનું આંગડિયું કરવાનું હોવાથી તેમાં રૂા.૪૫ લાખ ખુટતા હતા તે દિપેશે પોતાના ખાતામાંથી હરીશને આપ્યાં હતાં. દરમિયાન હરીશે આ રૂા.૧ કરોડની રકમમાં -ોફિટ ઉમેરાઈને કુલ રૂા.૧.૬૫ કરોડ નેક્સોડ મીડિયાના ખાતામાં આવી જશે તેમ જણાવીને રાકેશ પાંડે મારફતે રૂા.૧ કરોડનું આંગડિયું કરાવ્યું હતું. હરીશ જાધવે દીપેશ ડોડિયાને ગોલ્ડ અને ડાયમંડમાં રોકાણની લાલચ આપી હતી.

આ લાલચને આધારે સંજયકુમાર પાસેથી આંગડિયા મારફતે ૧.૬૦ કરોડ, મિત્ર દિપેન્દ્ર જૈન પાસેથી રૂા.૧ કરોડ, તેમજ દિપેશ ડોડિયા પાસેથી રૂા.૨૦ લાખ મળીને કુલ રૂા.૨.૮૦ કરોડ મેળવી આરોપીએ રૂા.૧૫ કરોડનો ડિમાન્ડ ડ્રાટની પીડીએફ તેમજ આરબીઆઈના પેમેન્ટ હોલ્ડ અંગે મેઈલના સ્ક્રિનના ફોટો મોકલીને રૂપિયા પરત નહીં આપીને ઠગાઈ કરનારા હરીશ જાધવ અને રાકેશ ગીરીજાશંકર પાંડે વિરુદ્ધ મકરપુરા પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે. હરીશ જાધવે ફરિયાદી અને તેમના મિત્રો પાસેથી રોકાણના નામે રૂપિયા લીધા હતાં. જ્યારે આ રૂપિયા પ્રોફિટ સાથે રૂા.૧૫ કરોડ થઈ ગયા હોવાનું પણ જણાવ્યું હતું. અને તેનો ડી.ડી પણ તૈયાર થઈ ગયો હોવાની લાલચ આપી હતી. ફરિયાદીએ આ ડીડીને બેંકમાં ભર્યો પણ હતો.

પરંતુ ત્યારબાદ હરીશે આરબીઆઈ દ્વારા પી.એમ.એલ.એ એક્ટ મુજબ પેમેન્ટ હોલ્ડ પર હોવાનું જણાવીને ફરિયાદીને વિશ્વાસમાં લીધા હતાં. હરીશ જાધવે સ્કિમમાં ૨૦ થી ૨૫ ટકાના -ોફિટની લાલચ આપીને ફરિયાદીને મુંબઈના રાકેશ પાંડે પાસે રોકાણ કરાવવા જણાવ્યું હતું. ફરિયાદી પાસે રૂપિયા ન હોવાથી તેમને મુંબઈ ખાતે રહેતા બિલ્ડર દિપેન્દ્ર કુશલચંદ્ર જૈન પાસેથી રૂા.૧ કરોડ બે દિવસમાં પરત આપવાનું જણાવી ઉછીના લીધા હતાં. આ રૂપિયા પણ આરોપીએ ચાંઉ કરી દીધા હતાં. આ કેસમાં આરોપીઓએ આરબીઆઈના બોગસ ડોક્યુમેન્ટનો ઉપયોગ છેતરપિંડી કરવા કર્યો હોવાનું જણાઈ આવ્યું હતું.

---

## મહાદેવવાડીમાંથી 'કીચોડા'ને ક્રાઈમ બ્રાંચે ૧૧ લાખના દારૂ સાથે પકડ્યો

### કારમાં જથ્થો ભરીને નીકળે છે તેવી બાતમી પરથી વોચ રાખવામાં આવી અને કોઠારીયા રોડનો શખ્સ ઝડપાઇ ગયો



રાજકોટ, તા. ૧૨

દારૂની હેરાફેરી કરી રહેલા કોઠારીયા રોડના શખ્સને ક્રાઈમ બ્રાંચે માયાણી ચોક મહાદેવ વાડી પાસે કારમાં દારૂના જથ્થા સાથે પકડી લીધો હતો. કારમાંથી અલગ અલગ બ્રાન્ડનો રૂા. ૧ લાખ ૨૭ હજારનો વિદેશી દારૂ મળી આવતાં દારૂ, કાર, મોબાઇલ મળી કુલ રૂપિયા ૪,૩૨,૨૦૦નો મુદ્દામાલ કબ્જે કરાયો હતો. દારૂ જૂગારની પ્રવૃતિ અટકાવવા ક્રાઇમ બ્રાંચની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યાર કરણભાઇ કોઠીવાળ, અરવિદભાઇ ફતેપરા અને સંજયભાઇ અલગોતરને મળેલી બાતમી પરથી માયાણી ચોક, મહાદેવ વાડી શેરી નં. ૨ પાસે જાહેર શૌચાલયની સામે આવેલ કેયુર એન્ટરપ્રાઈઝ નામની દુકાન નજીક રોડ પર બ્રેઝા કાર નં.જીજે૦૩એલજી-૭૫૧૪ને આંતરી લીધી હતી.

આ કારના ચાલકની પુછતાછ કરતાં પોતાનું નામ પ્રકાશ ઉર્ફ ચીકડો જયસુખભાઇ દુધરેજીયા જણાવ્યું હતું. ૩૭ વર્ષનો આ શખ્સ આસોપાલવ સોસાયટી શેરી નં. ૩, કોઠારીયા રોડ પર રહે છે. કારની ડેકીની તપાસ કરતાં અંદરથી અલગ-અલગ બ્રાન્ડની કુલ ૯૬ નંગ બોટલો મળી આવી હતી. જેની કિંમત રૂ. ૧,૨૭,૨૦૦ ગણી દારૂ, કાર કબ્જે કરી પ્રકાશ ઉર્ફ ચીકડોની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે રોયલ સ્ટગની ૨૪ બોટલ, રોયલ ચેલેન્જની ૪૮ બોટલ, ઓલ સીઝનની ૨૪ બોટલ તેમજ ૩ લાખની કાર, ૫ હજારનો મોબાઇલ કબ્જે કર્યા હતાં. ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી ભરત બી. બસીયાની સુચના અંતર્ગત ઈન્સ. એમ.આર. ગોંડલીયા, એમ. એલ. ડામોર, સી. એચ. જાદવની સુચના અંતર્ગત પીએસઆઇ એસ. વી. ચુડાસમા, અને ટીમે કાર્યવાહી કરી હતી. દારૂ ક્યાંથી લાવ્યો? કોને આપવાનો હતો? તેની તપાસ થઇ રહી છે.

---

### રાજકોટ સાયબર ક્રાઇમ પોલીસના પ્રયાસો પણ રાજ્યની બીજી પોલીસની જેમ નોંધપાત્ર પરંતુ ખાટલે મોટી ખોટ

# સાયબર ફ્રોડ-માછલા સપડાયા જાળમાં, મગરમચ્છો લ્હેરમાં!

## ભાડાના એકાઉન્ટ સાયબર ફ્રોડના નાણા જમા કરાવવા માટે આપી થોડીઘણી રકમ કમાઇ લેનારા ઝડપાઇ ગયા પણ લાખો કરોડો ખાઇ જનારા સુત્રધારો ક્યારે આવશે હાથમાં? સવાલ છે સો મણનો

રાજકોટ, તા. ૧૨

સાયબર ફ્રોડ-નામ સાંભળતા જ અમુક લોકો તો ફફડી ઉઠતા હોય છે. કારણ કે આ ગઠીયાઓએ અમુક નિવૃત વૃધ્ધો સાથે ડીજીટલ એરેસ્ટના નામે એવા એવા ખેલ કર્યા છે કે આવા વૃધ્ધોની મરણમુડી ઠામુકી ઉસેડી લીધી છે. સાયબર ફ્રોડ દેશ દુનિયામાં બધે થાય છે. પણ રાજકોટમાં એવા અમુક ડિજીટલ એરેસ્ટના કિસ્સા પણ બન્યા છે જેમાં એક એક કરોડથી વધુની રકમો ગુમાવી દેવાઇ હતી. હાલ સરકારે સાયબર ફ્રોડ માટે બેંક એકાઉન્ટ ભાડે આપનારાઓ સામે ઝુંબેશ હાથ ધરી મુળીયામાં જ ઘા કરવાની સુચના આપી હોઇ રાજ્યભરની પોલીસ આવા ખાતેદારોને શોધી શોધીને એફઆઇઆર દાખલ કરી ધરપકડો કરવા માંડી છે. રાજકોટમાં એક જ રાતમાં કરોડોના ફ્રોડના નાણાની હેરફેરમાં પોતાના બેંક એકાઉન્ટ ભાડે આપનારા ૧૯ શખ્સો સામે ૬ ગુના દાખલ કરી અમુકને દબોચી લેવાયા છે, નો ડાઉટ કામગીરી સારી છે, પ્રયાસ પણ સારો છે. પરંતુ ખાટલે મોટી ખોટ એ છે કે આવા કેસોમાં મોટે ભાગે નાના માછલાઓ જ એટલે કે એકાઉન્ટ ભાડે આપનારાઓ જ પકડાયા છે, હજુ સુધી મુખ્ય સુત્રધારો સુધી પહોંચી શકાયું નથી. આ જોતાં કહી શકાય કે મગરમચ્છોને લીલાલ્હેર છે!

વિગતો પર નજર કરીએ તો દેશભરમાં રોજબરોજ સાયબર ફ્રોડની ઘટનામાં લોકો લાખો કરોડો રૂપિયા ગુમાવી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય સાયબર માફીયાઓ આ ફ્રોડ માટે ભાડાના બેંક એકાઉન્ટનો કમિશન આપીને ઉપયોગ કરતાં હોવાનું પણ જાહેર થઇ ચુક્ય છે. ત્યારે રાજકોટ શહેર સાયબર ક્રાઇમ પોલીસે આ પ્રકારે ભાડે બેંક એકાઉન્ટ આપી કરોડોના ફ્રોડમાં ભાગ ભજવનારા રાજકોટના ઓગણીસ શખ્સો વિરૂધ્ધ અલગ અલગ છ ગુના દાખલ કરી ધડાધડ તેર શખ્સોને સાણસામાં લઇ પુછપરછ શરૂ કરી સુત્રધાર સુધી પહોંચવા પ્રયાસ આદર્યો છે. પણ સવાલ એ છે કે સુત્રધાર હાથમાં આવશે ખરો? આવશે તો ક્યારે આવશે? કરોડો રૂપિયા ગુમાવનારા રાજકોટીયન્સના નાણા પાછા આવશે ખરા?

વધુ માહિતી મુજબ રાજકોટમાં જે ૧૯ શખ્સો સામે ગુના દાખલ થયા છે તે શખ્સો આર્થિક લાભ માટે, કમિશન માટે પોતાના એકાઉન્ટમાં ફ્રોડના રૂપિયા મેળવી કમિશન ખાઇ સુત્રધાર સુધી નાણા પહોંચાડી દીધા હતાં. ચાઇનીઝ એપ, ગેમીંગ એપ, યુએસડીટીના રૂપિયા ભાડાના એકાઉન્ટ્સમાં ટ્રાન્સફર થતાં હતાં. સાયબર ક્રાઇમ સેલ ગાંધીનગર દ્વારા સાયબર ફ્રોડ અટકાવવા તપાસ શરૂ કરી હતી અને અમુક શંકાસ્પદ બેંક એકાઉન્ટ્સ, તેમાં થયેલા મોટા ટ્રાન્જેકશનની વિગતો ચકાસી હતી. જેમાં રાજકોટના અલગ અલગ ૧૯ શખ્સોના બેંક એકાઉન્ટ્સમાં શંકાસ્પદ વ્યવહારો નજરે ચડ્યા હતાં. આની



તપાસ કરવા સુચના મળતાં જ રાજકોટ સાયબર ક્રાઇમ પોલીસના અધિકારીઓ તેમની ટીમો સાથે કામે લાગ્યા હતાં. આ તપાસ દરમિયાન રાજકોટમાં કેટલાક એકાઉન્ટમાં સાયબર ફ્રોડના રૂપીયા જમાં થયાની જાણકારી મળતાં તુરતજ છ અલગ અલગ ગુના ઓગણીસ શખ્સો સામે દાખલ કરી ૧૩ જેટલાને પુછતાછ માટે ઉઠાવી લીધા હતાં.

હાલ તો પોલીસને આંતરરાજ્ય સાયબર ફ્રોડની ચેઇન તોડવામાં આરંભીક સફળતા મળી છે. પણ સુત્રધારો હાથમાં આવે તેના પ્રયાસ ચાલુ કર્યા હતાં. રાજકોટના જવાહર મેઈન રોડ પર આવેલ બંધન બેંકમાં એકાઉન્ટ ધરાવતા અમિત રવિશંકર બરાસરા (રહે. બજરંગપાર્ક, ન્યુ રેલ્વે ક્રોસીંગ, મોરબી રોડ)ના નામના બે કરંટ એકાઉન્ટ હાઇ જેથી તેમની તપાસ કરતાં તેના એકાઉન્ટમાં રૂ.૯.૭૦ લાખ જમા થયેલ હોય અને તેમાંથી રૂ.૯.૬૦ ચેકથી વિડ્રો કરી લીધેલ હતાં. તેને રૂ.૧૦ હજારની લાલચમાં તેના ઓળખીતા આયુષ મહેશ વ્યાસના મિત્ર વિવેક કમલેશ ગોસાઈ મારફતે સોખડાના ગૌરવરાજસિંહ જાડેજાને આપેલ હતું. તેમજ ગૌરવરાજસિંહ જાડેજા આયુષ વ્યાસ અને વિવેક ગોસાઈને રૂ.૬ હજાર કમિશન આપતો હતો. જે એકાઉન્ટમાં જમા થયેલ ફ્રોડની રકમના કુલ કર્ણાટકના બેંગ્લોરમાંથી અરજદારના કુલ રૂ.૩.૨૮ કરોડ ફ્રોડમાં ગયેલ છે.

બીજા કિસ્સામાં ગુનામાં જામનગર રોડ પર સલ્મ ક્વાર્ટરમાં રહેતાં માનવ વિજય પરમારના એકાઉન્ટમાં ફ્રોડના રૂ.૯ લાખ જમા થયેલ જેમાંથી તેને રૂ.૮.૫૮ લાખ વિડ્રો કરી ઉપાડી લીધેલ છે. જે અંગે તપાસ કરતાં તેને જામનગર રોડ પર હુડકોની બાજુમાં રહેતા રોહન વિનોદ વાઘેલા અને સુમિત દિપક બારૈયા મારફતે લાઇટ હાઉસમાં રહેતાં હાર્દિક રાજેશ પરમાર સાથે મળી રૂપીયા સગેવગે કર્યા હતાં. જે એકાઉન્ટમાં જમા થયેલ ફ્રોડની રકમના કુલ તામિલનાડુ અને મહારાષ્ટ્રના અરજદારના કુલ રૂ.૧૧.૧૬ કરોડ ફ્રોડમાં ગયા છે.

ત્રીજા બનાવમાં મોટા મવા પાસે આવેલ સીતાજી ટાઉનશીપમાં રહેતાં ઉમંગ જયંતીલાલ પિત્રોડાના એકાઉન્ટમાં કુલ રૂ.૪.૨૦ લાખ જમા થયેલનું જાણવા મળતાં આરોપીની તપાસ કરતાં તેને કુલ રૂ.૪.૫૦ લાખ વિડ્રો કરેલ છે. અને તે રૂપીયા અન્ય આરોપી રોહન વિનોદ વાઘેલા (રહે. સલ્મ ક્વાર્ટર, જામનગર રોડ, રાજકોટ) અને સુમિત દિપક બારૈયા (રહે. વાલ્મિકી વાડી, આવાસ ક્વાર્ટર, રાજકોટ) ના મારફતે રાજકોટના ધ્રુવરાજસિંહ જાડેજાને આપેલ છે. જે એકાઉન્ટમાં જમા થયેલ ફ્રોડની રકમના કુલ તેલંગણાના અરજદારના કુલ રૂ.૧.૫૮ કરોડ ફ્રોડમાં ગયેલ છે.

જ્યારે ચોથા ગુનામાં કોઠારીયા મેઈન રોડ પર બાલાજી ફાર્મસી પાસે રહેતાં આયુષ સંજય બગથરિયાના એકાઉન્ટમાં રૂ.૮ લાખ જમા થયેલ અને તેને મિત્ર યુવરાજસિંહ લાલુભા ઝાલાને તે એકાઉન્ટ આપતાં તેને રૂ.૭.૮૦ લાખ ઉપાડી લીધેલ હોવાનું ખુલ્યું છે. જે રૂપીયા ચાઈનીઝ એપ અને ગેમીંગના હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે. પાંચમા ગુનામાં કોઠારીયા રોડ પર મહેશ્વરી સોસાયટીમાં રહેતા નદીમ વલીમામદ મુઢીયાના એકાઉન્ટમાં અલગ અલગ ત્રણ ટ્રાન્ઝેક્શનથી ૫.૫૦ લાખ જમા થયેલા હતા જેમાં તેમને રૂપિયા ૨૫૦૦૦ કમિશન મળેલ હતું અને તે રૂપિયા મવડી ફાયર બ્રિગેડ પાસે રહેતા પાર્થ બારોટ અને ગની અબુ ડાંગશીયા નામના શખ્સે તે રૂપિયા મેળવી લીધેલ હતા.

તેમજ છઠા ગુનામાં દૂધસાગર રોડ પર ગુજરાત હાઉસિંગ બોર્ડમાં રહેતા એજાજ અનવર શેખના એકાઉન્ટમાં અલગ અલગ ટ્રાન્ઝેક્શનથી લાખો રૂપિયા ટ્રાન્સફર થયેલ હતા. જે તેને દૂધસાગર રોડ પર જ રિદ્ધિ સિદ્ધિ સોસાયટીમાં રહેતા નાવેદ રહીમ માણેકિયા નામના શખ્સ સાથે મળી તે રૂપિયા વિથડ્રો કરી લીધા હોવાનું સામે આવ્યું હતું. તે રૂપીયા કેટીટી ગેમીં ગ એપના હોવાનું અને યુએસડીટી ટ્રાન્સફર થયા હતાં. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી સાયબર ક્રાઇમ ચિંતન પટેલના માર્ગદર્શનમાં સાયબર ક્રાઇમના પોલીસ ઇન્સ્પેક્ટર્સ એમ. જે. કૈલા, પીઆઇ બી. બી. જાડેજા, પીઆઇ પી.આર. ડોબરીયા, એસ. ડી. ગીલવા, પીઆઇ આર. જી. પઢીયાર અને ટીમોએ કામગીરી કરી આરોપીઓને પકડ્યા હતાં. જેણે નાણા ગુમાવ્યા છે એ બધાની લાગણી છે કે પોલીસ સુત્રધકાર સુધી પહોંચી મગરમચ્છ સુધી પહોંચી નાણા પાછા અપાવે.

---

### મફતનું ખાવાની ટેવ પડી હોય તે કોઇપણ હદ સુધી જઇ શકે

# નકલી પોલીસે કેસની ધમકી દઈ લાફા ઝીક્યા : ૪૫ હજાર પડાવ્યા

## તું કોને મળવા આવ્યો છો એની અમને ખબર છે કહી કોલર પકડી બગીચામાં લઇ જઇ ફડાકા માર્યાઃ કેસથી બચવું હોય તો પચાસ હજાર દેવા પડશે કહી પિસ્તાલીસો પડાવી લીધાઃ બે નકલી પોલીસમેનને અસલી પોલીસે દબોચ્યા

રાજકોટ, તા. ૧૨

રાજ્યમાં ઠેકઠેકાણે અવાર-નવાર નકલી પોલીસ બનીને અમુક લેભાગુઓ તોડ કરતાં હોય છે. રાજકોટમાં તો એક એવો શખ્સ છે જેવારંવાર નકલી પોલીસ બનીને તોડ કરવા માટે જાણીતો છે. તાજેતરમાં જ તેણે ઉપરા ઉપર આવા બે ગુના આચરતાં પકડાયો હતો. દરમિયાન એક કિસ્સો સામે આવ્યો છે જેમાં એક નકલી પોલીસે એક યુવાન તેની સ્ત્રી મિત્રને મળવા આવ્યો હોઇ તેને તું અહિ કોને મળવા આવ્યો છો એની અમને ખબર છે, તારી ઉપર તો કેસ કરવો પડશે કહીને ડરાવીને પચાસ હજાર માંગ્યા હતાં. છેલ્લે યુવાને ભાઇસાબ બાપા કરતાં તેને લાફા મારી પિસ્તાલીસો રૂપિયા પડાવી લેવાયા હતાં. બે નકલી પોલીસને અસલી પોલીસે દબોચી લઇ પુછતાછ આદરી હતી. યુવાનને નજીકના ગાર્ડનમાં લઇ જઇ લાફા મારી પૈસા લુંટી લેવાયા હતાં.

વિગતો પર નજર કરીએ તો આ ઘટના રામોલમાં બની છે. યુવક તેની સ્ત્રી મિત્ર મળવા આવ્યો હતો આ સમયે બે નકલી પોલીસે ધમકી આપીને પોલીસ સ્ટેશન લઈ જવાનું કહી બાઈક પર બેસાડી સુરેલીયા વિસ્તારમાં ગાર્ડન પાસે લઇ ગયા હતા અને ડરાવી ધમકાવીને કેસ કરવો ન હોય તો પચાસ હજારની માંગણી કરી અને લાફા મારીને રૂપિયા ચાર હજાર પાંચસો પડાવી લીધા હતા. આ બનાવ અંગે રામોલ પોલીસે ગુનો નોંધતાં ઝોન-૫ એલસીબીની ટીમે આરોપીઓની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી છે. કૃષ્ણનગર વિસ્તારમાં રહેતા યુવકે રામોલ પોલીસ સ્ટેશનમાં બે અજાણી વ્યક્તિ સામે ફરિયાદ નોંધાવી છે કે તા.૭ના રોજ સાંજે તે તેની મહિલા મિત્રને સીટીએમ એક્સપ્રેસ હાઈવે પાસેથી મળીને નીકળી રહ્યો હતો. ત્યારે બે શખ્સો આવીને રોકીને તું શું કરતો હતો અમને



સાત લાખની લૂંટમાં બે રીઢા ગુનેગારને પોલીસે દબોચી લીધાઃ જો કે રોકડ માત્ર એકવીસ હજાર જ કબ્જે થઇ

બધી ખબર છે પોલીસ હોવાનું કહીને તારા સામે ગુનો દાખલ કરવાનો છે.

આ પછીતેને ડરાવી કોલર પકડીને બાઈકમાં વચ્ચે બેસાડીને પોલીસ સ્ટેશન જ લઇ જવો પડશે કહીને સુરેલીયા રોડ પાસેના શકરીબા ગાર્ડન પાસે લઇ ગયા હતા. ગુનો દાખલ થાય નહી કરવાનું કહીને કેસથી બચવું હોય પચાસ હજાર આપવા પડશે તેમ કહી પૈસાની માંગણી કરી હતી યુવકે ના પાડતાં લાફા મારીને પિસ્તાલીસો પડાવી લીધા હતા. આ બનાવમાં તપાસ શરૂ થયા બાદ ઝોન-૫ એલસીબીની ટીમને બાતમી મળી જતાં નકલી પોલીસ બનેલા યાસીન અને બીડુની ધરપકડ કરી તેણે બીજા કયા કયા ગુના આચર્યા છે તેની તપાસ શરૂ કરવામાં આવી છે.

લૂંટના અન્ય એક બનાવમાં પોલીસે ગુનો ઉકેલી બે લૂંટારાને પકડી લેતાં તેના રિમાન્ડ મળ્યા હતાં. સલાયામાં વેપારીના સાત લાખ રોકડ ભરેલા થેલાની લૂંટના પ્રકરણમાં પોલીસે આરોપી બેલડીને અમદાવાદથી દબોચી લીધી હતી.જેના પોલીસે સાત દિવસના રીમાન્ડ મેળવી સઘન પુછપરછ હાથ ધરી હતી. આરોપીઓ પાસેથી બે મોબાઈલ તેમજ એક લાખ એકવીસ હજાર જેવી રોકડ રકમ કબજે કર્યા છે. સલાયામાં ગયા મીહને સવારે પોણા નવ વાગ્યા આસપાસમની ટ્રાન્ફરના વેપારી કિરીટ વલ્લભદાસ બદિયાણી પોતાની દુકાનનું તાળું ખોલતા હતા ત્યારે બાજુમાં રાખેલ રોકડ રકમ ભરેલ થેલાને બે આરોપીઓ દ્વારા નજર ચૂકવી અને સરકાવી લઈ હોન્ડા દ્વારા નાસી છૂટેલ હતા.જે મામલે વેપારીની ફરીયાદના આધારે પોલીસે ગુનો નોંધ્યો હતો.

જેની તપાસ દરમિયાન પોલીસ ટીમને ખાનગી બાતમી તથા સાયબર વિભાગના ટેકનિકલ સ્પોર્ટથી આ બંને આરોપીઓને ઝડપી પાડવા અલગ અલગ જગ્યાઓએ તપાસ ટુકડીઓ પહોંચી હતી.જે દરમ્યાન અમદાવાદ નજીકથી પોલીસે બંને આરોપી એજાજ રજાક સંઘાર અને જાકુબ જુનસ સુંભણીયાને ઝડપી પાડયા હતા. જયાર બાદ પોલીસે તેને કોર્ટમાં રજૂ કરતા સાત દિવસના રિમાન્ડ મંજૂર થયા હતા. આ બંને આરોપી પાસેથી બે મોબાઈલ તેમજ એક લાખ એકવીસ હજાર જેટલા રોકડ રૂપિયા કબજે કરાયા હતા. રિમાન્ડ દરમ્યાન બંને આરોપીને સલાયા મરીન પોલીસ દ્વારા રિકનટ્રક્શન કરવા સ્થળ ઉપર લઈ જવામાં આવ્યા હતા. હાલ આ બંને આરોપી રિમાન્ડ ઉપર હોઈ તપાસ ચાલુ છે. ૭ લાખ જેટલી રકમ માંથી માત્ર એક લાખ એકવીસ હજાર જેટલા જ રોકડ રકમ કબજે કરાઇ છે. બાકીના પૈસા બાબતે પોલીસ આકરી પૂછપરછ કરી રહી છે. આ બંને આરોપી પૈકી એક એજાજ રજાક સંઘાર ઉપર અત્યાર સુધીમાં ચૌદ જેટલા ચોરી,મારામારી,મિલકત સબંધી અને શરીર સબંધી તેમજ અન્ય મોટા ગુન્હાઓ નોંધાયા હોવાનુ પોલીસસુત્રોએ જણાવ્યુ હતુ.

### ગજબની ગઠીયાગીરીઃ વૃધ્ધાને માત્ર એકવીસ હજાર ઓનલાઇન આપ્યા પછી કહ્યું-પૈસા નથી થાય એ કરી લો

# ૧૫૦ કરોડની લાલચ દઈ ૬૦ કરોડની જમીન પચાવી

## પોતાની પાસે સાડાસાતસો કરોડની જુની નોટો છે, અધિકારીઓ સાથે વાત ચાલે છે, બદલીને દોઢસો કરોડ આપશે તે તમને આપીશ કહી વૃધ્ધાને છેતરી લીધા

રાજકોટ, તા. ૧૨

ઠગભગતો ગામોગામ પોતાના ગાળીયા થકી લોકોને ફસાવી નાણા ખંખેરતા હોય છે. નવા જુના નુસ્ખાઓનો ઉપયોગ કરી ઠગાઇ કરવાના કિસ્સા રોજે રોજ નોંધાતા રહે છે. એક વૃધ્ધાને માત્ર એકવીસ હજાર ચુકવી ઓગણસાંઇઠ કરોડની જમીન પચાવવાનો કારસો ઘડાયો હતો. જુની નોટો વટાવવાની સ્ટોરી ઘડી આ ફ્રોડ આચરાયું હતું. આ બનાવ પોલીસ સુધી પહોંચતા પોલીસ પણ ચોંકી ગઇ હતી. બીજી તરફ રોકાણના નામે ફાયનાન્સીયલ મેનેજર એક વૃધ્ધના ચોર્યાસી લાખ ખાઇ ગયો હતો. પોલીસે તેને પકડી લીધો છે.

વિગતો પર નજર કરીએ તો સુરતના સિટીલાઇટ વિસ્તારમાં રહેતા સીત્તેર વર્ષીય વૃદ્ધાને જમીન વેચાણના બહાને કરોડો રૂપિયાની છેતરપિંડીનો ભોગ બનવું પડ્યું છે. એક જમીન માફિયાએ આભવા ગામની તેમની જમીનનો ૫૯ કરોડ ૬૧ લાખમાં સોદો કર્યો, સાટાખત અને કબજા કરાર બનાવી માત્ર માત્ર એકવીસ હજાર ટ્રાન્સફર કર્યા અને બાકીના પૈસા ન ચૂકવી જમીન પચાવી પાડી હોવાની ઘટના સામે આવી છે. કરૂણા સાગર સોસાયટી, ઉત્તર ગુજરાત પટેલ નગર, સિટીલાઇટ ખાતે રહેતા સિત્તેર વર્ષીય અંજનાબેન કાંતિલાલ શાહની સુરત જિલ્લાના ચોર્યાસી સબ-ડિસ્ટ્રિક્ટ, મોજે આભવા, રે.સ.નં-૫૦૬ હિસ્સા નં-૧૨ નંબરની જમીન આવેલી છે.

આ જમીન પર પાંડેસરા, તુલસીધામ ટેરેસમાં રહેતા સંજયકુમાર વિઠ્ઠલ અધેરાની નજર પડી હતી. જમીન પચાવી પાડવાના ઈરાદે સંજયકુમારે મે મહિનામાં અંજનાબેન શાહનો સંપર્ક કર્યો હતો. સંજયકુમારે, અંજનાબેનને જણાવ્યું હતું કે તેની પાસે ૭૪૫ કરોડની જૂની ૫૦૦ની બંધ ચલણી નોટો છે, જે વટાવવા માટે ઉચ્ચ અધિકારીઓ સાથે વાતચીત ચાલી રહી છે. તેણે લોભામણી વાત કરી કે તેમાંથી જમીનની કિંમત પેટે ૧૫૦ કરોડની નોટો ૩૫ ટકાના ધોરણે જે કંઈ પેમેન્ટ આવશે તે આપશે, અને તે જ દિવસે જમીનનો રજિસ્ટર દસ્તાવેજ પણ કરાવી આપશે. આ લાલચ આપીને તેણે જમીનનો ૫૯,૬૧,૦૦,૦૦૦માં વેચાણ સોદો કર્યો હતો. બાદ પહેલી મે ૨૦૨૫ના રોજ સંજયકુમારે અંજનાબેન પાસે ૭.૧૧ લાખનો સાટાખત અને કબજા કરાર બનાવી લીધો હતો. જમીન પેટે, અંજનાબેન શાહના બેન્ક ખાતામાં માત્ર ૨૧,૦૦૦ ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા.

જ્યારે બાકીની રકમ રોકડમાં આપવાની ખાતરી આપવામાં આવી હતી.કરાર થયા બાદ આરોપી સંજયકુમારે પોતાનો ફોન બંધ કરી દીધો અને ગાયબ થઈ ગયો હતો. બાદમાં સંપર્ક થતા તે નવી-નવી બહાનાબાજી કરીને સમય પસાર કરતો રહ્યો. નક્કી કરેલ ૫૨.૫૦ કરોડનું પેમેન્ટ ન આપવા ઉપરાંત,જ્યારે અંજનાબેને સાટાખત રદ કરવાની વિનંતી કરી, ત્યારે આરોપી સંજયકુમારે તેમને ધમકી આપી હતી કે, 'પૈસા નહીં મળે, જમીન સોદાના બહાને સાટાખત રદ પણ નહીં કરીએ, જે થાય તે કરી લો. અંતે વૃધ્ધા અંજનાબેન શાહને તેમની સાથે વિશ્વાસઘાત થયો હોવાનો ખ્યાલ આવતા તેમણે પાંડેસરા પોલીસ




**વૃધ્ધના ચોર્યાસી લાખ રોકાણના નામે ચાંઉ થઇ ગયાઃ મેનેજર પકડાયો**

સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પાંડેસરા પોલીસે ગુનો દાખલ કરીને આગળની તપાસ ઇકો સેલ દ્વારા હાથ ધરવામાં આવી હતી.

આ બનાવ સંદર્ભે ઈકો સેલના ડીસીપી કરણસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે અરજદાર ફરિયાદીના કહેવા મુજબ સંજય વિઠ્ઠલભાઈ અઘેરાએ મે મહિનાની આસપાસથી એમનો સંપર્ક કર્યો હતો. સંજય વિઠ્ઠલ અઘેરાએ ફરિયાદીને એવા વિશ્વામાં લીધા હતા કે આરોપી સંજય અઘેરા પાસે ૭૫૦ કરોડ જેટલી કિંમતની જૂની નોટ છે જે ડિમોનેટાઈઝેશન પહેલાની નોટો છે. આ નોટોના બદલામાં તેની ૩૫થી ૪૦ ટકા રકમ નવી નોટ્સ રૂપે આપણને મળશે. તેમણે કહ્યું કે, આ ૭૫૦ કરોડની નોટમાંથી ૧૫૦ કરોડની નોટ હું તમને આપી દઈશ અને તેના જે પૈસા એટલે કે ૬૦થી ૭૦ કરોડ જે મળવાપાત્ર છે, તેની બદલેમાં તમે મને તમારી જમીન આપી દો. ફરિયાદીએ વિશ્વાસના આધારે ૮૪ તાલુકાની અંદર આંબવા ગામની જે જમીન છે તે ૫૯ કરોડમાં વેચવા માટે તૈયાર થયા હતા. જમીન વેચવાના અનુસંધાને ફરિયાદી પાસેથી આરોપીએ જમીનનો સાટાખત કરાર કરાવી લીધો હતો.

વધુમાં જણાવ્યું કે સાટાખત કરાર કરાવ્યા પછી જ્યારે પણ ફરિયાદી નોટ્સ બાબતે કે પોતાની જમીનનો દસ્તાવેજ કરાવીને ૫૯ કરોડ પૈસા આપવા બાબતે જ્યારે પણ અરજદાર ફરિયાદી એમનો કોન્ટેક્ટ કરતા, તો આરોપી એમને ધમકી આપતા હતા. આરોપીએ આ જમીનનું ટાઇટલ બગડી જાય અને ક્લિયર ટાઇટલવાળી જમીન બગડી જાય તે હેતુથી, ફરિયાદી વિરુદ્ધમાં વેચાણ દસ્તાવેજ નથી કરી આપતો એવો ખોટો દાવો પણ દાખલ કરેલો છે. આ બધી હકીકત ધ્યાને રાખીને આરોપી સંજય વિઠ્ઠલભાઈ અઘેરા વિરુદ્ધમાં આઈપીસી/બીએનએસની અલગ અલગ કલમો મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો છે અને ગુનો દાખલ કરવાની સાથે જ આરોપી સંજય વિઠ્ઠલભાઈ અઘેરાની ધરપકડ પણ કરી વિશેષ તપાસ શરૂ કરવામાં આવી છે.

અન્ય એક બનાવમાં ઉધના દરવાજા ખાતે મોતીલાલ ઓસ્વાલ ફાઇનાન્સિયલ સર્વિસીસના મેનેજરે ૮૩.૮૭ લાખની રકમ ચાંઉ કરી જતા મામલો ઉમરા પોલીસમાં પહોંચ્યો છે. પોલીસે ઠગાઈનો ગુનો નોંધી મેનેજરની ધરપકડ કરી છે. અઠવાલાઇન્સમાં રહેતા વૃદ્ધને અલગ અલગ મ્યુચલ ફંડોમાં રોકાણની વાત કરી મેનેજરે અંગત કામમાં વાપરી નાખ્યા હતા. આરોપી દેવાંગ હરીશ ચેવલી અગાઉં આઈસીઆઈસીઆઈ બેંકમાં રિલેશનશીપ મેનેજર હતો. તે સમયે બેંક દ્વારા વૃદ્ધના ઘરે બેંકના કામો માટે મોકલવામાં આવતો હતો. ધીરે ધીરે તેની વૃદ્ધ સાથે ઓળખાણ થઈ અને પછી ઘરના સભ્ય જેવા સંબધો બંધાયા હતા. વૃદ્ધ તેને દીકરાની જેમ જ માનતા હતા.

પછી મોતીલાલ ઓસ્વાલ ફાઇનાન્સિયલ સર્વિસીસમાં મેનેજર દેવાંગ ચેવલીએ નોકરી શરૂ કરી હતી. અઠવાલાઇન્સ આદર્શ સોસાયટીમાં રહેતા ૯૦ વર્ષના વૃદ્ધના એસબીઆઈ બેંકના ખાતામાંથી ૮૩.૮૭ લાખની રકમ ઉપાડી હતી. પછી વૃદ્ધની લાખોની રકમ મેનેજર દેવાંગ ચેવલીએ અલગ અલગ મ્યુચલ ફંડમાં રોકાણ કર્યુ હોવાની વાત કરી હતી. એટલું જ નહીં મેનેજરે તેમને કહ્યું કે પોર્ટફોલીયોમાં તમારા રોકાણની નફા સાથેની રકમ ૧૦ કરોડ ઉપરાંત ચાલી આવેલ છે.

મેનેજરે વૃદ્ધને મ્યુચલ ફંડ તથા એનએસડીએલના બોગસ સ્ટેટમેન્ટ પણ બતાવ્યા હતા. વૃદ્ધની પત્નીનું ૨૦૨૪માં અવસાન થતા તેમના દીકરાઓએ પિતાની રોકાણ કરેલી રકમ બાબતે મેનેજર પાસે વિગતો માંગતા ભાંડો ફુટ્યો હતો. મેનેજરે બોગસ મ્યુચલ ફંડના ડોક્યુમેન્ટો બનાવી વૃદ્ધની ખોટી સહીઓ કરી હતી. પોલીસે જણાવ્યું કે મેનેજર દેવાંગ ચેવલીએ વૃદ્ધની લાખોની રકમ પોતાના ક્રેડિટ કાર્ડમાં મેળવી બાદમાં તેના બેંકખાતામાં લઈ વિડ્રો કરી લીધી હતી. પોલીસે આરોપીની વધુ પુછતાછ હાથ ધરી છે.

### શહેરમાં લુખ્ખાગીરી-બટાઝટીની વધુ બે ઘટના : ભોગ બનનાર બંને આજી વસાહતના

# આમ્બેડકરનગરમાં નવ શખ્સોનો યુવાન પર હુમલો : છરી ઝીકી

## માર મારી એકે કહ્યું-આની પતાવી દેવાનો આદેશ છે, ખર્ચો થાય એ જોયું જશેઃ પછી કહેવાયું આ જીવતો કેમ રહી ગયોઃ ડરીને યુવાનને ગામ મુકવું પડ્યું

રાજકોટ, તા. ૧૨

શહેરમાં રોજબરોજ લુખ્ખાગીરી, બટાઝટી, મારામારીની અને ધાક ધમકીઓની ઘટનાઓ સામાન્ય બની ગઇ છે. ગમે ત્યારે લોકો આવા ગુના આચરી લે છે. દરમિયાન આવા બે કિસ્સા સામે આવ્યા છે જેમાં એક બનાવમાં આજી વસાહત આંબેડકરગનરમાં રહેતો યુવાન મિત્રનો જન્મદિવસ હોઇ તેની સાથે કેક લેવા નીકળ્યો ત્યારે તેને રસ્તામાં આંતરી જુના ડખ્ખાનું સમાધાન કરી લેવાનું કહી છરીથી લોહીલુહાણ કરાયો હતો. તેમજ ખૂનની ધમકી અપાઇ હતી. મહિલાઓ સહિત નવ જણા સામે આ મામલે ગુનો દાખલ થયો છે. આને પતાવી જ દેવાનો છે, ખર્ચો થાય એ ભગોવી લઇશું, આ જીવતો કેમ રહી ગયો? તેવુ કહી ધમકીઓ આપતાં યુવાન પોતાનું ઘર મુકીને નીકળી ગયો હતો. બીજી ઘટનામાં રિક્ષાને ઓવરટેઇક કરવા મામલે રિક્ષાચાલક અને તેના માતા પર હુમલો થયો હતો.

પ્રથમ ઘટના જોઇએ તો આ બનાવમાં થોરાળા પોલીસે ૮૦ ફુટ રોડ આજી વસાહત આંબેડકરનગર-૧૪માં રહેતાં પ્રકાશભાઇ વસંતભાઇ ચાવડા નામના પાંત્રીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી ધવલ હમીરભાઇ મકવાણા, ગીરધર પુંજાભાઇ સોલંકી, ભાવેશ મનુભાઇ સુમેસરા, હમીર મકવાણાના પત્નિ, જયદિપ હમીરભાઇ મકવાણા, જયદીપના પત્નિ, અજયના પત્નિ હમીર મેઘજીભાઇ મકવાણા અને અજાણ્યા વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી છે. પ્રકાશભાઇ પરિવાર સાથે રહે છે અને મજુરી કરી ગુજરાન ચલાવે છે. તેણે ફરિયાદમાં જણાવ્યું છે કે મારા બાપુજી તથા મમ્મી નિવુત જીવન ગાળે છે, મારે બે બહેન છે. અમે સંયુક્ત કુટુંબમાં એકજ મકાનમાં સાથે રહીએ છીએ. મારા પત્નિનું નામ વૈશાલી છે.

તેણે આગળ કહ્યું હતું કે મારે સંતાનમાં એક દિકરો તથા એક દિકરી છે. ગત ચોવીસ અગીયારના રોજ રાત્રીના આશરે નવેક વાગ્યાની આસપાસ મારા મિત્ર કિરીટભાઈ પરમારનો જન્મ દિવસ હોઇ જેથી બાઇક ચલાવીને કેક લેવા જતા હતા ત્યારે રામનગર મેઈન રોડ રેન બસેરા પાસે પહોંચતા ત્યાં ધવલ હમીરભાઈ મકવાણા તથા તેની સાથે કોઈ અજાણયો શખ્સ ઉભા હતાં. અમે ત્યાંથી નીકળતાં આ બંને બાઇક નંબર-૩૪૭૫ લઈને પાછળ આવેલ અને મને ધવલે ગાળો દઇ ઉભા રહેવાનું કહેતાં મેં વાહન ઉભુ રાખ્યું હતું. આથી ધવલે કહેલુ કે-અગાઉના ઝઘડાનું તારે સમાધાન કરવું છે કે નહિ? મે સમાધાન કરવાની ના પાડતા જે એકદમ ઉશકેરાઈ ગયેલ અને મને જેમફાવે તેમ ભુંડી ગાળો બોલવા લાગેલ અને ધમકી આપવા લાગેલ જેથી મે



ગાળો બોલવાની ના પાડતા તેણે પોતાના ફોનમાંથી ફોન કરીને ગીરધર પુજાભાઈ સોલંકી બોલાવેલ અને થોડીવારમાં એક્સેસ નંબર-૨૪૯૫ ગીરધર સોલંકી આવેલ અને જેની પાછળ ભાવેશ સુમેસરા બેસેલ હતો.

આ લોકોએ પણ જ ઉશકેરાઇ જઇ ગાળો દીધી હતી અને બોલવા લાગેલ કે હમીરભાઈ મકવાણા સાથે સમાધાન કરી નાખજે નહિતર હમીરભાઈએ અમને લોકોને કહેલ છે કે આને જાનથી મારી નાખવા, તમામ પ્રકારનો ખર્ચો હું ભોગવી લઈશ. તેમ જણાવી જાનથી મારી નાખવા ધમકી આપી હતી. જો કે મેં તેઓને સમાધાન કરવાની ના પાડતા જેમાંથી મને ભાવેશ સુમેસરાએ પકડી રાખેલ અને ધવલ મકવાણા તથા અજાણ્યા શખ્સે ઢીકાપાટુંનો માર માર્યો હતો. આ વખતે ગીરધર સોલંકીએ નેફામાંથી છરી કા મારા પર ઘા કરવા જતાં મેં પકડી લેતાં બંને હાથમાં ઇજાઓ થઇ હતી. આ પછી અમે ત્યાંથી ભાગીને મારા ઘરે ગયેલ અને મારા પત્નિને બનાવ બાબતે જાણ કરી હતી. આથી મારા પત્નિ મને હોસ્પિટલે લઇ જવા નીકળ્યા હતાં.

**બીજી ઘટનામાં રિક્ષાલક અને તેના બાને ઓવરટેઇક મામલે બે લુખ્ખાએ ઘુસ્તાવીને ધમકી દીધી**

દરમિયાન હમારા ઘર પાસે ચોક છે ત્યાં પહોંચી રીક્ષાની રાહ જોતાં હતાં ત્યારે ત્યાં બાજુમાં હમીરભાઈ મકવાણાનુ મકાન હોઇ જે મકાનની અગાસી ઉપર હમીરભાઈ મકવાણા, તેના પત્નિ, જયદિપભાઈ મકવાણાના પત્નિ, અજયભાઈ મકવાણાના પત્નિ આ ત્રણયના નામ મને ખબર નથી તે તેમજ જયદિપ મકવાણા અગાશી ઉપર હોઇ અને જેમાંથી જયદિપ ફોનમાં કોઈની સાથે વાત કરતો હતો અને કહેતો હતો કે આને કેમ જીવતો રહેવા દીધો? આ પછી આ બધા અગાસીએથી ગાળોદેતાં હોઇ અને મારવાની ધમકી આપતાં હોઇ અમે ત્યાંથી હોસ્પિટલે જવા નીકળી ગયા હતાં.

ત્યાંથી સારવાર લઈને આ લોકો મારી સાથે હજી વધુ ઝગડો કરશે અને મને માર મારશે તેવી બીક લાગતા મારા પત્નિ સાથે મારા મોટા બહેનના ઘરે રહેવા માટે જતો રહેલ હતો અને આ મારી સાથ થયેલા ઝગડા બાબતે મેં મારા મોટા બનેવી રાજુભાઈ બાવજીભાઈ સોલંકીને વાત કરતા જેઓએ મને હિમત આપતાં મેં હવે ફરિયાદ નોંધાવવાનું નક્કી કર્યુ હતું. અગાઉના ઝઘડાનું મને સમાધાન કરવાનું કહેતાં મેં ના પાડતાં ધવલ, ગીરધરભાઇ, ભાવેશ, અજાણ્યો શખ્સ, હમીરભાઇ, તેના પત્નિ, જયદિપના પત્નિ, જયદિપ, અજયના પત્નિ સીહતે ગાળો દઇ તે પૈકી ગીરધરે છરીથી ઇજા પહોચાડી હોઇ અને આ બધાએ મારી નાખવાની ધમકી આપી હોઇ ફરિયાદ કરી હતી. તેમ વધુમાં પ્રકાશભાઇએ કહેતાં થોરાળાના પોલીસ ઇન્સ. એન. જી. વાઘેલાના માર્ગદર્શનમાં હેડકોન્સ. એન. એસ. ડામોરે એફઆઇઆર નોંધી તપાસ શરૂ કરી છે.

બીજી ઘટના જોઇએ તો આજી વસાહત એંસી ફુટ રોડ પર ખોડીયારનગર-૧૪માં રહેતાં દિલીપભાઇ ઉર્ફ મહારાજ શાંતિરામ મોહનદાસ ગોંડલીયા નામના બેતાલીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી બે મોટરસાઇકલના ચાલકો વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો હતો. દિલીપભાઇ ગોંડલીયાએ ફયિરાદમાં જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું અને રિક્ષા હંકારી ગુજરાન ચલાવુ છું. સંતાનમાં મારે એક દિકરો અને એક દિકરી છે. તઓ સાતમી તારીખના રોજ મારા કાકાના દિકરા ગોપાલભાઇ જે ચોટીલા રહેતાં હોઇ તેની દિકરીનો સગાઇ પ્રસંગ હોઇ હું અને મારા માતા સુશીલાબેન, પત્નિ ભાવનાબેન, દિકરી દ્રષ્ટી સહિતને મારી રિક્ષા નં. જીજે૦૩બીએચ-૨૮૨૧માં બેસાડીને સવારે સાડા સાતેક વાગ્યે ચોટીલા ગયા હતાં.

ત્યાંથી સાંજે સાડા ચારેક વાગ્યે પરત રાજકોટ આવવા નીકળ્યા પછી સવા છએક વાગ્યે થોરાળા પોલીસ સ્ટેશનથી આગળ પહોંચ્યા ત્યારે ત્યાં રોડનું કામ ચાલુ હોઇ જેથી ડિવાઇડર પાસેથી ડાયવર્ઝન અપાયુ હોઇ મેં મારી રિક્ષા અમુલ સર્કલ તરફથી આવતાં વાહનોવાળી લાઇનમાં લીધી હતી. બાદમાં ભાવનગર રોડ પર શુભમ્ એન્ટરપ્રાઇઝ સામે રોડ પર પહોંચતા બે અજાણ્યા બાઇકચાલકો મારી પાછળ આવ્યા હતાં અને મારી રિક્ષા સાથે બાઇક અથડાવવાની કોશીષ કરી હતી. જેથી મેં તેના વાહન નંબર જોતાં જીજે૦૩એલસી-૦૧૯૧ હતાં. આથી મેં તેના ચાલકને કહેલું કે ભાઇ આગળ જતાં રહો. જેથી બંને બાઇકના ચાલકને આ ન ગમતાં મને ચાલુ વાહને ગાળો દેવા માંડ્યા હતાં.

મારા પરિવારના સભ્યો સાથે હોઇ મેં રિક્ષા ઉભી રાખી દીધી હતી. આથી આ બંને શખ્સો પણ તેના બાઇ ઉભા રાખી મારી પાસે આવ્યા હતાં અને ફરીથી ગાળો દઇ ઝપાઝપી કરવા માંડ્યા હતાં. આ વખતે મારા માતા સુશીલાબેન વચ્ચે પડતાં તેને આ બંનેએ ઢીકાપાટુ મારી લીધા હતાં. તેમજ એક શ્ખ્સે રોડ પર પડેલો પથ્થર ઉપાડી મને કપાળે ફટકારી દેતાં લોહી નીકળવા માંડ્યું હતું. જેથી મારા માતા, પત્નિ, દિકરીએ રાડારાડ કરતાં લોકો ભેગા થઇ ગયા હતાં. આથી હુમલો કરનારા બંને ચુનારાવાડ ચોક તરફ ભાગી ગયા હતાં.

આ પછી કોઇએ ૧૦૮ બોલાવતાં મને સારવાર માટે ખસેડાયો હતો. જે તે વખતે મારા પરિવારના લોકો ખુબ ગભરાઇ ગયા હોઇ અમે ફરિયાદ કરી નહોતી. હવે સ્વસ્થ થઇ ફરિયાદ નોંધાવવાનું નક્કી કર્યુ હતું. બાઇક ચાલકે ઓવરટેઇક કરવા મામલે અમારી સાથે ગાળાગાળી કરી હતી અને મને તથા મારા માતાને ઢીકાપાટુ મારી મને પથ્થરથી પણ ઇજા કરી હતી. તેમ વધુમાં દિલીપભાઇએ જણાવતાં થોરાળા પોલીસે ફરિયાદ નોંધી હતી. આમ બટાઝટી ધમકીની બે ઘટના સામે આવી હતી. જેમાં બંને ભોગ બનનારા આજી વસાહતના હતાં.

### દામ્પત્ય જીવનમાં સર્જાતા કલેશ કંકાસની આગમાં વધુ બે પરિવારના માળા વિખેરાયા

# દોઢ-બે વર્ષના લગ્ન બાદ બે પરિણીતાએ કર્યા આપઘાત

## લવમેરેજ કરનાર યુવતિને પતિ, દિયરનો ત્રાસ હતો, બીજી પરિણીતાને સંતાન સહિતના પતિ-સાસુ-સસરાનો ત્રાસ હતોઃ બંનેએ લટકીને મોત મેળવ્યા

રાજકોટ, તા. ૧૨

દામ્પત્ય જીવનની શરૂઆત થઇ ન થઇ હોય ત્યાં જ પતિ કે પત્નિ બેમાંથી એકને આપઘાત કરવો પડો તો કેવી હાલત થાય. દંપતિઓ વચ્ચે કજીયા કંકાસ થતા રહેતાં હોય છે. પરંતુ જો સમયસર સમાધાન ન થાય તો માઠા પરિણામ આવતાં હોય છે. દોઢ વર્ષ પહેલા લવમેરેજ કરનાર એક યુવતિએ પતિ, દિયરના ત્રાસને કારણે મરી જવા મજબૂર થવું પડ્યું હતું. તો બીજા બનાવમાં પતિ, સાસુ, સસરાના ત્રાસને લીધે ઓગણીસ વર્ષની પરિણીતાએ મોત વ્હાલુ કરી લીધુ હતું. આ બંને કિસ્સામાં જવાબદાર સાસરીયાઓ સામે પોલીસે એફઆઇઆર દાખલ કરી હતી.

પ્રથમ ઘટના જોઇએ તો વડોદરાના રણોલીની નેન્સીએ ફાંસો ખાઇ જીવન ટૂંકાવ્યું હોવાના બનેલા બનાવમાં તેના પિયર પક્ષે ગંભીર આક્ષેપો કર્યા બાદ પોલીસે નેન્સીના પતિ અને દિયર સામે ગુનો નોંધ્યો હતો. રણોલીના મોટા મહાદેવ ફળિયામાં રહેતા અને ખાનગી નોકરી કરતા ભાવેશ ભુરસિંગ વાદી સાથે ઇન્સ્ટાગ્રામથી સંપર્કમાં આવેલી નેન્સીએ દોઢ વર્ષ પહેલાં ફૂલહાર કર્યા હતા અને સાસરીમાં રહેવા ગઇ હતી. જો કે ત્યારબાદ પતિ અને દિયર જીગર વાદી નાનીનાની વાતોમાં નેન્સી સાથે ઝઘડા કરતા હતા.જે બાબતે નેન્સી તેની માતા અને અન્ય પિયરીયાને વાત પણ કરતી હતી.

દરમિયાન નેન્સીએ પતિ સાથે વાત કરી હતી અને ત્યારબાદ ફાંસો ખાઇ લીધો હતો.પતિએ નેન્સીના પિયરપક્ષને કાંઇક થઇ ગયું છે તે રીતે તેની માતાને જાણ કરતાં માતા-પિતા રણોલી ગયા હતા.પરંતુ ત્યાંથી નેન્સીને સયાજી હોસ્પિટલમાં લઇ જવાઇ હોવાથી ત્યાં સયાજી હોસ્પિટલમાં પહોંચ્યા હતા.જ્યાં નેન્સીનો મૃતદેહ જોવા મળ્યો હતો અને ગળાના ભાગે નિશાન પણ હતા. બનાવને પગલે પિયર અને સાસરી પક્ષ વચ્ચે ઉગ્ર બોલાચાલી પણ થઇ હતી.આખરે નેન્સીના પિતા મુકેશભાઇ સોલંકીએ ફરિયાદ નોંધાવતા જવાહરનગર પોલીસે પતિ અને દિયર સામે આત્મહત્યા માટે દુષ્પ્રરણા બદલ ગુનો નોંધ્યો હતો.




બીજી ઘટના જોઇએ તો બીજો બનાવ અમદાવાદના વસ્ત્રાપુર વિસ્તારમાં બન્યો છે. અહિ સાસરીયા પક્ષના સતત ત્રાસથી કંટાળીને માત્ર ઓગણીસ વર્ષીય પરિણીતા રીના ઉર્ફે રેણુકા રોતે ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું છે. મૃતકના પરિવારે આ આત્મહત્યા માટે જવાબદાર પતિ રાજેશ પરમાર, સાસુ મંજુબેન અને સસરા બળદેવભાઈ પરમારને જવાબદાર ગણી તેમની વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. પોલીસના જણાવ્યા મુજબ, લગ્નના શરૂઆતના છ મહિના બાદથી જ સાસરિયા દ્વારા પરિણીતાને સંતાન ન થવા અને ઘરકામની નાની બાબતોમાં મેણાં-ટોણાં મારીને શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. આથી કંટાળીને રીનાએ પોતાના ઘરમાં લોખંડના એંગલ સાથે કપડાથી ગળેફાંસો ખાઈને અંતિમ પગલું ભર્યું હતું.

આ બનાવમાં પોલીસે આત્મહત્યા માટે દુષ્પ્રેરણાનો ગુનો નોંધીને કાયદાકીય તપાસ શરૂ કરી છે. રીના ઉર્ફે રેણુકાના લગ્ન વર્ષ દોઢ વર્ષ પહેલા રાજેશભાઈ પરમાર સાથે થયા હતા. સાસરિયાના સભ્યો પતિ, સાસુ અને સસરા દ્વારા સંતાન ન હોવાને મુદ્દે છેલ્લા બે વર્ષથી રીનાને સતત હેરાન કરવામાં આવતી હતી. ત્રાસ એટલો વધી ગયો હતો કે રીના થોડા સમય માટે તેના માતા-પિતાના ઘરે રહેવા ગઈ હતી, પરંતુ ત્યાં પણ આરોપીઓ ઝઘડો કરવા પહોંચી ગયા હતા અને દાગીના પાછા માંગ્યા હતા. ત્યારબાદ રીના અને રાજેશ અલગ રહેવા લાગ્યા, તેમ છતાં ત્રાસ ચાલુ રહ્યો હતો. પતિ રાજેશ ઘર ખર્ચના પૈસા પણ આપતા નહોતા અને સાસુ-સસરા ફોન કરીને માનસિક દબાણ લાવતા હતા. મૃતક રીનાના ભાઈ હીરાલાલે પોલીસને આપેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, આત્મહત્યાના દિવસે સવારે રીનાએ તેના પતિ રાજેશ પાસે સ્વેટર લેવા માટે પૈસા માંગ્યા હતા. પગાર ન મળ્યો હોવાનું કહી રાજેશે એક અઠવાડિયા પછી સ્વેટર લઈ આપવાનું કહેતા બંને વચ્ચે બોલાચાલી થઈ હતી.

રાજેશ નોકરી પર ગયા બાદ રીનાએ તકનો લાભ લઈને રૂમમાં ગળેફાંસો ખાઈ લીધો હતો. સાંજે જ્યારે રાજેશ ઘરે પરત ફર્યા અને દરવાજો અંદરથી બંધ જોયો, ત્યારે બારીમાંથી જોતા રીના ગળેફાંસો ખાધેલી હાલતમાં જોવા મળી હતી. રાજેશે દરવાજો તોડીને રીનાને નીચે ઉતારી હતી, પણ ત્યાં સુધીમાં તેનું મોત નિપજ્યું હતું. પોલીસે રીનાના મૃતદેહનું પી.એમ. કરાવીને ત્રણેય આરોપીઓ વિરુદ્ધ કાયદાકીય કાર્યવાહી હાથ ધરી હતી. આમ બે નવોઢાએ પતિ-સાસરીયાના ત્રાસથી કંટાળી મોત વ્હાલા કરી લીધા હતાં.

### આરોગ્ય વિભાગને મળેલી ફરિયાદોના આધારે દસ હોસ્પિટલમાં ચેકિંગ

# જન આરોગ્ય કાર્ડમાં ગેરરીતિ

## ૫૨.૪૯ લાખની પેનલ્ટી : સૌથી વધુ દંડ શાંતિ મલ્ટીપલ હોસ્પિટલ અને ગોકુલ લાઈફ કેરને

રાજકોટ, તા. ૧૨
વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વડાપ્રધાન પદ ગ્રહણ કર્યા બાદ દેશભરના નાગરિકોને મોંઘી સારવાર મફતમાં મળી રહે તે માટે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PMJAY) અમલમાં મુકી છે. ત્યારે, રાજકોટ સહિત રાજ્યની અનેક હોસ્પિટલો દ્વારા આ યોજનાના લાભાર્થીઓ સાથે છેતરપિંડી કરીને ધીકતી કમાણી કરવામાં આવે છે. સામાન્ય બિમારીમા પણ દર્દીઓના ખિસ્સા ચિરી નાખી ધિકતી કમાણી કરનારાં તબીબોએ વડાપ્રધાનના આ માનવતાવાદી પ્રયાસ માં પણ ભ્રષ્ટાચારની ગંગોત્રી શરૂ કરી દીધી છે. આવી ગંગોત્રી માં હાથ ધોવાનો પ્રયાસ કરનારા રાજકોટની દસ ખાનગી અને સંસ્થાઓ સંચાલિત હોસ્પિટલ આરોગ્ય વિભાગની ઝપટે ચડી જતાં એક વર્ષ દરમિયાન ₹. ૫૨.૪૯ લાખની પેનલ્ટી કરવામાં આવી છે.

અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત મોટી રકમની ગોલમાલ ખુલી ત્યારપછી રાજ્ય સરકારના આરોગ્ય વિભાગે હોસ્પિટલો સામે કડક વલણ અપનાવ્યું છે. આ મુજબ રાજ્યભરમાં મહાનગરપાલિકા અને જિલ્લા પંચાયત હસ્તકના આરોગ્ય વિભાગ દ્વારા નિયમાનુસાર સરકારી અને ખાનગી હોસ્પિટલની ચકાસણી સમયાંતરે ચકાસણી કરવામાં આવે છે.

રાજકોટ શહેરમાં પણ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા અલગ અલગ હોસ્પિટલો વિરૂધ્ધ મળેલી ફરિયાદો આધારે ચેકિંગ કરવામાં આવ્યું હતું. ૨૦૨૫ના વર્ષ દરમિયાન શહેરની દસ હોસ્પિટલોએ આ યોજનામાં કરેલી ગોબાચારી ખુલતા કુલ રૂ. ૫૨ લાખ ૪૯ હજાર ૧૩૫ની પેનલ્ટી ફટકારવામાં આવી છે. આમાં સૌથી વધુ શાંતિ મલ્ટી હોસ્પિટલ અને ગોકુલ લાઈફ કેર હોસ્પિટલને પેનલ્ટી કરવામાં આવી છે.




અમદાવાદની ખ્યાતી હોસ્પિટલમાં ગરીબ અને અભણ દર્દીઓને લાવીને એન્જિયોપ્લાસ્ટી સહિતની સારવાર કરીને સરકારની પીએમજેએવાય યોજના અંતર્ગત નાણાંકિય ઉચાપણ કરવામાં આવી હતી. આ પ્રકરણમાં ત્રણ દર્દીઓના મોત નીપજ્યા બાદ આ સમગ્ર પ્રકરણ અને પીએમજેએવાય અંતર્ગત કરાયેલી ગોલમાલ બહાર આવી હતી. આ પછી રાજ્ય સરકાર કડક બની હતી અને રાજ્યની તમામ હોસ્પિટલોનું પીએમજેએવાય અંતર્ગત સમયાંતરે ચેકિંગ કરવા માટે ગાઈડ લાઈન તૈયાર કરીને જિલ્લા પંચાયત અને મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગને આદેશ આપ્યો હતો. આ આદેશ અંતર્ગત દર્દીઓની ફરિયાદ આધારે મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા રાજકોટની અલગ અલગ દસ જેટલી હોસ્પિટલોમાં તપાસ કરવામાં આવી હતી. મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગની તપાસ દરમિયાન અલગ અલગ દસ હોસ્પિટલો દ્વારા પીએમજેએવાયમાં ગેરરીતિ કરવામાં આવી હોવાનું ખુલ્યું હતું . ૨૦૨૫ના વર્ષ દરમિયાન આ તપાસ આધારે આ દસ હોસ્પિટલમાંને રૂ. ૫૨, ૪૯,૧૩૫નો દંડ કરવામાં આવ્યો છે. આમાં ફેબ્રુઆરી માસમાં એક, માર્ચ માસમાં એક, એપ્રિલ માસમાં એક, મે માસમાં ત્રણ, જૂન માસમાં એક અને ઓકટોબર માસમાં ત્રણ હોસ્પિટલોને પેનલ્ટી કરવામાં આવી હતી.

પંચવટી સોસાયટી માં આવેલી જલારામ રઘુકુળ સાર્વજનીક હોસ્પિટલને માર્ચ માસમાં રૂ.૪,૩૧,૪૦૦ અને મે માસમાં ૨૦ હજાર, ગોકુલ લાઈફ કેર હોસ્પિટલને એપ્રિલ માસમાં ૧૩,૫૫,૦૦ અને ઓક્ટોબર માસમાં ૨૭,૬૨૫, આશિર્વાદ હોપિટલને મે માસમાં ૪૦ હજાર , પ્લેકસેસ હોસ્પિટલને જૂન માસમાં રૂ.૩,૨૫,૦૦૦ ગિરીરાજ હોસ્પિટલને ઓક્ટોબર માસમાં ૯૯, ૧૮૫, એચ. જે. દોશી હોસ્પિટલને ઓક્ટોબર માસમાં ૫,૭૫, ૯૨૫, એચસીજી હોસ્પિટલને મે માસમાં ૬૦ હજાર, શાંતિ મલ્ટીપલ હોસ્પિટલને ફેબ્રુઆરી માસમાં ૨૩,૧૫,૦૦૦ની પેનલ્ટી કરવામાં આવી છે.

આ હોસ્પિટલોમાં સીએનજી હોસ્પિટલમાં જોઈન્ટ્સ રીપ્લેશમેન્ટની સારવારમાં, અને કાર્ડિયાક અને ન્યુરોલોજીની સારવારમાં ગેરરીતિ બદલ ગોકુલ હોસ્પિટલને દંડ કરાયો હતો આ અગાઉ ગોકુલ હોસ્પિટલનું લાયસન્સ છ માસ માટે સસ્પેન્ડ કરાયું હતું. ક્રાઈસ્ટ હોસ્પિટલનો કાર્ડિયાક વિભાગ છ માસ માટે તેમજ, યુનિકેર હોસ્પિટલનો કાર્ડિયાક વિભાગ એક માસ માટે સસ્પેન્ડ કરાયો હતો.

# આરોગ્ય-વાઈબ્રન્ટ મુદ્દે પ્રભારી સચીવ રાહુલ ગુપ્તાની બેઠક

## ડેપ્યુટી કલેકટર-મામલતદારોના કામની કરી સમીક્ષા



રાજકોટ, તા. ૧૨
રાજકોટ વાઈબ્રન્ટ કોન્ફરન્સ ની તારીખ જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ સરકારના ટોચના અધિકારીઓ રાજકોટની મુલાકાતે આવી રહ્યા છે ત્યારે ગઈકાલે રાજકોટ જિલ્લા પ્રભારી સચિવ રાહુલ ગુપ્તા રાજકોટ દોડી આવ્યા હતા અને કલેક્ટર કચેરી ખાતે મામલતદાર અને ડેપ્યુટી કલેક્ટરો સાથે ખાસ બેઠક યોજી હતી અને કરાયેલી કામગીરીની સમીક્ષા પણ હાથ ધરવામાં આવી હતી. કલેકટર વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર આ બેઠકમાં મુખ્યત્વે આરોગ્ય તથા ટીબી નિવારણ ઝુંબેશને વધુ વેગ આપવા માટે જણાવ્યું હતું સાથો સાથ સરકારી યોજનાઓ સહિત કામગીરીનો રિપોર્ટ મેળવ્યો હતો. એટલું જ નહીં આગામી કાર્યક્રમો અંગેની માહિતી પણ પ્રભારી સચિવ દ્વારા અધિકારીઓને આપવામાં આવી હતી.

વાઈબ્રન્ટ રાજકોટ કોન્ફરન્સ જળવાઈ રહે અને કોઈ પણ પ્રશ્ન ઉભા ન થાય તે માટેની તૈયારીઓ શરૂ કરવા અને યોગ્ય વ્યવસ્થા ઉભી કરવા જણાવ્યું છે. આ ઉપરાંત મતદાર યાદી સુધારણા કાર્યક્રમ (એસઆઈઆર)ની કામગીરીના મુદ્દે પણ જીલ્લા કલેકટર ડો. ઓમપ્રકાશ સાથે ચર્ચા કરી હતી. અહીં એ ઉલ્લેખનીય છે કે મતદાર યાદી સુધારણા કાર્યક્રમની મુદત ચૂંટણીપંચ દ્વારા લંબાવી દેવામાં આવી જેના પગલે એસઆઈઆરની કામગીરી કરતા બીએલઓ અને ચૂંટણી વિભાગના અધિકારીઓને રાહત થવા પામી છે. પરંતુ હાલ રાજકોટમાં અનેકવિધ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે સામે ડિમોલિશન અને જે દબાણ થઈ રહ્યા છે તેને દૂર કરવા હાલ કલેકટર વિભાગ નિષ્ફળ ન થાય તે માટે જરૂરી માર્ગદર્શન પણ પ્રભારી સચિવ દ્વારા અધિકારીઓને આપવામાં આવ્યું.

આગામી દિવસોમાં પણ હાલ ગાંધીનગર અને દિલ્હીના ટોચના અધિકારીઓ રાજકોટમાં ધામા નાખે તેવું જણાઈ રહ્યું છે કારણ કે ૧૦ તારીખે વાઈબ્રન્ટ કોન્ફરન્સ શરૂ થવાની છે અને વડાપ્રધાન મોદીનો રોડ શો પણ યોજવા માટેની કવાયત હાથ ધરવામાં આવી છે ત્યારે વાઈબ્રન્ટ સમિટમાં વડાપ્રધાન નું રાજકોટ આવું તે પણ અત્યંત મહત્વપૂર્ણ મનાઈ રહ્યું છે. હાલ તમામ તૈયારીઓ ઉપર મુખ્ય સચિવની સાથોસાથ વિવિધ વિભાગના મંત્રીઓ પણ સતત દેખરેખ રાખી રહ્યા છે અને ઉતરોતર કામગીરી નો રિપોર્ટ પણ લેવામાં આવી રહ્યો છે. આ વાઈબ્રન્ટ કોન્ફરન્સ સૌરાષ્ટ્ર કચ્છ માટે અત્યંત મહત્વની પુરવાર થશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

### વાઈબ્રન્ટ રિજનલ કોન્ફરન્સ સરકારનો નવતર અભિગમ

# ફિશરીઝ પોર્ટ ધોલેરા ટૂરિઝમ જેવા ક્ષેત્રોમાં સહયોગ માટેની તકો

## VGRC પાર્ટનર કન્ટ્રી બનવાના ફાયદાઓ, નેટવર્કિંગ, લોજિસ્ટિક સપોર્ટ વિષયક વાર્તાલાપ કરાયો

રાજકોટ, તા. ૧૨
વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનમાં ૨૦૦૩થી શરૂ થયેલી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટથી ગુજરાત ગ્લોબલ ઈન્ડસ્ટ્રીયલ મેપ પર અગ્રેસર બન્યું છે. એટલું જ નહીં, વિશ્વભરના ઉદ્યોગ-રોકાણકારો માટે ગેટ-વે ટુ ધી ફ્યુચરની વિશેષ ઓળખ ગુજરાતે ઊભી કરી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાનશના દિશા દર્શનમાં મળેલી આ સફળતાને પગલે રાજ્યના વિવિધ પ્રદેશોની આગવી વિશેષતાઓ, ક્ષમતાઓ અને આર્થિક વિકાસ સંભાવનાઓને ઉજાગર કરવા વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સના આયોજનનો નવતર અભિગમ અપનાવ્યો છે.

રિજનલ બેલેન્સ્ડ ડેવલપમેન્ટ અને ઈન્કલુઝિવ ગ્રોથ માટેની દિશા દર્શક આ વી.જી.આર.સી.ની ચાર એડિશન રાજ્યમાં યોજવાના આયોજન રૂપે આગામી ૧૦ થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન સૌરાષ્ટ્ર-કચ્છ પ્રદેશની વી.જી.આર.સી. રાજકોટમાં યોજાવાની છે. આ વી.જી.આર.સી.માં દેશ-વિદેશના રોકાણકારોને આકર્ષિત કરવા માટે તેમની સમક્ષ વી.જી.આર.સી.ની વિશેષતાઓની પ્રસ્તુતિ અને વિકાસ સંભાવના ધરાવતા સેક્ટર્સ અંગે ચર્ચા મંથન માટે રાજ્ય



સરકાર દ્વારા નવી દિલ્હીમાં ચર્ચા સંવાદ સત્રનું શુક્રવાર ૧૨મી ડિસેમ્બરે આયોજન કરવામાં આવ્યું હતું . પ્રાદેશિક આકાંક્ષાઓ, વૈશ્વિક મહત્વાકાંક્ષાઓ સાથે અનુરૂપ અને ઈન્કલુઝિવ, ઈનોવેટિવ અને સસ્ટેનેબલ ઈકોનોમીઝ માટે ગુજરાતની વિશેષતાઓ આ સંવાદ સત્રમાં પ્રસ્તુત કરવામાં આવી હતી.

ખાસ કરીને ફિશરીઝ, પોર્ટ્સ, ધોલેરા એસ.આઈ.આર., ટૂરિઝમ જેવા ક્ષેત્રોમાં સહયોગ માટેની તકો પર અર્થપૂર્ણ સંવાદ અને બી ટુ બી માટેની સંભાવનાઓ અંગે વિસ્તૃત ચર્ચા પરામર્શ થયા હતા. તેમજ વી.જી.આર.સી.માં પાર્ટનર કન્ટ્રી બનવાના ફાયદાઓ, નેટવર્કિંગ, લોજિસ્ટિક સપોર્ટ વિષયક વાર્તાલાપ કરવામાં આવ્યો હતો. મહેસાણામાં ઉત્તર ગુજરાત પ્રદેશની પ્રથમ વી.જી.આર.સી.ને મળેલી સફળતા અને ૩.૨૪ લાખ કરોડના રોકાણ એમ.ઓ.યુ.ની વિગતો આ ચર્ચા સત્રમાં ઉદ્યોગ કમિશનર શ્રી પી.સ્વરૂપે આપી હતી.

આ સંવાદમાં રશિયા, ઈઝરાયલ, સિંગાપોર, યુ.એ.ઈ., ઈન્ડોનેશિયા, ન્યુઝીલેન્ડ, ફિનલેન્ડ, કેનેડા, શ્રીલંકા, ઓમાન, આઈસલેન્ડ, ગુયાના, રવાન્ડા, સાઉથ આફ્રિકા, કતાર, તાંઝાનિયા, યુગાન્ડા, ઉઝબેકિસ્તાન સહિત ૨૦થી વધુ દેશોના વિદેશી મિશન અને દૂતાવાસોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. ભારત સરકારના ઉર્જાઈઝના સંયુક્ત સચિવ, મત્સ્યઉદ્યોગના સંયુક્ત સચિવ અને ઈન્વેસ્ટ ઈન્ડિયાની રાજ્ય સુવિધા ટીમ તથા ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના અગ્ર સચિવ શ્રીમતી મમતા વર્મા, આર્થિક બાબતોના સચિવ આરતી કંવર, સચિવ સંદીપ કુમાર, ઉદ્યોગ કમિશનર પી. સ્વરૂપ, પ્રવાસન સચિવ ડો. રાજેન્દ્ર કુમાર, ગુજરાત મેરીટાઈમ બોર્ડના ઈઊઘ રાજકુમાર બેનીવાલ, રેસીડેન્ટ કમિશનર અને મુખ્યમંત્રીના સચિવ ડો. વિક્રાંત પાંડે અને ધોલેરા SIRના CEO કુલદીપ આર્ય ઉપસ્થિત રહ્યાં હતા.

# મનપાની તિજોરી તળિયા જાટક : ૧૮૦ કરોડનું ગાબડું

## ટેક્સનો ટાર્ગેટ પૂરો થાય તો પણ FSI અને આવાસ યોજના સહિતના વિભાગોની ખોટ તિજોરી છલકાવી ન શકે તેવી હાલત વચ્ચે નવા વર્ષના બજેટની તૈયારી



રાજકોટ, તા. ૧૨
રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ ના બજેટમાં મુકાયેલા આવકના અંદાજો પુરાં કરતાં તંત્રના મોંઢે ફિણ આવી જાય તેમ છે. નાણાંકિય વર્ષ પુરું થવામાં ત્રણ મહિના જ બાકી છે અને મહાનગર પાલિકાના અધિકારીઓ નવા વર્ષ ૨૦૨૬-૨૭ ના બજેટની તૈયારીમાં જોતરાઈ ગયા છે ત્યારે બીજી બાજુ આવકમાં ૧૮૦ કરોડનું ગાબડું હોવાનું જાહેર થતાં ખાતું સરભર કરવા તંત્રની ઉંઘ ઉડી ગઇ છે .

મહાનગરપાલિકાના મહેસૂલી ખર્ચ સામે આવકના મહત્વના સ્ત્રોત એવાં એફ એસ આઈ, આવાસ યોજના, જમીન વેચાણ સહિતની મહત્વની આવકોમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે .સરકારી અને મહાનગરપાલિકાનાં કાર્યક્રમમાં વ્યસ્ત અધિકારીઓ અને કર્મચારીઓ લાંબા સમયથી પોતાની મુળ કામગીરી અને જવાબદારી ભુલી ગયા છે. બીજી બાજુ ટીઆરપી અગ્નિ કાંડ પછી અધિકારીઓ અને કર્મચારીઓ છાશ પણ ફૂંકી ફૂંકીને પીતા હોય તેમ જેટલી જવાબદારી કે કામગીરી સોંપવામાં આવે એટલી જ કરે છે.

પરિણામે એફ એસ આઈ ની ₹ ૯૯ કરોડ, આવાસના હપ્તા પેટે ₹ ૭૯ કરોડની આવક હજી અદ્ધરતાલ છે. બીજી બાજુ ₹ ૨૦૦ કરોડના આવાસ ફાળવણી કર્યા વગર મહાનગરપાલિકા માટે ઘર જમાઈની જેમ ખાલી પડેલા છે.ઉલ્લેખનીય છે કે એસ આઈની આવકના ₹ ૨૦૦ કરોડના લક્ષ્યાંક સામે હજુ સુધી માંડ ₹ ૭૯. ૫૯ ની આવક થઈ છે. આવાસ યોજના હેઠળ જે લાભાર્થીઓને આવાસની ફાળવણી કરી દેવામાં આવી હોય છતાં નિયમાનુસાર હપ્તા ભરપાઈ થયાં ન હોય ₹ ૧૩૫ આવક પણ ગોટાળે ચડેલી છે .

બીજી બાજુ મહાનગરપાલિકાની આર્થિક કરોડરજ્જુ જેવી મિલકત વેરાની આવકના ₹ ૪૫૪ કરોડના લક્ષ્યાંક સામે ₹ ૩૦૦ કરોડની આવક થઈ ગઈ છે. જાન્યુઆરી માસથી બાકી મિલકતોનો વેરો વસૂલવા, વેરા વસુલાત શાખા દ્વારા સિલિંગ અને જપ્તી ઝુંબેશ શરૂ થવાની હોય માર્ચ અંત સુધીમાં ટાર્ગેટ પૂરો થઈ જશે તેવો દાવો કરવામાં આવે છે જો ટેક્સ વિભાગ તેનો ટાર્ગેટ પૂરો કરે તો પણ મહાનગરપાલિકાની તિજોરી ઓક્સિજન ઉપર જ રહે તેવી સ્થિતિ છે.

